CMYK

Website : www.rakhewaldaily.com

Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : ૩૫ ● અંક : ૧૮૯
તા.૧૩-૦૮-૨૦૧૯, મંગળવાર
સંવત ૨૦૭૫ શ્રાવણ સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૪ સૂર્યાસ્ત : ૦૭:૧૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૨૭.૪ | વડોદરા | ૨૮.૪ |
| અમદાવાદ | ૨૬.૯ | સુરત | ૨૮.૬ |
| ગાંધીનગર | ૨૭.૬ | નલિયા | ૨૮.૦ |

ચાંદી : ૪૧,૫૦૦ સોનું : ૩૬,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71

Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...







# ગુજરાતમાં ત્રાસવાદી હુમલાની દહેશત

## પેટ્રોલિંગ વધારાયું : ગુજરાતમાં પ્રવેશના તમામ માર્ગો પર નાકાબંધી : ધાર્મિક સ્થળો, એરપોર્ટ, રેલવે, એસટી બસ સ્ટોપ સહિતના જાહેર સ્થળો પર સુરક્ષા વધુ મજબૂત

અમદાવાદ

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવ્યા બાદ અને તા.૧૫મી ઓગસ્ટને અનુલક્ષીને દેશભરના રાજ્યોને એલર્ટ કરવામાં આવ્યા છે. આઈબીને મહત્વના ઈનપુટ મળ્યા છે કે, ગુજરાત અને મહારાષ્ટ્રમાં આતંકી હુમલો થઈ શકે છે. આ સંદર્ભે આઈબીએ ગુજરાત સરકારને રિપોર્ટ સોંપ્યો છે. આતંકી હુમલાના આશંકાને લઈ દરિયાઈ વિસ્તારોમાં પેટ્રોલીંગ વધારી દેવામાં આવી છે. અમદાવાદ સહિત રાજયભરમાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા જબરદસ્ત ચેકીંગ અને સતત પેટ્રોલીંગ ચાલી રહ્યા છે. રાજય સરકાર અને ડીજીપી તરફથી



આ અંગે સઘન સુરક્ષા અને બાજનજરના નિર્દેશો જારી કરી દીધા છે. ઈન્ટેલિજન્સ બ્યૂરોએ ગુજરાતના મહત્વના સ્થળો પર આતંકી હુમલાની આશંકા વ્યક્ત કરી છે. આગામી તા.૧૫મી ઓગસ્ટ તથા પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોવાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સોમનાથ મંદિર, અંબાજી મંદિર, દ્વારકા સહિતના યાત્રાધામ અને બોર્ડર તથા દરિયાઈ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જયારે ગુજરાતમાં પ્રવેશના તમામ માર્ગો પર ઠેર ઠેર નાકાબંધી કરીને વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે, તેમજ અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં પણ પોલીસ પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ કોઈપણ પ્રકારની ભાંગફોડ પ્રવૃત્તિ બને તે તેને ધ્યાનમાં રાખીને પોલીસ સતર્ક બની ગઈ છે. ખાસ કરીને જાહેર સ્થળો પર સુરક્ષા બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. બીજીતરફ કચ્છ ભુજ બોર્ડર પર પણ ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જયારે કોસ્ટ ગાર્ડને પણ એલર્ટ રહેવાના આદેશો આપીને દરિયાઈ પણ વધારી દેવામાં આવી છે.

## જમ્મુ કાશ્મીરમાં સાત આત્મઘાતી બોંબરો ઘુસી ગયાના અહેવાલો

શ્રીનગર

સ્વતંત્રતા દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે જમ્મુ કાશ્મીરમાં ખતરનાક ઈરાદા સાથે ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદના સાતથી વધુ આત્મઘાતી બોંબરો ઘુસી ગયા હોવાના અહેવાલ મળ્યા છે જેથી જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. કલમ ૩૭૦ની નાબૂદી બાદથી જમ્મુ કાશ્મીરમાં પહેલાથી જ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. કોઈપણ ખતરાને પહોંચી વળવા માટે સુરક્ષા દળો વધારે સજ્જ દેખાઈ રહ્યા છે. મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો હજુ પણ મોરચા સંભાળી ચુક્યા છે. ત્રાસવાદીઓ કોઈપણ મસ્જિદને ટાર્ગેટ બનાવી શકે છે. મુસ્લિમ દેશોને ઉશ્કેરવાના પ્રયાસ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન દ્વારા કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ આતંકવાદીઓની ઘુસણખોરીના અહેવાલ ખુબ જ ચિંતાજનક દેખાઈ રહ્યા છે. જૈશના સાત ત્રાસવાદીઓની ટોળકી બનિહાલના દક્ષિણ અને પીરપંજાલ પહાડી વિસ્તાર મારફતે ઘુસણખોરી કરી ચુકી છે. આ શખ્સોએ રાજૌરી અને પુંજમાં ઘુસણખોરી કરી હોવાના અહેવાલ મળ્યા છે. ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદના સાત આત્મઘાતી ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘુસી ગયા હોવાના હેવાલ મળ્યા છે. આની સાથે જ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. તમામ શકમંદો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ઘુસણખોરી કરી ગયેલા આત્મઘાતી ત્રાસવાદીઓ સ્વતંત્રતા દિવસના પ્રસંગે મોટા હુમલાને અંજામ આપી શકે છે. સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

### વિચાર વૈભવ...

એક નેતા ફૂટબોલની મેચ જોવા ગયા. ચાલુ મેચ જોતાં જોતાં જ એમની આંખમાં આંસુ આવી ગયા. એમના સેક્રેટરીએ એમને પૂછ્યું, 'સર, આપ રડો છો ?' 'હા' 'પણ કારણ કાંઈ ?'

'આપણો દેશ આટલો બધો ગરીબ છે એની ખબર મને આજે પડી. એક જ બોલ પાછળ ૨૨/૨૨ ખેલાડીઓને ભાગવું પડે એ કરુણતા જ કહેવાય ને ? દિલ્લી જઈને હું દરેક ખેલાડીને એક એક બોલ મળી જાય એવી વ્યવસ્થા ગોઠવી દેવા પ્રયાસ કરું છું.'

લાયકાત હોવા છતાં પદ ન મળે એમાં કોઈ નુકસાન નથી, પણ લાયકાત ન હોવા છતાં પદ મળી જાય એમાં તો નુકસાનીનો પાર નથી અને કમાલની વાસ્તવિકતા આજના કાળે એ સર્જાઈ છે કે લાયકાત વિકસાવવા તરફ આંખ મીંચામણાં ચાલુ છે અને પદની પ્રાપ્તિ માટે સહુ કેસરિયાં કરી રહ્યા છે. પેટ બગડેલું છે અને પેટમાં ગુંદરપાક પધરાવવાની હોડ લાગે છે. પેટનું શું થાય, એ કોઈને ય પૂછવા જવાની જરૂર નથી. જગતની વાત જવા દો. જાત તરફ નજર રાખો. લાયકાત વિકસાવતા જાઓ. વગર પદે પણ જીવન ગૌરવપ્રદ બન્યા વિના નહીં રહે !

- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

### સાર સમાચાર...

#### બીજી વનડે મેચ : વિન્ડીઝ ઉપર ભારતની રોચક જીત

પોર્ટ ઓફ સ્પેન

કેપ્ટન વિરાટ કોહલીની શાનદાર સદી અને ત્યારબાદ ઝડપી બોલર ભુવનેશ્વર કુમારની ઘાતક બોલિંગની મદદથી ભારતે વેસ્ટ ઈન્ડિઝ પર બીજી વનડે મેચમાં જીત મેળવી હતી. ભારતે કવીન્સ પાર્ક ઓવલ ખાતે રમાયેલી વરસાદગ્રસ્ત મેચમાં વેસ્ટ ઈન્ડિઝ પર ૫૯ રને જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૨૮૦ રન બનાવ્યા હતા. જો કે વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સ દરમિયાન જ્યારે ૧૨.૫ ઓવરની રમત થઈ હતી ત્યારે વરસાદ વિઘ્ન બન્યો હતો. જેના કારણે રમત રોકી દેવાની ફરજ પડી હતી. ત્યારબાદ ડકવર્થ લુઈસ પદ્ધિતીનો ઉપયોગ કરીને ટાર્ગેટમાં સુધારો કરવામાં આવ્યો હતો.

## પાંચમીએ જીઓ ગીગાફાઇબરની શરૂઆત

### વાર્ષિક બેઠકમાં રિલાયન્સના વડા મુકેશ અંબાણીની અનેક જાહેરાત

નવીદિલ્હી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીએ આજે કંપનીની વાર્ષિક બેઠકમાં અનેક મોટી જાહેરાત કરી હતી. સૌથી મોટી જાહેરાત જીઓ ગીગાફાઈબરના લોન્ચિંગને લઈને કરવામાં આવી હતી. અંબાણીએ એકબાજુ જીઓ ગીગાફાઈબરના પેકેજ અને લોન્ચિંગ ડેટની જાહેરાત કરી હતી. બીજી બાજુ એમઆર અથવા તો મિક્સ્ડ રિયાલીટી, સેટઅપ બોક્સ સહિત અન્ય અનેક જાહેરાતો પણ કરી હતી. મુકેશ અંબાણીએ જાહેરાત કરતા કહ્યું હતું કે, જીઓ ગીગાફાઈબરની કોમર્શિયલ લોન્ચિંગ ૫મી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવશે. જીઓ ગીગાફાઈબરના પ્લાનની શરૂઆત ૭૦૦ રૂપિયા સાથે થશે અને આની રેંજ ૧૦૦૦૦ રૂપિયા સુધીની રહેશે. કંપની પાંચમી સપ્ટેમ્બરના દિવસે જ જુદા જુદા પ્લાનની પણ જાહેરાત કરી દેશે. જીઓ ગીગાફાઈબરના સૌથી ઓછા કિંમત વાળા પ્લાનમાં યુઝરોને ૧૦૦ એમબીપીએસ સ્પીડ આપવામાં આવશે જ્યારે તેના પ્રિમિયમ પેકમાં આ સ્પીડ એક જીબીપીએસ સુધી રહેશે. હજુ સુધી ભારતમાં ફિક્સ્ડ બ્રોડબેન્ડ કનેક્શનમાં સરેરાશ ડાઉનલોડ સ્પીડ ૨૬.૪૯ એમબીપીએસ છે જ્યારે અપલોડ સ્પીડ ૨૧.૯૧ એમબીપીએસ છે. રિલાયન્સ જીઓ ગીગાફાઈ બરની વાર્ષિક પેકેજ (જીઓ ફોરએવર એન્યુઅલ પ્લાન) લેનાર ગ્રાહકોને એચડી ચાર કે એલઈડી ટેલિવિઝન સેટ અને ચાર કે સેટઅપ બોક્સ ફ્રીમાં આપવામાં આવશે. ૭૦૦ રૂપિયાના સૌથી નાના પેકમાં યુઝરને લાઈફટાઈમ ફ્રી વોઈસ કોલ અને હાઈસ્પીડ ઈન્ટરનેટ મળશે. એટલે કે યુઝરને માત્ર ડેટાના પૈસા ચુકવવા પડશે.

## ચંદ્રયાન-૨ ૨૦ ઓગસ્ટે ચંદ્રની પાસે પહોંચી જશે

નવી દિલ્હી

ભારતના મહત્વકાંક્ષી ચંદ્રયાન-૨ ચંદ્રની કક્ષામાં ૨૦મી ઓગસ્ટના દિવસે પ્રવેશ કરી જશે. ત્યારબાદ ૭મી સપ્ટેમ્બરના દિવસે તે ચંદ્રની સપાટી ઉપર ઉતરાણ કરશે. આ અંગેની માહિતી આજે ભારતની અંતરિક્ષ સંસ્થા ઈસરોના વડા ડોક્ટર કે સિવાન દ્વારા આપવામાં આવી હતી. મિડિયા સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, ચંદ્રયાન આગામી બે દિવસમાં જમીનની કક્ષાથી છોડીને આગળ વધી જશે.

## ગુજરાતમાં વરસાદનું જોર ઘટતાં હાશકારો : ૫૧ જળાશય એલર્ટ પર

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદનું જોર ઘટ્યું છે પરંતુ અનેક વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે જે પૈકી ભાવનગરમાં એક ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. ધોલેરા હાઈવે આજે સતત ત્રીજા દિવસે પણ બંધ રાખવામાં આવ્યો છે. બીજી બાજુ સુરેન્દ્રનગરમાં ભોગાવો નદીમાં ડુબવાથી બેના મોત થયા હતા. આની સાથે જ વરસાદ સંબંધિત બનાવોમાં મોતનો આંકડો ગુજરાતમાં વધ્યો છે. મોતનો આંકડો ગુજરાતમાં ૩૫ ઉપર પહોંચ્યો છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ માટે હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની ચેતવણી દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, દમણ દાદરાનગર હવેલીમાં રાખવામાં આવી છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં પણ ભારે વરસાદ પડી શકે છે. હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાનો દોર જારી રહી શકે છે. ગુજરાતમાં વરસાદી માહોલ હાલમાં જામેલો છે. આવી સ્થિતિમાં તંત્ર પણ સંપૂર્ણપણે સજ્જ થયેલું છે. બીજી બાજુ હાલમાં જે વિસ્તારમાં પુરની સ્થિતિ સર્જાઈ હતી ત્યાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. ૫૧ જળાશયો હાઈએલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે અત્યાર સુધીમાં ચોમાસાની સીઝનનો કુલ ૮૪ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

### ગતકડું....

- દેવન વ્યાસ



આપણી યુવાની તો ડીગ્રી લેવા અને નોકરી શોધવામાં જ પુરી થઈ જાય છે !

## દ્વિપક્ષીય મતભેદ ઉપર કોઇ વિવાદ થવા જોઇએ જ નહીં

નવી દિલ્હી

કાશ્મીર મામલા ઉપર ભારત અને પાકિસ્તાન વચ્ચે જોરદાર ખેંચતાણ જારી છે ત્યારે ચીનને શાંતિ જાળવી રાખવાની અપીલ કરી છે. બીજી બાજુ ચીને પણ જમ્મુ કાશ્મીરના મામલામાં પાકિસ્તાનને પરોક્ષરીતે ફટકો આપી દીધો છે. દ્વિપક્ષીય મતભેદો ઉપર વિવાદ થવા જોઈએ નહીં તેવી વાત ચીન દ્વારા કરવામાં આવી છે. ચીનના વિદેશમંત્રી વાંગ યી સાથે ભારતીય વિદેશ મંત્રી જયશંકરે આજે વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન આજે જુદા જુદા વિષય ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન મતભેદોને દૂર કરવાને લઈને પણ ચર્ચા થઈ હતી. ચીને કહ્યું હતું કે, ભારત અને ચીનની વચ્ચે જ્યારે તંગદિલી ઉપર તેમની નજર રહેલી છે. આની સાથે સાથે ચીને આ મામલામાં રચનાત્મક પ્રયાસ કરવાની પણ વાત કરી હતી. ચીનના નિવેદનને એકરીતે પાકિસ્તાન માટે મોટા ફટકા તરીકે ગણવામાં આવે છે. કાશ્મીર મામલાને લઈને હાલમાં જ પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહેબુદ કુરેશીએ ચીનની યાત્રા કરી હતી. હકીકતમાં કાશ્મીરથી કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાનને ચીન તરફથી કોઈ પ્રકારના કઠોર નિવેદનની અપેક્ષા દેખાઈ રહી હતી પરંતુ ચીને આ મામલાને દ્વિપક્ષીયરીતે ગણાવીને હાથ ઉંચા કરી દીધા છે.

## કલમ ૩૭૦ને દુર કરવાનો ઐતિહાસિક નિર્ણય વિચારીને કરાયો : નરેન્દ્ર મોદી

### જમ્મુ કાશ્મીર પણ ભારતના અન્ય ભાગોની જેમ ઝડપથી વિકાસ કરી શકશે : નિર્ણય ઐતિહાસિક રહેશે : વડાપ્રધાન

નવી દિલ્હી

આર્ટિકલ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સરકારના આ નિર્મયને ઐતિહાસિક તરીકે ગણાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યુ હતુ કે આ નિર્ણય રાજયના વિકાસની દિશામાં દોરી જશે. મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યુ છે કે અમે ખુબ વિચારણા કરીને આ નિર્ણય લઈ શક્યા છીએ. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે હવે જમ્મુ કાશ્મીર પણ અન્ય રાજ્યોની જેમ વિકાસ સાથે આગળ વધશે. મોદીએ કહ્યુ હતુ કે રાજયમાં મુડીરોકાણ માટે માહોલ બની શકે તે દિશામાં પહેલ કરવામા આવી રહી છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ રાજયના યુવાનો માટે રોજગારીની અનેક નવી તક મળશે. સ્થાનિક લોકોની પ્રગતિ થશે. મોદીએ દાવો કરતા કહ્યુ હતુ કે અનેક ઉદ્યોગો દ્વારા પહેલાથી જ જમ્મુ કાશ્મીરમાં રોકાણ કરવા માટેની ઈચ્છા વ્યક્ત કરી છે. આના કારણે યુવાનોને રોજગારીની વધારે તક મળશે. ખુલ્લા વિચારો અને ખુલી રણનિતી રાજયના વિકાસમાં ભૂમિકા અદા કરી શકે છે. વડાપ્રધાને કહ્યુ હતુ કે રાજયમાં રોકાણના માર્ગને મોકળો કરવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સૌથી પહેલા તો સુરક્ષા પાસા પર ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. હાલમાં પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામા આવ્યા છે. જો કે રાજયમાં ધીમે ધીમે સ્થિતી સામાન્ય બની જશે. લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. યુવાનોને યોગ્ય શૈક્ષણિક તક આપવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. સારા વર્કફોર્સની તૈયારી કરવામાં આવશે.

## કાશ્મીરમાં બકરી ઇદની શાંતિ પુર્ણ ઉજવણીથી તંત્રને રાહત

### દોભાલ રાજ્યમાં વિવિધ વિસ્તારમાં પહોંચ્યા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબુદી બાદ આજે બકરી ઈદના પ્રસંગે સંપૂર્ણ શાંતિ રહી હતી. મુસ્લિમ સમુદાયના લોકો આજે બહાર નિકળ્યા હતા. જુદી જુદી મસ્જિદોમાં ઈદની નમાજ અદા કરવામાં આવી હતી. લોકો એકબીજાને મળતા પણ નજરે પડ્યા હતા. કેટલાક નિયમો અમલી રાખવામાં આવ્યા હતા. લોકોને તહેવારમાં કોઈ અડચણો ન પડે તે માટે વિવિધ પગલા લેવામાં આવ્યા હતા. બકરી ઈદ પહેલા સામાન્ય લોકોને ઉજવણીમાં કોઈ તકલીફ ન પડે તે માટે કાશ્મીર ખીણના અનેક જિલ્લાઓમાં સંચારબંધી હળવી કરવામાં આવી હતી. બકરી ઈદના પ્રસંગ પર જમ્મુ કાશ્મીરમાં શાંતિ રહી હતી. રાજયમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ ફરીને સ્થિતિની સમીક્ષા કરતા નજરે પડ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં બકરી ઈદના પ્રસંગે સંપૂર્ણ શાંતિ રહી હતી. જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં અજિત દોભાલ નજરે પડ્યા હતા. દોભાલ આજે એકાએક લાલચોર, પુલવામા અને બેલગામ જેવા વિસ્તારમાં પહોંચ્યા હતા અને લોકો સાથે વાતચીત કરી હતી. વહીવટીતંત્રએ પણ જુદા જુદા વિસ્તારમાં સ્થાનિક મસ્જિદોમાં ઈદની નમાજ માટે મંજુરી આપી હતી પરંતુ ખીણમાં મોટી મસ્જિદોમાં મોટી સંખ્યામાં લોકોને એકત્રિત થવાની મંજુરી આપી ન હતી.

## સૂર્યોદય - ૬.૦૪ સૂર્યાસ્ત -૭.૧૬

### તિથિદર્શન

શ્રાવણ સુદ-૧૩ મંગળવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૧,નામ સંવત્સર : વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ શ્રાવણ સુદઃતેરસ મંગળવાર નક્ષત્રઃ ઉત્તરષાઢા રાત્રે ૨૯.૧૯ પછી શ્રવણ યોગઃ પ્રિતી કરણઃગર આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) સવારે ૯.૨૮ પછી મકર (ખ.જ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

### ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**સંસ્કૃત કંદુકપાતેનોત્પતત્યાર્યઃ પતન્નપિ તથા ત્વનાર્થઃ પતતિ ભૃત પિંડ પતનં યથા**

'જમીન પર બળપૂર્વક પછાડવામાં આવે તો દડો જેમ એટલા જ પ્રત્યાઘાતથી ફરી ઊંચે ઊછળે છે તેમ ઉત્તમ - સંસ્કારી સજ્જન પણ પતન પછડાયા પછી તરત જ ઊભો થઈ જાય છે, પરંતુ માટીનું ઢેફું જો જમીન પર પટકાય તો ત્યાં ચૂરચૂર- ભાંગીને ભૂક્કો થઈ જાય તેમ અસજ્જન- અસંસંકારી- નિર્બળ પછડાયા પછી ફરી ઊંચે ઊઠી શકતો નથી.' નબળા મનોબળના, સંસ્કાર વિનાના અને અણસમજુ લોકો થોડી જ નિષ્ફળતા- આઘાત- તકલીફ- મુશ્કેલીઓના દબાણમાં ગાંડા જેવા થઈ જાય છે. પોતે તો રડસમ થાય આસપાસના લોકોને પણ ગભરાવી ભરાવી દે! મુશ્કેલી- પતન- સમય- સંજોગ જીવનમાં આવ્યા કરે, જીવનની એ ઘટમાળ છે, આજે ઊગે એવી કાલ નથી ઊગવાની- એમાં ચલિત ન થઈ જવાય, મજબૂત મનોબળથી પરિસ્થિતિનો સામનો કરી પોતે પછડાવા કરતાં પરિસ્થિતિને પછાડવી જોઈએ. કચ્છના ધરતીકંપ વખતે ત્રણ- ત્રણ માળના મકાનના માલિક બીજા દિવસથી તંબૂમાં રહેવા લાગ્યા હતા. (આજે બે- બે મકાનના માલિક છે.) છતાં પણ બીજા દિવસથી એમની રમૂજવૃત્તિમાં ખોટ આવી નો'તી. ઘણા બધા 'આફટર શોક' આવ્યા ત્યારે તે રમૂજમાં કહેતા, 'હવે અમે ધરતી પર હાથ રાખી કેટલા સ્કેલનો હતો એ કહી શકીએ છીએ'

### આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પરિવારજનોમાં યશ, વૃદ્ધિ રહે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.**

**મિથુન : (ક.છ.ઘ.) આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંની લેવડ-દેવડમાં સફળતા રહે.**

**કર્ક : (ડ.હ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.**

**સિંહ : (મ.ટ.) નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.**

**કન્યા : (પ.ઠ.ણ.) નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.**

**તુલા : (ર.ત.) કાર્યમાં વિલંભથી સફળતા મળે. વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ.**

**વૃશ્ચિક : (ન.ય.) કાનુની બાબતે લાભ. આવકમાં વૃદ્ધિ થાય.**

**ધન : (ભ.ફ.ધ.) મહત્વના નિર્ણયો લઇ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.**

**મકર : (ખ.જ.) વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.**

**કુંભ : (ગ.શ.સ.) સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.**

**મીન : (દ.ચ.જ.થ.) સ્નેહીજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું**

### આજનો દિન મહાન - યશવંત કડીકર

નાટયકાર, નવલકથાકાર અને પત્ર કાર શ્રી યશોધર નર્મદાશંકર મહેતાનો જન્મદિન છે. એમનો જન્મ ૧૪-૮-૧૯૦૯ ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે ત્રણ નવલકથાઓ, પાંચ નાટય સંગ્રહો, પ્રવાસવર્ણનો, રેડીયો, વાર્તાલાપો, જીવનચરિત્રો અને હવા લેખો મળીને ઘણા ગ્રંથોની રચના કરી છે તેમનું 'સરી જતી રેતી' પુસ્તક તો ખૂબ ચર્ચાસ્પદ બન્યું હતું. સફળ નવલકથાકાર અને નાટયકાર શ્રી યશોધર મહેતાનું ગુજરાતી સાત્યિમાં ખૂબ પ્રદાન રહ્યું છે. તેમની અનોખી કલામાં સુરેખપાત્રચિત્રણ સ્પર્શી જાય એવું હોય છે. ૨૬-૬-૧૯૮૯ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

સુરત ઓફીસઃ- ૐકાર કન્સલટન્સી દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# વરસડા પ્રા.શાળામાં વાલી સંમેલન




પ્રતિનિધિ વડગામ

વરસડા પ્રા.શાળા ખાતે વાલી સંમેલન યોજવામાં આવ્યું જેમાં એસ.એમ.સી.ના સભ્યો તથા ગામ લોકોએ ભાગ લીધો.

બાળકો શાળામાં નિયમિત હાજરી આપે તે સંદર્ભે યોજાયેલ વાલી સંમેલનની શરૂઆત કરવામાં આવી. શાળાના આચાર્ય દક્ષાબેન આઈ.પટેલ દ્વારા ધોરણ-૧માં બેંક ખાતા ખોલવાના, શિક્ષણની ગુણવત્તા, સ્વચ્છતા બાબતે (પાણી, ખોરાક અને શરીર), યુનિફોર્મ શિષ્યવૃતિ, કન્યા કેળવણી બાબત, દર શનિવારે એકમ કસોટી લેવાય છે તે અને ૧૫ મી ઓગષ્ટની ઉજવણી બાબતની ચર્ચા કરી.

ત્યારબાદ શાળાના ઉપાચાર્ય ગણેશભાઈ એ.બાવળેચા એ બાળકો શાળામાં નિયમિત અને સમયસર આવે શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી તે વૃક્ષોનો યોગ્ય ઉછેર અને સંભાળ થાય તે મુદ્દે અંગે વિસ્તૃત ચર્ચા કરી.

આ મુદ્દાઓથી દરેક વાલીઓને જાણ કરી અને તેમાં વાલીઓની શી ફરજો છે તે વિશે પણ વિગતે ચર્ચા કરી હતી.

# ડીસા રોટરી કલબ દ્વારા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ



ડીસા

મૌલેશ વકતૃત્વ કલા ભિવ્યક્તિ કાર્યક્રમ તા.૭-૮-૧૯ ના રોજ હરિઓમ શાળા ખાતે યોજાયો જેમાં ડીસાની જુદીજુદી શાળાનાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. નિર્ણાયક તરીકે વિષ્ણુભાઈ ઠાકર અને તૃપ્તિબેન પટેલે માનદ સેવા આપી પ્રાથમિક વિભાગમાં વિષય હતો મારી કલ્પનાની શાળા પ્રથમ વિજેતા જોષી કિંજલ (એમ.જે.પટેલ પ્રા.શાળા), દ્વિતિય વિજેતા નાઈ મેઘા (લીઓ પ્રા.શાળા), તૃતિય વિજેતા પટેલ નીશિ (કે.બી.અગ્રવાલ પ્રા.શાળા)થયાં માધ્યમિક વિભાગમાં વિષય હતો "જોહું દેશનો વડાપ્રધાન હોઉં તો" પ્રથમ વિજેતા ભાગચંદાણી રિષિત (સેન્ટઝેવિયર્સ હાઈસ્કૂલ), દ્વિતિય જોષી ધ્રુવ (સરદાર પટેલ હાઈસ્કૂલ), તૃતિય વિજેતા ખત્રી કરિશમા(સંત અન્ના હાઈસ્કૂલ) થયાં રોટે.ડો.ડી.કે. પટેલના સૌજન્યથી થયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રો.ચેર.રોટે. ડો.ડીકેશ ગોહેલ, પ્રો.કો.ઓડીનેટર ઓન.રોટે. ડો.એસ.ટી.કોટક, હરિઓમ શાળાના નિયામક નટુભાઈ વ્યાસ મહેનત કરી વિદ્યાર્થીઓના ઉત્સાહને વધારવા રોટરી પ્રમુખ રોટે. ડો.ચંપકભાઈ ઝાલમોરા, સેક્રેટરી રોટે.અરૂણકુમાર ગર્ગ, રોટે વિક્રમ ઠક્કર,ઓન.રોટે.ડો.નવીનકાકા રોટે.ડો. હેતલ ગોહેલ, રોટે નટુભાઈ પટેલ, રોટે પ્રમોદ ઠક્કર, રોટે ડો.ભરત શાહ હાજર રહ્યાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ તેમજ આશ્વાસન ઈનામ અપાયા.

# પાલનપુર પાતાળેશ્વર મહાદેવજીને ચલણી નોટોનો શણગાર




પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પવિત્ર શ્રાવણમાસમાં શિવાલયો ઘંટારવથી ગુંજી રહ્યા છે. જિલ્લાના બાલારામ, વિશ્વેશ્વર, કેદારનાથ, પાડણ સહિતના શિવમંદિરોમાં શિવભકતો દ્વારા વિશેષ પુજા- અર્ચના કરવામાં આવી રહી છે. જ્યાં જિલ્લા મથમ પાલનપુર ખાતે આવેલા ઐતિહાસિક પાતાળેશ્વર મહાદેવજીને સોમવારે ચલણી નોટોનો શણગાર સજવામાં આવ્યો હતો.

# પિલુચા સી.પી.શાહ.પ્રા.શાળામાં તિથિ-ભોજન અપાયું




પ્રતિનિધિ પિલુચા

વડગામ પિલુચા ગામે સી.પી.શાહ.પ્રા.શાળામાં ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી-બાળાઓને શિક્ષક ભીખાભાઈ કે ચૌધરી દ્વારા તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.જેમાં શીરો,મગ,દાળ,ભાત જેવી વાનગી બનાવીને વિદ્યાર્થી-બાળાઓને ભરપેટ ભોજન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે પ્રા.શાળાના આચાર્ય જીગ્નેશભાઈ મોદી અને શિક્ષકગણ તેમજ મધ્યાહન ભોજનના ઈન્ચાર્જ સંચાલક પ્રવિણભાઈ શ્રીમાળી હાજર રહીને તિથિ ભોજનના દાતા શિક્ષક ભીખાભાઈ કે ચૌધરીને બિરદાવ્યા હતા.

# વડગામ આયુર્વેદ હોસ્પીટલમાં ઉકાળાનું વિતરણ

તા.પ્રતિનિધિ વડગામ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડગામ ખાતે નિયામક આયુષ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ વર્ષાઋતુમાં થતાં વિવિધ રોગો જેવા કે ઝાડા, ઉલટી, શરદી વગેરે સામે રક્ષણ આપે તેમજ પાચન શક્તિ સુધારે તેવા ઔષધોના ઉકાળાનું વિના મુલ્યે વિતરણ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી કરવામાં આવે છે. સ્વાસ્થ્ય જાળવણીહેતુથી વડગામના ઉપરાંત આજુ બાજુના લોકોને ઉકાળાનો લાભ લેવા અનુરોધ છે.

# ચતુર્થ આર્ટ ઓફ લીવીંગ જીવન પરિવર્તન શિબિરમાં સેંકડો ભાઈ બહેનો જોડાયા

મુંબઈ

શ્રી વર્ધમાન શ્વે.મૂ.જૈન સંઘ પરેલમાં યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મ.સાહેબના શિષ્ય પં. રાજરક્ષિત વિજયજી મુનિ શ્રી નયરક્ષિતવિજયજીએ સેન્ટ્રલ રેલ્વે વેલફેઅરના વિશાળ હોલમાં "જીવન કળા" વિષય ઉપર ભરચક સભાને સંબોધન કરતાં જણાવ્યું કે, નૃત્યકળા સંગીતકળા આવડતી હોય પરંતુ જીવન જીવવાની કળા ન આવડે તો માનવ જીવન એકડા વગરના મીંડા જેવું થઈ જાય માનવ જીવન સફળ કરવા માટે જગતને માફ કરો, જાતને સાફ કરો, જગત્યપતિનો સાથ લો... માનવ માત્ર ભૂલને પાત્ર છે. ભુલની માફી આપવાની ઉદારતા આવી જાય તો ઘરમાં સ્વર્ગ ઉતરી જાય કડવી ગોળી ગળવાની હોય છે. ચગળવાની નહીં તેમ જીવનની કડવી ક્ષણોને ગળી જવામાં જ મજા છે. વારંવાર યાદ કરવાથી મન ડીસ્ટર્બ થાય છે.

વિશ્વના તમામ જીવો સાથે પ્રેમ રાખવાનો છે. પરંતુ શરૂઆત ઘરથી કરવાની છે. ઝેર કરતાં વૈર વધુ ભયાનક છે. ઝેર એક ભવ મારે વૈર ભવો ભવ બરબાદ કરે છે. ૧૮ ઓગસ્ટ રવિવારે રેલ્વે સેન્ટ્રલ હોલમાં "સુખનું સરનામું "વિષય ઉપર જીવન પરિવર્તન શિબિર થશે.

# પાલનપુરના સ્મશાનમાં શિવજીની પ્રતિષ્ઠા




પાલનપુર

પાલનપુર ખાતે ગોબરી રોડ વિસ્તારમાં આવેલા ઠાકોર સમાજના સ્મશાનમાં બનાવેલા મંદિરમાં રવિવારે શિવજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગઠામણ દરવાજાથી શિવજીની મૂર્તિ સાથે ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ પ્રસંગે કેશાજી ચૌહાણ, મેરૂજી ધુંખ, સોરાબજી ઠાકોર, ભીખાજી ઠાકોર, પરથીજી ઠાકોર, ધીરૂભાઇ ઠાકોર સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ડીસા કોલેજ કેમ્પસ કારોબારીની રચના



ડીસા

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ડીસાની વિવિધ કોલેજ કેમ્પસ કારોબારીની ઘોષણા કરવામાં આવી. જેમાં બી.સી.એ., બી.કોમ. અને બી.એ. કેમપસની કારોબારીની ઘોષણા કરવામાં આવી. જેમાં બનાસકાંઠા જીલ્લા સંયોજક ધવલભાઈ જોષી, જીલ્લા કોષાધ્યક્ષ ધવલભાઈ ત્રિવેદી, જીલ્લા છાત્રા પ્રમુખ શ્રેયાબેન વ્યાસ,ડીસા નગરમંત્રી અંકુરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

# જલોતરામાં મહા મૃત્યુજય યજ્ઞ યોજાયો




તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાના જલોતરા ગામના રહીમ ચંદ્રવદન મનુપ્રસાદ પાધ્યા પરિવારના સૌજન્ય થકી જલોતરા ગ્રામજનોની સુખાકારીના શુભ આશયથી તા.૧૧ મી ઓગષ્ટ રવિવારના રોજ મહામૃત્યુજય યજ્ઞ લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરાયું હતું. જેનો ગ્રામજનો દ્વારા પ્રસાદ તથા યજ્ઞ મા આહુતિનો લાભ લીધો હતો. અન યજ્ઞ ના સૌજન્ય દાતાને ગ્રામજનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા તથા આભાર વ્યક્ત કર્યો હતો, આ યજ્ઞના સફળ આયોજન માટે માંગજીભાઈ ભટોળ (ભાણા) તથા અન્ય ગ્રામજનોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

# આસોદર ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




પ્રતિનિધિ આસોદર

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વૃક્ષો વાવવાનું આહવાન કરતાં થરાદ તાલુકાના આસોદર ગામમાં હિન્દુ ધર્મના પવિત્ર સ્મશાન ભૂમિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં માજી.સરપંચ નાગજીભાઈ પટેલ,ડેપ્યુટી સ.રામજીભાઈ પટેલ,ગ્રા.પં. સભ્ય શ્રવણદાસ સાધુ, દિનેશભાઈ પી.પટેલ, ભીખાભાઈ પટેલ તથા ગામના આગેવાનો દ્વારા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

# વરસડામાં વૃક્ષારોપણ




વડગામના વરસડા પ્રાથમિક શાળામાં આચાર્યની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામજનો જોડાયા હતા.

# વડગામમાં રમતોત્સવ....




વડગામ હાઈસ્કૂલમાં રમતોત્સવ યોજાયો.

# બ્રહ્માજીના પત્ની સાવિત્રી દેવી એ કરેલી શિવ આરાધના

**શ્રાવણ સત્સંગ**
**-દેવેન કે.વ્યાસ**

પિતામહ બ્રહ્માજીના પત્ની સાવિત્રી દેવીએ મૃત્યુલોકના લોકોના કલ્યાણ માટે પવિત્ર પ્રભાસ ક્ષેત્રમાં શિવજીના લિંગની વિધીવત્ સ્થાપના કરી. ત્યાર બાદ નિયમિત રીતે તેની વિધીસર પુજા કરતાં કરતાં ઈન્દ્રીયોને વશમાં કરી અન્ન-જળનો પણ ત્યાગ કરી કેવળ વાયુનો આશ્રય લઈ ભગવાન શિવજીના ધ્યાનમાં તે તલ્લીન થઈ ગયા.

સાવિત્રી દેવીની આવી ઉગ્ર તપસ્યાથી આખરે પ્રસન્ન થઈ અને દેવાધિદેવ મહાદેવ ત્રિશુલ સહિત સાક્ષાત પ્રગટ થયા. સાક્ષાત શિવજી દર્શન કરી તેમણે સ્તુતિ કરવા માંડી, ' હે દેવાધિદેવ, આ સમગ્ર જગત તમારાથી જ ઉત્પન્ન થાય છે અને તમારામાં જ લય પામે છે. આપ સનાતન રૂપ છો. સત્ય કામના વાળા સજ્જન લોકો માટે તમે ઉત્તમ છો. મુક્ત લોકો માટે અપવર્ગ રૂપ છો. આત્મ જ્ઞાનિયો માટે કેવલ્યરૂપ છો. જે પ્રાણીમાત્ર શ્રધ્ધા અને ભક્તિપૂર્વક તમારા શરણે આવે છે અને તેને આપ દ્રશન આપો છો. જે તારા સાક્ષાત સ્વરૂપના દર્શન કરે છે તે પ્રાણીનો ક્યારેય પૂનર્જન્મ નથી થતો. તેને મરણનો પણ ભય નથી રહેતો. તેને કશુ જાણવાનું કંઈ બાકી નથી રહેતું.

આ પ્રકાશે સાવિત્રીજીની સ્તુતિ સાંભળી અને તેમના અંતઃકરણનો અભિપ્રાય જાણી બ્રહ્મેશ્વર ભગવાન શિવજી બોલ્યા, ' જે મનુષ્ય પૂર્ણિમા તિથિએ ચંદન, પુષ્પ વગેરે ઉપકરણો વડે તમે સ્થાયેલા આ શિવલીંગની વિધિવત્ પુજા કરશે, તેને હું ઈચ્છીત વરદાન આપીશ. હવેથી આ શિવલીંગમાં હું અંશથી નિવાસ પણ કરીશ. તેનું પુજન કરનારા મહાપાપી હશે તો પણ તે બધાજ પાપોથી છુટી જઈ, તમામ સારી મનોકામનાઓથી પૂર્ણ થઈ તે મારા લોકને પામશે.'

આ વરદાન આપી શિવજી અન્તધ્યાન થઈ ગયા અને સાવિત્રી દેવી બ્રહ્મલોકમાં ગયા.

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

# સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પ્રશિક્ષણ શિબિર યોજાઈ




પાલનપુર

બનાસકાંઠા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત પ્રદેસ સમિતિ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વિવિધ યોજનાઓ માતેની પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો હાજર રહ્યા હતા.

સરકાર દ્વારા જનરલ કેટગરીમાં આવતા લોકોને દસ ટકા અનામત આપવામાં આવી છે.જેથી આ અંગે બ્રહ્મ સમાજના યુવાનોમાં સમજ આવે અને યોજનાનો લાભ કઇ રીતે લઇ શકાય તે માટે બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજ પ્રદેશ સમિતિ દ્વારા પાલનપુરની જ્ઞાનમંદિર પ્રાથમિક શાળા ખાતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વિવિધ યોજનાઓ માટેની પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા.

# આંતરરાષ્ટ્રીય આદિવાસી સમારોહમાં પિતા પુત્રીનું સન્માન



ડીસા

પ્રાયોજના વહિવટદાર અને ટ્રાયબલ સબ પ્લાન બનાસકાંઠા દ્વારા જૂની કોલેજ કેમ્પસ અંબાજી ખાતે ૯મી ઓગસ્ટ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસના ૨૦૧૯નો ઉજવણી સમારોહ યોજાયો હતો. જેમાં ગુજરાત યુવા બોર્ડ દ્વારા આયોજીત ૫૧મા ગુજરાત રાજ્ય યુવા ઉત્સવમાં લોકગીત સ્પર્ધામાં દ્વીતીય સ્થાને વિજેતા બની આદિવાસી સમાજમાં વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ હેતલ બુંબડિયાનુ ગુજરાત સરકારના મંત્રી દિલીપભાઈ ઠાકોર અને ગુજરાત ખાણ,ખનીજ અને ઉધોગ ચેરમેન બલવંતસિંહ રાજપૂતના હસ્તે સન્માનપત્રથી સન્માન કરવામાં આવ્યુ હતું તેમજ નિલેશ બુંબડિયાનુ ગુજરાતના પ્રસિધ્ધ લોકગાયક અને કલાકાર તરીકે બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું.

આમ પિતા પુત્રીનુ એકજ મંચ પરથી સન્માન થતા તેમનો પરિવાર અને સમાજ હર્ષની લાગણી વ્યક્ત કરે છે.

# થરાદમાં શ્રી સરસ્વતી વિદ્યા વિહાર ખાતે વૃક્ષારોપણ




પ્રતિનિધિ થરાદ

શ્રી સરસ્વતી વિદ્યા વિહાર ખાતે થરાદ તાલુકા રાજપૂત સમાજના પ્રમુખ ડી ડી રાજપુત દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાયબ મામલતદાર કેશાજી અઢિયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પથુસિંહ રાજપુત,સ્વાઈજી રાજપુત, રામસિંહજી રાજપુત, ઈશ્વરજી રાજપૂત, અભાજી રાજપૂત ભગત સહિતના રાજપૂત સમાજના અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# ધાનેરાથી પાંથાવાડાને જોડતા મુખ્ય હાઈવે માર્ગ આફતનો માર્ગ બન્યો

**નજીવા વરસાદના કારણે રસ્તા પર કાદવ જામ્યો,ડાયવર્જન આપ્યા વગર રસ્તો ખોધી દેતા લોકોની અવરજવર જોખમી બની**

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાથી પાંથાવાડાને જોડતા રસ્તો હવે આઠ માર્ગીય બની રહ્યો છે. જેથી છેલ્લા એક વર્ષથી આ નવા રસ્તાનું કામ ચાલી રહ્યું છે.જો કે સ્થાનિક અધિકારીઓની દેખ રેખના હોવાના કારણે હાલ નજીવા વરસાદના કારણે આ મુખ્ય માર્ગ પરથી પસાર થતા લોકોની હાલત કફોડી બની છે.

ધાનેરા તાલુકામાં માત્ર બે ઈંચના વરસાદથી સામરવાડા ગામથી પાંથાવાડા ગામ તરફ જતા માર્ગની હાલત ખરાબ થઈ ગઈ છે.આશરે ૧૦૦ થી વધારે ગામો તરફ જવા તેમજ રાજસ્થાન રાજ્ય તરફ પણ જવા માટે આજ રસ્તો મુખ્ય છે.પરંતુ આ હાઈવે માર્ગ પર કોઈ પણ પ્રકારનું ડાયવરજન આપ્યા વગર રામ ભરોસે કામ ચાલી રહ્યું છે.જેથી કોન્ટેક્ટર દ્વારા લોકોની ચિંતા કર્યા વગર આ મુખ્ય માર્ગ ખોદી માર્યો છે. જેથી વરસાદનું પાણી ભરાતા રસ્તામાં મોટા પ્રમાણમાં કાદવ જમા થઈ ગયો છે.આ માર્ગ પરથી મોટર સાઈકલ કે નાના વાહનો પસાર થઈ શકતા નથી અને જો કોઈ વાહન ચાલક રસ્તો પસાર કરવા માટે કાદવમાં વાહન હંકારે તો અધવચ્ચે વાહનો બંધ થઈ જાય છે કે પછી રસ્તાની નીચે ઉતરી જાય છે.જયારે પેસેન્જર જીપો જીવના જોખમે જીપ હંકારી રહ્યા છે.સ્થાનિક લોકોનું માનીએ તો વરસાદ સમય આ રસ્તો બંધ કરી અન્ય ગામમાંથી ડાયવર્જન આપવું જરૂરી છે. જો કોઈ બહારના રાજ્યના મુસાફરો આ રસ્તા તરફ જાય અને કોઈ જાનહાની થાય તો કોણ જવાબદાર બનશે તે માટે ધાનેરાના સ્થાનિક અધિકારીઓ પણ મૌન તોડી યોગ્ય નિયમ પ્રમાણે કામ થાય અને લોકોને મુશ્કેલી ના પડે તે માટે સ્થાનિક કોન્ટેક્ટરના કાન આમલે એ જરૂરી છે. તેમ સ્થાનિક ઈશ્વરભાઈ દેસાઈ જણાવ્યું હતું.

# થરાદ નગરપાલિકાના પ્રમુખ-ચીફ ઓફિસરનું સન્માન કરાયું

**નગરમાંથી પાણીનો નિકાલ થતાં ખુશીની લાગણીઓ વ્યક્ત**


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ નગરમાં પડતા બેચાર ઈંચ વરસાદના કારણે નિચાણવાળા ગણેશ અને મહાલક્ષ્મી સોસાયટી વિસ્તારમાં ભરાઈ જતું વરસાદનું પાણી તાજેતરમાં નગરપાલિકા દ્વારા પોણા બે કરોડના ખર્ચથી બનાવવામાં આવેલી પાણીના નિકાલની યોજના સફળ રહેતાં આ વર્ષે તાજેતરમાં પડેલા સાત ઈંચ વરસાદમાં પણ ભરાવા પામ્યું ન હતું. નગરપાલિકા દ્વારા કુદરતી રીતે બનાવવામાં આવેલી પાઈપલાઈન વાટે તેનો નિકાલ થવા પામ્યો હતો. આથી આજુબાજુની સોસાયટીઓના રહીશોને ભોગવવી પડતી હાલાકીમાંથી મુક્તિ મળી હતી. કારણકે આ વિસ્તારમાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં દસ ફુટ જેટલું પાણી ભરાવા પામ્યું હતું. આથી પાણીના નિકાલની યોજના સફળ રહેતાં તેઓમાં પણ આનંદની લાગણી ફેલાવા પામી હતી.

આ બધા મળીને થરાદ નગરપાલિકાના પ્રમુખ અને ઓફિસરનું સન્માન કરવાના એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં સોસાયટીના રહીશો હસમુખભાઇ સોની, ડૉ.જગદીશાઇ પુરોહિત, ઝુબેરભાઇ મેમણ સહિતો દ્વારા મળીને નગરપાલિકાના પ્રમુખ લવજીભાઈ વાણીયા, ચીફ ઓફિસર બીજલ સોલંકી, એન્જિનિયર આર આઇ પટેલ અને રાજુભાઈ ત્રિવેદી તથા કોન્ટ્રાક્ટર સહિતોનું નગરની

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં જૈન સમાજે બકરી ઈદ પર અબોલ જીવોને આપી શ્રધ્ધાંજલિ

**ઉપવાસ બાદ નવકાર મંત્ર જપ્યા**

ડીસા

બનાસકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં આજે બકરીઈદ ની ઉજવણી કરવામાં આવી છે ત્યારે આજે અસંખ્ય જીવ હત્યા થતા ડીસા માં જૈન સમાજ દ્વારા હત્યા કરાયેલા જીવો ના મોક્ષ માટે પ્રયાસ કરાયો છે.

મુસ્લિમ સમાજ દ્વારા બકરીઈદ ની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. ત્યારે આજે આ તહેવારની ઉજવણી દરમ્યાન અસંખ્ય બકરીઓની કુરબાની આપી હત્યા કરવામાં આવતી હોય છે.તેવામાં જૈન સમાજ દ્વારા આવા હત્યા કરાયેલા જીવોના મોક્ષ માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. અતી કરુણ તહેવાર એટલે બકરી ઈદ કોઈનો જીવ લઈને તહેવાર મનાવવાનું અને નિર્દોષ અબોલ જીવની હત્યા કરી તહેવાર મનાવવાનો કોઈ પર્વ હોય ખરો ?પણ મુગા પ્રાણી કાંઈ કરી શકવાનાં નથી અને આજે બકરીઈદના દિવસે અસંખ્ય પશુઓની હત્યા કરી તહેવાર ઉજવાય છે ત્યારે અબોલ પ્રાણીઓના જીવ હત્યા બાદ મોક્ષ મળે એ માટે ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં હજારોની સંખ્યામાં જૈન સમાજના લોકોએ પ્રભુ પાસે પાર્થના કરી અને દરેક વ્યક્તિએ બાર નવકાર ગણીને અને એક આયંબીલનું તપ કરી અબોલ જીવોને મોક્ષ મળે પ્રાર્થના કરી હતી. ડીસા જૈન સંઘ દ્વારા વ્યાખ્યાનમાં નવકાર મંત્રનો જાપ અને ડીસા જૈન સંઘ ની ચાર આયંબીલ શાળામાં ડીસાના જૈનો ભાઈઓએ મોટી સંખ્યામાં આયંબીલ તપ કરી આવી હત્યા ના થાય તે માટે પણ પ્રાર્થના કરી હતી.

# દાંતીવાડાના તાલુકાના રામસીડા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**બનાસકાંઠાને હરિયાળો બનાવવા વૃક્ષો વાવી તેનું જતન કરવું પડશે : શંકરભાઈ ચૌધરી**


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડાના તાલુકાના રામસીડા ગામે બનાસડેરી અને ગ્રામપંચાયતના સયુંકત પ્રયાસ થકી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસડેરીના આવનારા દસ વર્ષોમાં દસ કરોડ વૃક્ષો વાવી તેનું જતન કરવા નીર્ધાર કર્યો છે. જે અનુસંધાને રામસીડા ગામે ૧૦ વાગ્યાના સમયે બનાસડેરી અને ગ્રામપંચાયત થકી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડેરીના કર્મચારીઓ અને ગ્રામપંચાયતના કર્મચારીઓ હાજર રહ્યા હતા. આમતો બનાસનું સુકાન શંકરભાઈ ચૌધરીએ સંભાળ્યું છે ત્યારથીજ ડેરી લોકભાગીદારી થકી અનેક કર્યો કરી રહી છે. આવાજ એક લોક હિત અને કુદરતી તકલીફોથી બચવા જિલ્લામાં વધુ વૃક્ષો વાવી જિલ્લાને હરિયાળો બનાવી ગ્લોબલ વૉર્મિંગથી બચાવવા જિલ્લામાં ઠેર ઠેર વૃક્ષારોપણના કાર્યક્રમો ડેરી થકી કરવામાં આવી રહ્યા છે. જે પેકી આજે તાલુકાના રામસીડા ગામે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૦૦ જેટલા છોડ વવામાં આવ્યા હતા.

ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વૃક્ષો વાવી તેનું જતન કરો અને વૃક્ષને કોઈ નામ આપો અને તેને સોશીયલ સાઈટો પર શૅર કરો અને બીજા લોકોને પણ વૃક્ષ વાવવા અપીલ કરો જેથી કરી આપણે હરિયાળી લાવી શકીએ, વૃક્ષ અને વરસાદ એક બીજાના પરોક્ષ છે. જિલ્લામાં વરસાદ લાવવા પણ વૃક્ષો જરૂરી છે. આમ વૃક્ષનું મહત્વ લોકોને સમજાવેલ.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ મેરુજી ધુંખ, તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પુર્વ મંત્રી અમરતભાઈ દેસાઈ, ડીરેકટર પી.જે.ચૌધરી, વિનોદભાઈ પટેલ, ચંપુસિહ વાઘેલા, મોતીભાઈ રબારી, હરનાથભાઈ પટેલ, સરપંચ રમણજી, તલાટી જી.પી.કડ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

# જલોતરા કેમ્પસમાં ૧૯૦ વંધ્ય પશુઓની ચકાસણી



તા.પ્રતિનિધિ વડગામ

બનાસડેરીના ચેરમેન શંકરભાઈ અને તમામ બોર્ડ-ડિરેક્ટરો જીલ્લાના ખેડૂતોને વધુ લાભ મળે તેવા શુભઆશયથી સતત અને નિરંતર પ્રયાસો કરતા રહે છે. બનાસડેરીનો ડી.એચ. વિભાગ આપણા જીલ્લાના પશુઓ માટે ત્રણેય ઋતુમાં ખડેપગે ઉભો રહે છે. પરિણામે સતત અને નિરંતર સેવાઓ આપે છે. આપણા જીલ્લાના ત્વરિત વિવિધ સેવાઓ આપવાના નિરંતર અવનવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.

બનાસડેરીના અધિકારી દ્વારા જણાવવામાં આવેલ કે તા.૧૨-૮-૧૯ના રોજ એફ.આઈ.પી.કેમ્પ રાખવાનો છે. આ માહિતીને બહોળી પ્રસિદ્ધિ માટે દૂધ મંડળીના નોટીસ બોર્ડ પર નોંધ કરી, દૂધ સ્લીપમાં જાણકારી આપીને, વોટ્સઅપના માધ્યમથી વધુ દૂધ ગ્રાહકોઆ જાણકારીથી વાકેફ થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

આ અનુસંધાને તા.૧૨-૮-૧૯ સોમવારના રોજ પંચવટી-જલોતરા મુકામે સંઘ અને ફેડરેશન સંચાલિત પશુ વંધ્યત્વ સુધારણા (એફ.આઈ.પી.) યોજના અંતર્ગત એફ.આઈ.પી. કેમ્પ રાખવામાં આવ્યો, જેમાં ગામના ગરમીમાં (વેતરમાં) ના આવતા પશુઓ, વારંવાર ઉથલા મારતાં ગર્ભાશયની બિમારીવાળા પશુઓ (ગાય-ભેંસ)કેમ્પમાં નોંધણી કરી, સારવાર આપવામાં આવી. આ પ્રસંગે બનાસ ડેરીના બોર્ડ ડિરેક્ટર અને મંડળીના ચેરમેન દિનેશભાઈ હાજર રહી કેમ્પનું વિધિવત ઉદ્દઘાટન કર્યું હતું. મંડળીના મંત્રી હરિભાઈ અને સ્ટાફગણ તેમજ મંડળીના દૂધ ગ્રાહકો દ્વારા ઉત્સાહભેર ભાગ લીધો અને યોજનાનો વધુમાં વધુ લાભ લીધો. મંડળીના પશુપાલન મિત્ર કમલેશભાઈ અને સુરેશભાઈએ પણ બનાસ ડેરીના નિષ્ણાત ડો.કોલ્હે

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં કોમી એકતાના માહોલમાં ઈદ ઉલ અઝહાની ઉજવણી કરાઈ

ડીસા

ડીસામાં ઈદ ઉલ અઝહાની ઉજવણી કોમી એકતાના માહોલમાં કરવામાં આવી હતી.વરસાદી માહોલ હોવાથી ડીસાની દરેક મસ્જિદોમાં ઈદ ઉલ અઝહાની નમાઝ અદા કરવામાં આવી હતી.ઔલિયા મસ્જિદ ખાતે હઝરત સૈયદ મોહમદ અલી બાવાએ જણાવ્યું કે ઈદએ ખુશીનો તહેવાર છે અને હઝરત ઈબ્રાહિમ (અ. સ.)ની કુરબાનીને યાદ જીવત કરાવી હતી તેમની ઈમામત પાછળ મોટી સંખ્યામાં લોકોએ ઈદ ઉલ અઝહાની નમાઝ પઢી હતી. જયારે હસનઅલી બાવાએ જણાવ્યું કે હઝરત મોહમદ પયગમ્બર સાહેબના ગુણો જીવનમાં ઉતારી એક અને નેક બનવા જણાવ્યું હતું.આ પ્રસંગે દેશમાં અમન ભાઈચારો જળવાઈ રહે તે માટે વિશેષ દુઆઓ ગુજારી હતી અને દેશની રક્ષા માટે હંમેશા મુસ્લિમ પોતાની જાન પણ આપી દેશે પણ દેશને આંચ નહિ આવવા દે.મુસ્લિમો હમેશા દેશના વફાદાર છે અને રહેશે.આપણે ભારતીય છીએ.ડીસાની મક્કા મસ્જિદ ખાતે ઉપસ્થિત જન મેદનીને મૌલાના શોકતઅલી અકબરીએ ઈદ એ મોહબ્બતનો પયગામ છે.તેથી દરેકે પોતાના મન દુઃખ દૂર એક બની ઈદની ઉજવણી કરવા જણાવ્યું હતું. ઓલિયા મસ્જિદ,મિનારા મસ્જિદ તથા જામાં મસ્જિદ તથા ટાટ વાળી મસ્જિદ તથા રિસાલા મસ્જિદ સહિત મસ્જિદોમાં નમાઝ અદા કરવામાં આવી હતી. ઈદની નમાઝ બાદ હિન્દૂ ભાઈઓ ઉપસ્થિત રહી મુસ્લિમભાઈઓને ઈદ મુબારક પાઠવી ખુશી વ્યક્ત કરી હતી. ઈદની નમાજ બાદ કબ્રસ્તાન જઇ પોતાના પૂર્વજોને યાદ કરી દુઆઓ ગુજારી હતી.

# શક્તિ ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર યાત્રાધામ અંબાજી શિવમય બન્યું



પ્રતિનિધિ અંબાજી

શ્રાવણના બીજા સોમવારે યાત્રાધામ અંબાજીના શિવાલયોમાં બરફના શિવલીગ બનાવતા અદભુદ અને અનોખા દ્રશ્યો જોવા મળ્યા હતા. યાત્રાધામ અંબાજીમાં અલગ અલગ શિવ મંદિરોમાં બાબા બરફાની અમરનાથની જેમ બરફના મંદિર અને શિવલીગ બનાવામાં આવ્યા હતા.શ્રાવણના બીજા સોમવારે શિવ મંદીરોમાં બરફના શિવલીગના દર્શન કરી વિશેષ પૂજા અર્ચનાનો લાભ શિવભક્તો લીધો હતો.

યાત્રાધામ અંબાજીમાં શ્રાવણ મહિનામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગબ્બર રોડ પર આવેલા આપેશ્વર મહાદેવ અને માનસરોવરમાં વિરાજમાન માનેશ્વર મહાદેવ મંદિરમાં બરફના શિવલીગ બનાવામાં આવ્યા હતા. અંબાજીના આપેશ્વર મહાદેવ મંદિરમાં આપેશ્વર યુવક મંડળ, રબારી સમાજના યુવાનો અને ભાવિકોના સહકારથી લગભગ ૭થી ૮ વર્ષોથી બરફના અમરનાથ મહાદેવની પ્રતિકૃતિ બનાવવામાં આવે છે અને પ્રસાદીનું આયોજન કરાય છે. જેનો ગ્રામજનો અને ભાવિક ભક્તો લાભ લઈને ધન્યતા અનુભવે છે.જયારે માનસરોવર સ્થિત માનેશ્વર મહાદેવના મંદિરે દર વર્ષે મંદિરના કાર્યકર્તા અને મિત્ર મંડળ અને ગ્રામજનોના સહયોથી માનેશ્વર મહાદેવને અમરનાથની જેમ બરફના શિવલીગ બનાવામાં આવે છે.

# કાંકરેજ તાલુકામાં ઉઘાડ નિકળતાં ખેડૂતો કૃષિ કામમાં પરોવાયા


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના ઘણા ખરા વિસ્તારમાં બેથી અઢી ઈંચ વરસાદ ઘણા લાંબા ઈન્તજાર બાદ થયો છે. વરસાદ ખેંચાતા ખેડૂતોએ થોડું ઘણું પિયત કરીને ચોમાસુ પાક વાવ્યા હતા. ત્યારે સર્જાયેલા લો હવામાનના પગલે રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી હેલી જામી છે ત્યારે કાંકરેજ તાલુકામાં ગોરંભાયેલા વાદળ છાયા વાતાવરણ વરસાદી ઝાપટાં વચ્ચે રવિ - સોમ ઉઘાડ નિકળતા ખેડૂતો વાવણી - રોપણી ખરપવા સહિતના કૃષિ કામમાં પરોવાયેલા જોવા મળતા હતા. આધુનિક ઉપકરણો વચ્ચે હજુ કેટલાક ખેડૂતો બળદનો ઉપયોગ કરે છે. આ વરસાદથી ઘાસચારો સારો થશે તેવો ખેડૂતો - પશુ પાલકોએ આશાવાદ વ્યક્ત કર્યો હતો. નર્મદાનીરથી દાંતીવાડા ડેમ અને તળાવો ભરાશે તો ભવિષ્યમાં ભુગર્ભ જળનું સ્તર ઉંચુ આવશે ને કૃષિ પાકોને ફાયદો થશે એ નક્કી છે. નર્મદાનાં નીર આ વિસ્તાર માટે હવે જીવાદોરી સમાન બની રહ્યાં છે. ત્યારે નર્મદાનીરથી બનાસનદી પણ બારેમાસ જીવંત થાય તેવો આશાવાદ છવાયો છે.

# પાર્થશ્વર શિવપૂજા કરી જન્મદિવસ મનાવ્યો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

સામાન્ય રીતે આજના સમયમાં યુવાનો પોતાના જન્મદિવસની ઉજવણી મિત્રોને હોટલોમાં પાર્ટી આપીને કેક કાપતા હોય છે પણ વાસ્તવમાં આ રીત સનાતન ધર્મની નથી. આ પશ્ચિમ સંસ્કૃતિનું આંધળું અનુકરણ છે ત્યારે થરાદ તાલુકાના ખારાખોડા ગામના યુવાન દિનેશ દવેનો જન્મ દિવસ આવતો હોવાથી તેમના સોશિયલ મીડિયાનું મોજીલા મિત્રો નામના ગ્રૂપને જન્મ દિવસની પાર્ટી આપવી એવું નક્કી કરવામાં આવેલ ગ્રુપના દરેક મેમ્બરોએ આપવાની હોય છે ત્યારે આ વખતે જન્મ દિવસની પાર્ટીની વાત ગ્રુપમાં કરવામાં આવતાં જ બધા મિત્રોએ સાથે મળીને નક્કી કર્યું કે, અત્યારે પવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે ત્યારે રાજસ્થાનમાં આવેલ સુંધા માતાજીની તળેટીથી ૧૨ કિલોમીટર દૂર કુદરતી વનરાજીઓથી ભરપૂર અને પહાડોમાં આવેલ ખોડેશ્વર મહાદેવના દર્શન કરવાનું નક્કી કર્યું હતું. જેમાં પોતાના ઘરેથી રસોઈનો સામાન(સીધું)સાથે લેવાનું નક્કી કરાયું હતું ભરતભાઇ દવે(મેસરા), સતિષભાઈ દવે(માડકા), ભરતભાઇ દવે(ધરાધરા), દિલીપભાઈ દવે(જસરા), રમેશભાઇ દવે(વળાદર) આ યુવાનો સાથે મળીને ખોડેશ્વર મહાદેવના દર્શન કરીને પવિત્ર માટી લાવીને ખૂબ સરસ પાર્થશ્વર શિવલિંગ બનાવ્યું અને નદીના વહેણનું પાણી લાવીને વૈદિક મંત્રોચ્ચાર સાથે અભિષેક કર્યો હતા બાદમાં બધા મિત્રોએ ત્યાં ધર્મશાળામાં રસોઈ બનાવીને ભોજન લીધું હતું. આમ આજના યુગમાં યુવાનોએ સનાતન ધર્મને અનુસરીને હોટલોમાં પાર્ટી આપવાના બદલે અનોખી રીતે જન્મ દિવસ ની ઉજવણી કરી છે.

# રામપુરા-ખીમાણા ચેકડેમમાં નર્મદાના નીરના વધામણા


વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના રામપુરા-ખીમાણા ગામે સરકાર દ્વારા કરોડોના ખર્ચે બનાવેલ ચેકડેમમાં નર્મદાના નીર નંખાતા રામપુરા-ખીમાણાના ખેડૂતોમાં આનંદ છવાયો છે. નર્મદા ડેમ 'ઓવરફલો' થતાં તેનું પાણી પાઈપલાઈન દ્વારા ચાંગાથી દાંતીવાડા ડેમ સુધી લઈ જવામાં આવેલ છે. જેમાં રામપુરા ખીમાણા ગામના ચેક ડેમમાં પણ પાઈપલાઈન દ્વારા નર્મદાના નીર નાંખવામાં આવેલ છે. જેથી ભુગર્ભ જળ ઉંચકાશે.

આ પ્રસંગે પૂર્વમંત્રી કિર્તિસિંહ વાઘેલા(ધારા સભ્ય કાંકરેજ) અણદાભાઈ પટેલ(ચેરમેન ખેતીવાડી બજાર સમિતિ થરા) સુખદેવસિંહ સોઢા, ઈશ્વરભાઈ પટેલ, ડાયાભાઈ પીલીયાતર, બળદેવભાઈ ઘાંઘોળ, સુખાજી પરમાર, વેલસંગ પરમાર, શંભુજી પરમાર, ગાંડાજી મંત્રી વગેરે તેમજ ખેડૂતભાઈઓએ હાજર રહી નર્મદાના નીરના વધામણા કર્યા હતાં.

# બનાસકાંઠાના પ્રસિદ્ધ કેદારનાથ મંદિરે દોઢ મહિના સુધી શ્રાવણ મહિનાની ઉજવણી

પ્રતિનિધિ અમીરગઢ

હાલ પવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહ્યો હોઈ પ્રસિદ્ધ શિવાલયો શિવભક્તોથી ઉભરાઈ રહ્યા છે ત્યારે અમીરગઢ તાલુકાની જેસોર પર્વતમાળા પરના જયરાજ પર્વત પર બિરાજમાન કેદારનાથ મહાદેવનું અતિ પ્રાચીન મંદિર પણ દર્શનાર્થીઓથી ઉભરાઈ રહ્યું છે.

સતયુગમાં સ્વયંભૂ પ્રગટ થયેલા મનાતા કેદારનાથ મહાદેવના આ અદકા આસ્થા કેન્દ્ર સમાં મંદિરે દ્રાપર યુગમાં પાંડવોએ પણ રાત્રીરોકાણ કરેલ હોવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે.પાંડવોએ આ સ્થળે ગંગા, જમના અને સરસ્વતી નદીની ધારા પ્રગટ કરી હોવાનું મનાય છે અને આ સ્થળે આજે પણ ગંગા,જમના અને સરસ્વતી નદીના કુંડ વિદ્યમાન છે.આ ત્રણે કુંડોમાં અવિરતપણે નિર્મળ જળ વહેતુ રહે છે.આ પવિત્ર અને શુદ્ધ જળ કયારેય ખૂટતું નથી એ આ સ્થળની આગવી વિશેષતા છે.

પવિત્ર કેદારનાથ મંદિરે શ્રાવણ મહિના દરમિયાન દર્શનાર્થે શિવભક્તોના ઘોડાપૂર ઉમટે છે.કેદારનાથ મહાદેવના દર્શન કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થતી હોવાનો દાવો પણ ભાવિકો કરી રહ્યા છે.જયરાજ પર્વત પર બિરાજમાન કેદારનાથ મહાદેવ ગુજરાત

અનુસંધાન પાના નં.૬

# પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે બિરાજમાન વિશ્વેશ્વર મહાદેવ બન્યુ પર્યટન ધામ


સંજય જોષી

પાલનપુર

પવિત્ર શ્રાવણ માસમાં બનાસકાંઠા જિલ્લામાં કુદરતે વેરેલા પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં ભક્તિનું ઘોડાપુર ઉમટયું છે. નદી કિનારે અરવલ્લીઓની ડુંગરમાળા ઓ વચ્ચે આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિરે આવતા ભક્તો ભગવાન ભોલેનાથના દર્શન કર્યા બાદ પ્રકૃતિના ખોળે રમી આનંદ માણી રહ્યા છે.

પાલનપુરથી ત્રીસેક કિલોમીટર દૂર ઈકબાલગઢ પાસે આવેલું શ્રી વિશ્વેશ્વર મહાદેવનું મંદિર પવિત્ર શ્રાવણ માસમાં શિવભક્તો માટે અનેરી આસ્થાનું કેન્દ્ર બન્યું છે. જોકે, નદી કિનારે કુદરતે છુટા હાથે વેરેલા પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિર હાલમાં તો ભક્તોનો ભારે ધસારો રહે છે.

અનુસંધાન પાના નં.૬

# વડગામમાં શિવપુરાણ....


પુષ્કર ગોસ્વામી

વડગામ રણછોડજી મંદિરમાં પવિત્ર શ્રાવણમાસની ઉજવણી ઉપક્રમે યોજાયેલ શિવ મહાપુરાણ કથા માસની ઉજવણી ઉપક્રમે યોજાયેલ શિવ મહાપુરાણ કથામાં શિવ વિવાહનો પ્રસંગ યોજાયો હતો.

# પાલનપુર કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુંમાં ૧૦ વિદ્યાર્થીની પસંદગી

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી.એલ.કોલેજ ઓફ.કોર્મસ ખાતે મેરીકો લિ.મુંબઈ કંપની દ્વારા બી.એસ.સી., એમ.એસ.સી. રસાયણ શાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ માટે ટ્રેઈની કેમીસ્ટની જગ્યાઓ માટેના ઈન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૯-૮-૧૯ ના રોજ મેરી-કો લિ.કંપની ગુજરાત પ્રોજેક્ટના પ્રોજેક્ટ મેનેજર મિ. ચિરાગ ઓઝા, એસો.મેનેજર, પ્રણવ વી. તેમજ પરેશ મર્ય ની ટીમ રૂબરૂ હાજર રહી કંપની અંગેનું પ્રેઝન્ટેશન પ્રોજેક્ટ દ્વારા રજૂ કરવામાં આવેલ ત્યારબાદ બી.એસ.સી., એમ.એસ.સી. ના વિદ્યાર્થીઓના લેખિત કસોટી અને મૌખિક ઈન્ટરવ્યું કરવામાં આવ્યા હતા. આ ઈન્ટવ્યું માટે કુલ ૪૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જે પૈકી લેખિત ઈન્ટરવ્યુના આધારે ૨૫ વિદ્યાર્થીઓની પસંદગી કરી તેઓની રૂબરૂ મુલાકાત ગોઠવવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં ડો.કે.સી. પટેલ દ્વારા કેમ્પસ ઈન્ટવ્યું દ્વારા વધુમાં વધુ વિદ્યાર્થીઓને રોજગારીની તક મળે તેવા આશય સાથે આ પ્રકારની પ્રવૃતિ માટે બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ તેમજ કોલેજ પ્રિન્સિપાલ આસી ડાયરેક્ટર અને કર્મચારી ગણ સતત પ્રયત્નશીલ હોવાનું જણાવેલ.

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી...

**વ્યસ્ત વ્યક્તિને આંસુ સારવાનો પણ સમય મળતો નથી.**

# ચોમાસામાં વરસાદની રૂટિન ઘટના હવે આફતના દિવસો

જાણકારો અને અભ્યાસુઓના મતે વરસાદી પાણીના નિકાલની મુશ્કેલી માટે જેટલી કુદરત જવાબદાર છે, એનાથી વધુ દોષિત માનવી છે. આ હકીકત સમજવાનું સહેલું નથી, તો અશક્ય પણ નથી. હવે તો સ્પષ્ટ રીતે કહી શકાય કે વિકાસ પાછળની આંધળી દોટમાં આપણે નિસર્ગની સમતુલા ખોરવી રહ્યા છે. આ કડવી હકીકત સ્વીકાર્યા વગર છૂટકો નથી કે આપણે નૈસર્ગિક સંતુલન ભારે માત્રામાં ખોરવી નાખ્યું છે. રાજકારણીઓ અને અમલદારોની કેટલીક ભૂલોના પગલે આ કુદરતી વરસાદની ઘટનાને હવે આપણે મોટી આફતો બનાવી રહ્યા છે. આપણે જ આપણા પગ પર પણ કુહાડા માર્યા હોય તે સ્થિતિમાં આવી રહ્યા છે. આનાં માઠાં પરિણામો બાદ કહી શકાય કે લાંબાગાળના આયોજનની મોટી ખામી છે. એક સમયે વરસાદી પાણીના નિકાલની સ્ટ્રોમ વોટર ડ્રેઈન - ગટર અને ગંદા પાણીના નિકાલની અલગ ગટર વિકાસની શક્યતાઓ પ્રમાણે નાખવાના પ્રોજેક્ટ દરેક વિસ્તાર માટે બનતા અને તેનો લાંબાગાળે પણ પૂર્ણ થયાનો અહેસાસ થતો. આજે જે જમીન - ખાડાઓમાં પાણી ભરાઈ રહેતા ત્યાં મોટા એપાર્ટમેન્ટ બની ગયા, તો એવા જ કેટલાક ખાડામાં રહેણાંક સોસાયટીઓ ઉભી કરાઈ હોઈ પાણી એ ખાડામાં સહજ પહોંચ્યું અને એ રૃટિન વરસાદ આજે આફતની વાત બની ગયો છે.

ચોમાસામાં વરસાદને જયારે આફતનો વરસાદ ઓળખવામાં આવે ત્યારે તો પ્રજા દુ:ખ અનુભવે છે. ટીવી પર માત્ર સોસાયટીઓમાં ભરાયેલ પાણી જ બતાવાય છે પણ એજ વરસાદ ખેડૂત માટે આશીર્વાદ સમાન છે અને આજે હવે તે વાવણી કરી શકે છે એ વાત આપણા સૌને જીવતદાન આપનાર છે એ વાત પણ યાદ રાખવાની જરૂર છે. હવે તો દરેક વરસાદ સાથે આફત શબ્દ જ બોલવાની ભૂલ કરવામાં આવી રહી છે. કેમ કે આટલો મોટો દેશ છે છતાં નદીઓના પાણીના વપરાશ કે નિકાલની નથી વ્યવસ્થા કે નથી ક્યાંય એકસૂત્રતા. કુદરત રચિત ઋતુ-ચક્રમાં મૂર્ખાઈભરી ખલેલ પડવાથી ક્યારેક - ક્યાંક વરસાદ જરાય નથી પડતો, ઓછો પડે છે કે વધુ પડતો ત્રાટકે છે. આને પગલે એક વિસ્તારમાં અતિ-વૃષ્ટિ થાય ત્યારે નદીનું પાણી ક્યાં વાળવું, બંધમાંથી ક્યારે કેટલું પાણી છોડવું એ અંગેની વ્યવસ્થા સાવ કંગાળ બનતી જાય છે. કુદરતે ભારત દેશ પર લખલૂંટ મહેરબાની કરી છે, પણ આપણને આ સમૃદ્ધિ વાપરતા-સાચવતા આવડતી ન હોય એ રીતે એનો આડેધડ, બેફામ અને અવિચારી ઉપયોગ કરીને આફતને નોતરતા થયા છે.

માનવીની આ મૂર્ખાઈને લીધે જમીનની પાણી સંઘરવાની-સમાવવાની ક્ષમતા ઘટી ગઈ છે. આથી અતિવૃષ્ટિમાં પાણી જમીનની અંદર જવાને બદલે બેફામ વહી જાય છે. અગાઉ ૨૦૦૫માં સાંગલી-કોલ્હાપુરમાં અતિવૃષ્ટિએ હાહાકાર મચાવ્યો હતો, પરંતુ એ સમયે કોઈ કાયમી ઉકેલ કરવામાં આવ્યો જ નહીં અને આજે ૨૦૧૯માં આ આકરા દિવસો જોવાનો વારો આવ્યો ન હોત. વડોદરા પણ એક આવું જ ઉદાહરણ છે. સવાલ એક શહેર કે રાજ્યનો નથી. બધે આ જ હાલત છે. રસ્તા, પૂલ, મોલ, મલ્ટીપ્લેક્સ, ગગનચુંબી ઈમારતો, વધતાં વાહનો, વનના નિકંદન અને ઔદ્યોગિકરણના અતિરેકથી આ આકરી સ્થિતિ સર્જાઈ છે જેની સીધી અસર ઋતુ-ચક્ર પર થાય છે. આ બધા વચ્ચે અતિ-વૃષ્ટિ જેવી સમસ્યા અંગે કોઈ કાયમી આયોજન કે યંત્રણા અત્યારે તો વિચારણા સુધ્ધાંમાં દેખાતી નથી! ચોમાસામાં વરસાદના કુદરતી ક્રમને આપણે આટલા વર્ષે પણ સમજી શક્યા નથી અને તેનો પુરાવો છે માનવ મૃત્યુ સાથે અબોલા પશુઓના મોતનો તો આંકડો એવો ભયાનક છે કે આ ચોમાસાના રૃટિન વરસાદથી પણ દર ફેલાવા લાગ્યો છે. ગુજરાતમાં ત્રણ દુર્ઘટનામાં કુલ નવ લોકોના મોત થયા, કેરળ અને કર્ણાટકમાં શનિવારે પૂરતી સ્થિતિ વિકરાળ બનતા બે રાજ્યોમાં પૂર, ભૂસ્ખલનના કારણે ૫૪ વ્યક્તિનાં મોત થયા. માનવ અને પશુઓના કરુણ મૃત્યુ સાથે સંપત્તિને થયેલ નુકસાન પણ ચિંતા કરાવનાર છે. ભારે વરસાદ બાદ કર્ણાટકમાં આવેલા પૂરને કારણે રૂ. ૬૦૦૦ કરોડનું નુકસાન થયું હોવાની વાત છે. આથી વરસાદી પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા દરેક વિકસિત વિસ્તારમાં કરાય એ જ છે.

કેમ કે વાત માત્ર પાણીના નિકાલ પર અટકતી નથી. વરસાદ વરસવાની સારી વાતના આશીર્વાદ ગણવાને બદલે આફત તરીકે ઓળખવાની સ્થિતિમાં શહેરીજનો ફસાયા છે. વરસાદ સાથે જ લાઈટ બંધ, રસ્તા બંધ થતા જ લોકોની નોકરી ધાંધામાં પણ બ્રેક લાગે છે. બસ બંધ, ટ્રાફિક જામ અને વાહનો પાણીમાં બગડવાથી થનાર નુકસાન આજે અસહ્ય છે. આજે ઠેર ઠેર નદીના કુદરતી વહેણને સાંકડું કરાઈ રહ્યું છે, તળાવની ઉંડાઇ ઘટી રહી છે, વરસાદી કાસ પર ગેરેકાયદે બાધકામ કરીને પાણીના વહેણને રોકવાનું નુકસાન આજે સમગ્ર સજીવ સૃષ્ટિને ભોગવવાનું આવ્યું છે. એ રીતે આ સમસ્યાનો ઉકેલ મોટો ખર્ચ હોઈ સરકાર જ તેનો કાયમી ઉકેલ લાવી શકે તેમ છે.

# શા માટે સિમરન પરનિજા ઈશારો ઈશારો મે માટે વજન ઘટાડે છે?



વધૂ બનવાની મઝા? તમે ખૂબ જ સુંદર વધૂનો ડ્રેસ, ફેન્સી જવેલરી પહેર્યા છે અને કયારેય ખત્મ ન થનારુ સાજ-શણગારનું સેશન છે. વર અને વધૂ માટે લગ્નની તૈયારી કરવા માટે એક જ પ્લેટમાં ઘણુ છે. તેમ છતાં, એક બાબત કે જે કન્યાઓ માટે વાત કરવાનો મુખ્ય મુદો બને છે કે લગ્નના દિવસ માટે સુંદર દેખાવા માટે વજન ઘટાડવુ. આ જ બાબતની ચિંતા ગુંજનને પણ થાય છે ( કે જેને સિમરન પરનિજા દ્વારા ભજવવામાં આવ્યું છે) કે જે સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝનની લેટેસ્ટ રીલીઝ 'ઈશારો ઈશારો મે' માં તેણીના પડદા ઉપરના જીવનના અનુભવને સ્થિર કરવા તૈયાર છે.આ શો માં યોગી( કે જેને મુદિત નાયરે ભજવ્યુ છે) અને ગુંજનનો મધુર અને રોમેન્ટીક સંબંધ હવે એક નવા અધ્યાય તરફ આગળ વધી રહ્યો છે કારણકે તેઓ તેમના લગ્નની તૈયારી કરી રહ્યા છે. ભારતિય ટેલિવિઝનના ઈતિહાસમાં આવા પ્રકારનુ આ એક જ લગ્ન હશે કારણકે દર્શકો સાંભળવાની ખામી ધરવાતા છોકરાની જોડિ તેના સાથી ગુંજન સાથે થશે કે જે પણ બોલી શકતી નથી. તેમ છતાં બીજી કોઈ પડદા ઉપરના લગ્નની જેમ બંન્ને આગળ પડતા કલાકારો તેમના પડદા ઉપરના લગ્નને વાસ્તવિક જીવનના લગ્ન જેવું બનાવવા સખત સંઘર્ષ કરી રહ્યા છે.આ શો ના આવનારા ટ્રેકમાં દર્શકો જોશે કે કેવી રીતે યોગી સખત સંઘર્ષ કરે છે છૂપી રીતે ગુંજનને મળવા માટે અને તેણીને આશ્ર્ચર્ય પમાડે છે. આ માર્ગમાં યોગીના પિતા મિ.પ્રકાશ અડચણ બનીને ચોકસાઈ કરે છે કે યોગી અને ગુંજન તેમના લગ્ન પહેલા મળે નહિ.ઈશારો ઈશારો મેં ને સોમ-શુક્ર રાત્રે ૮:૦૦ કલાકે માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર નિહાળો

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## અમેરિકાની ઈન્ટરનેશનલ બ્રાન્ડ કન્સલ્ટિંગે ગોએરને ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ તરીકે સન્માનિત કરી



ભારતની સૌથી ઝડપથી વૃદ્ધિ પામી રહેલી ગોએરને અમેરિકાની ઈન્ટરનેશનલ બ્રાન્ડ કન્સલ્ટિંગ (આઈબીસી) કોર્પોરેશનની ભારતીય શાખા દ્વારા 'સૌથી વિશ્વસનીય સ્વદેશી એરલાઈન'તરીકેનો એવૉર્ડ આપવામાં આવ્યો છે. નવી દિલ્હીમાં યોજાયેલા એક ભવ્ય સમારોહમાં આ એવૉર્ડ વાઈસ પ્રેસિડન્ટ, માર્કેટિંગ એન્ડ ઇ-કોમર્સ, શબનમ સૈયદ અને વાઈસ પ્રેસિડન્ટ, પીઆર એન્ડ કોર્પોરેટ કોમ્યુનિકેશન, બકુલ ગાલાએ સ્વીકાર્યો હતો.આઈબીસીના ગ્રાહક સરવેએ ગોએરના ઓન ટાઇમ પરફોર્મન્સ (ઓટીપી)ને ધ્યાનમાં લીધું છે, જેમાં ગોએર સતત ૧૦ મહિના સુધી સૌથી ઉપર રહી છે, એવું બીજા કોઈએ નહીં પરંતુ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ જણાવેલું છે. એ જ રીતે, ગોએરે આ સમયગાળા દરમિયાન સૌથી વધુ લોડ ફેક્ટર્સ નોંધાવ્યા છે. ગોએરે તેના પ્રારંભથી અત્યાર સુધીમાં ૭૩૩ લાખ પ્રવાસીઓનું વહન કર્યું છે અને કંપની આગામી બે વર્ષમાં ૧૦ કરોડ પ્રવાસીઓનો હેતુ ધરાવે છે.

## ભારતને જેણે ખાસ બનાવ્યું તેવા ભારતીયો સાથે આગામી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરો



ભારતના ૭૩માં સ્વાતંત્ર્ય દિને એપિક ચેનલ એવા ભારતીયોની ઉજવણી કરી રહી છે જેમણે આપણને એક દેશ તરીકે બાંધવાના ઉત્સાહને મૂર્તિમંત કર્યો છે. સ્વાતંત્ર્ય સેનાનીઓથી લઈને મુક્ત વિચારધારા ધરાવતા વ્યક્તિઓ સુધી, ઈન્ડિયા કા અપના ઈન્ફોટેઇનમેન્ટ, એવા અદ્વિતીય પુરુશો અને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે એવી પ્રખર સ્વતંત્રતા, સ્વ-નિર્ધારણ અને સંકલિતતાનો સમાવેશ કરે છે જે આપણા રાષ્ટ્રની ઓળખ આપે છે. સ્વતંત્રતા દિન પ્રિમીયર થતો આ શો એક ખાસ ફીચર છે, જેનું ટાઇટલ છે 'સાયબર યોદ્ધા', જેનું સંચાલન સર્વતોમુખી અભિનેતા આશુતોષ રાણા દ્વારા કરવામાં આવશે જે પ્રેક્ષકો સમક્ષ સાયબર સિક્યોરિટી નિષ્ણાત ત્રિશનીત અરોરાને રજૂ કરશે જે વૈશ્વિક સાયબર સંરક્ષણની અગ્ર હરોળમાં છે. "એક ચેનલ જે ભારતની ઉજવણી કરે છે તેના માટે સ્વાતંત્રતા દિન નિ:શંકપણે ખાસ છે. આપણો અસાધારણ દેશ અસાધારણ લોકોથી બનેલો છે. ચાલુ વર્ષે આપણે તેમની, તેમની સિદ્ધિઓ, તેમની સમર્પિતતા અને તેમની કુશળતાની ઉજવણી કરીએ છીએ, જેણે યુવા ભારતીયોની પેઢીને સતત પ્રેરણા પૂરી પાડતી રહી છે.પ્રસારિત થનારા ખાસ કાર્યક્રમોમાં ઊચ્ચ સિદ્ધ પ્રાપ્ત કરેલ દરેક ભારતીયોનો સમાવેશ થાય છે. સિરિઝ 'ભારત કી આવાઝ: ગ્રેટ ઈન્ડિયન સ્પીચીઝ' – ભારતના અત્યંત પ્રભાવશાળી નેતાઓ દ્વારા સમર્થન અપાયેલ આઇડીયા અને ખ્યાલોને દર્શાવે છે. અન્યો ઉપરાંત ઈન્દિરા ગાંધી, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ અને લાલ બહાદૂર શાસ્ત્રીનો આ સિરીઝમાં સમાવેશ કરાશે અને ભારતના ઈતિહાસમાં પાયારૂપ ક્ષણોને જીવંત બનાવશે. 'પહેલી', અન્ય એક સિરીઝ છે, જેમાં પ્રેરણારૂપ વ્યક્તિઓનો સમાવેશ થાય છે, જેણે મહિલાઓ માટે પુરુષોના પ્રભુત્વવાળા ક્ષેત્રોમાં એસ્ટ્રોનોમિથી લઇને વેઇટલિફ્ટીગ ક્ષેત્રે માર્ગ ખુલ્લો કર્યો છે તેવી મહાન મહિલાઓનું આ સિરીઝમાં નિરૂપણ કરવામાં આવ્યું છે..

<u>આ સ્વતંત્ર દિન નિમિતે દેશભક્તિની લહેજતના સાક્ષી બનો,</u>

## ઝી સિનેમા પ્રસારિત કરી રહ્યું છે, કેસરીનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર ૧૫મી ઓગસ્ટે




સારાગ્રહીના યુદ્ધની એક ઐતિહાસિક સત્ય ઘટના પર આધારીત, કેસરીએ એક ૨૧ શિખો સૈનિકો દ્વારા જે અનુકરણીય બહાદુરી દર્શાવવામાં આવી છે, તેનું ઉદાહરણ છે. અનુરાગ સિંઘ દ્વારા ડિરેક્ટ, કેસરીમાં અક્ષય કુમાર અને પરિનીતિ ચોપરા અગ્રણી ભૂમિકામાં છે. આ સ્વતંત્ર દિન નિમિતે, ઝી સિનેમા ઉજવણી કરે છે, જઝબાની તથા ૨૧ બહાદુર દિલના બહાદુરોની જેઓ તેમની માતૃભૂમિ માટે બહાદુરી પૂર્વક લડ્યા છે, કેસરીનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર જૂઓ, ગુરુવાર, ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ બપોરે ૧૨ વાગે.સારાગ્રહીનું યુદ્ધ ૧૨મી સ્ટેમ્બર ૧૮૯૭ના રોજ ઉત્તર-પશ્ચિમના સરહદના તિરહ પ્રાંતમાં થઈ હતી, જે સમગ્ર વિશ્વમાં લડાયેલી સૌથી બહાદુરી પૂર્વકનું યુદ્ધ હતું! જેમાં ૩૬મી શિખ રેજિમેન્ટના ૨૧ સૈનિકો ૧૦,૦૦૦ અફઘાનિસ્તાન ના આક્રમણકારીઓના મોટા કાફલાની સામે લડ્યા હતા. હવિલદાર ઈશાર સિંઘ (પાત્ર કરી રહ્યા છે, અક્ષય કુમાર)ની અગ્રીમતા હેઠળ આ ૨૧ સૈનિકોની આ ટાસ્ક ફોર્સે અફઘાનીનો અત્યાર સુધીનો સૌથી મોટો વિરોધ કર્યો હતો. સૈનિકોએ એ બાબત માટે લડવાનું નક્કી કર્યુ જેમાં તેઓ માને છે- ક્યારેય છોડીને જવું નહીં અને ક્યારેય અટકવું નહીં. તેઓ આ યુદ્ધ હારી ગયા તેમ છતા પણ તેમના પ્રયત્નોથી તેમને યુદ્ધ જીતવામાં મદદ મળી હતી.હાલમાં, ૧૨મી સપ્ટેમ્બર (યુદ્ધની તારીખ)ને ભારતીય આર્મીમાં સારાગ્રહી દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને બ્રિટનમાં પણ તેની ઉજવણી થાય છે, જ્યારે અમૃતસર અને ફિરોઝપુરના આ બે ગુરુદ્વારા ૨૧ શહિદોની બહાદુરીની યાદમાં ઉભા કરવામાં આવ્યા છે. આજની તારીખે, આ ગુરુદ્વારામાં દરરોજ હજારો શ્રદ્ધાળુઓ મુલાકાત લે છે. સારાગ્રહીનું યુદ્ધ એ હકિકતમાં એક 'વિરતા'ના પ્રતિક તરીકે ઓળખાય છે.આપણા બહાદુરોની યાદમાં, ઝી સિનેમા ૧૩મીથી ૧૫મી ઓગસ્ટની વચ્ચે કેસરી બનશે.

## ૧૨ કલાકની બેટરી લાઈફ સાથે વાયરલેસ બિલ્ટ-ઈન એલેક્સા સ્પીકર સોની જીઈજી-XB402



સોની આજે તેની ઓડિયો રેન્જની શક્તિશાળી એડિશન, બિલ્ટ ઈન એલેક્ઝા અને ૧૨ કલાકની બેટરી લાઈફ વાળા જીઈજી-ઠમ્૪૦૨સ્ની જાહેરાત કરી રહ્યુ છેવાયરલેસ બિલ્ટ-ઈન એલેક્ઝા સ્પીકરસોનીનું જીઈજીXB402M સ્પીકરમાં બિલ્ટ-ઈન એલેક્ઝા હોય છે. તમારે માત્ર એલેક્ઝા સાથે પેઈર કરી અને તમારા મનપસંદ ગીત માટે વોઈસ કમાન્ડ આપવાનો હોય છે. વોલ્યુમ વધારો. બટને અડ્યા વિના માત્ર તમારા અવાજથી જ હવામાન ચકાસો, ટ્રાફિક ચકાસો..

લાઈવ સાઉન્ડ મોડ સાથે, હોશિયારીથી એન્ગલ કરેલ સ્પીકર અને ડિજીટલ સિગ્નલ પ્રોસેસિંગ (ડીએસપી) ટેકનોલોજી તમારા સંગીતને આસપાસના ધ્વનિ પ્રભાવ માટે વિશાળ ક્ષેત્રમાં મોકલે છે, તમને ત્રિ-પરિમાણીય ધ્વનિનો અનુભવ આપે છે, જેમકે તમે સંગીતના ઉત્સવ કે કોનસર્ટમાં હોવ. સ્પીકરમાં રંગબેરંગી લાઈન લાઈટસ અને ફ્લેસિંગ સ્ટ્રોબ છે જે બીટ્સ સાથે સિન્ક થઈને, સરસ પાર્ટીનું વાતાવરણ ઉભુ કરે છે. તમારા અવાજનો ઉપયોગ તમારી મનપસંદ ટ્યુન વગાડવા, વોલ્યુમ બદલવા અને બીજુ બધુ કરવા માટે કરો. વધુમાં, સ્પોટીફાય જોડાણ સાથે, તમે તમારા પ્લે લિસ્ટ, મનપસંદ કલાકાર અથવા પોડકાસ્ટને XB402M દ્વારા માત્ર થોડા પગલાં માંજ જોડી શકો છો. સરળતાથીXB402Mને તમારા સ્માર્ટફોન, ટેબ્લેટ અથવા લેપટોપ સાથે વાઈ-ફાઈ અને સ્પોટીફાઈ એપ્લિકેશન મારફત તમને પ્રિય વસ્તુ સાંભળવાની શરૂ કરો.

## ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈકના પ્રિમિયરની સાથે સ્વતંત્ર દિવસ પર એન્ડપિક્ચર્સ ઉજવણી કરે છે, નયે ઈન્ડિયા કા નયા જોશની ૧૫મી ઓગસ્ટ




રાષ્ટ્ર તેના ૭૩મા સ્વતંત્ર દિવસની ઉજવણી માટે તૈયાર થઈ રહ્યો છે, ત્યારે એન્ડ પિક્ચર્સ- નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, પ્રિમિયર કરી રહ્યું છે, ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક, ગુરુવાર, ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ બપોરે ૩ વાગે. ભારતીય ઈતિહાસની આ એક ઐતિહાસિક પળ છે, જેમાં તેને એક સંપૂર્ણ ચોક્કસાઈપૂર્વક કામ કર્યો તથા સમગ્ર વિશ્વને એક સંદેશો પણ મોકલ્યો: ભારત હવે લડવામાં શરમ અનુભવશે નહીં. ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈકએ ભારતનો પડઘો પાડતી ક્ષણો હતી, જેના લીધે દેશની ધારણામાં સમગ્ર વૈશ્વિક સ્તરમાં પલટો આવ્યો હતો. નવોદિત ડિરેક્ટર, આદિત્ય ધારના આ મૂવીમાં જે કલાકારોનો સમાવેશ થાય છે, તેમાં યામી ગૌતમ, પરેશ રાવલ અને કિર્તિ કુલ્હારી અગ્રણી ભૂમિકામાં છે, સાથોસાથ મોહિત રૈનાએ બોલિવૂડમાં પ્રવેશ કર્યો છે. આ બધાની આગળ છે, મેજર વિહાન સિંઘ શેરગીલ, જે પાત્ર અન્ય કોઈ નહી, પરંતુ વિકી કૌશલે નિભાવ્યું છે. ફિલ્મની વાર્તા મેજર વિહાન સિંઘ શેરગીલ (વિકી કૌશલ), એક બહાદુર અને સંકલ્પ પાત્ર અધિકારની આસપાસ ફરે છે. એક સફળ મિશન બાદ વિહાન તેના આર્મીના જીવનમાંથી નિવૃત થવા ઈચ્છે છે, પરંતુ થોડા જ સમયમાં તેની માતાની માંદગી અને તેની માતૃભૂમિનું રક્ષણ બંનેમાંથી એકની પસંદગી કરવાનો સમય આવે છે. ગોવિંદ ભારદ્વાજ (પરેશ રાવલ), રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર, મેજર વિહાનને અત્યંત ગુપ્ત એવી કામગીરી માટે નિમણૂંક કરે છે, જે ભારતના વડાપ્રધાન (રજિત કપૂર)ના માર્ગદર્શન હેઠળ યોજવાનું હોય છે. ત્યારબાદ આ મૂવી ૫ વિભાગમાં વહેંચાઈને અંતે એક- સર્જિકલ સ્ટ્રાઈક બને છે. આ ફિલ્મમાં ઓપરેશનની જીણામાં જીણી વિગત છે, જે મેજર વિહાનની અગ્રિમતામાં કરવામાં આવ્યું છે, ખીણના મધ્યભાગથી લઈને પીઓકે ઝોન સુધી જેમાં આંતકવાદી કેમ્પ ચાલી રહ્યા છે. કોઈપણ વ્યક્તિ સીનની પાછળ રહેલા રહસ્યનેતથા જે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, તેની ચિંતાને અનુભવી શકે છે..

## કિયા મોટર્સ ઈન્ડિયાએ અનંતપુરથી સેલ્ટોસનું મોટાપાયે ઉત્પાદન શરૂ કર્યું



નવી દિલ્હી

કિયા મોટર્સ, દેશની ૮મી સૌથી મોટી ઓટોમેકર, આજે ભારતમાં તેની પ્રથમ કારના ઉત્પાદન લઈને આવી છે, જેનું નામ છે, સેલ્ટોસ, જેનું ઉત્પાદન તેની શ્રેષ્ઠ ઉત્પાદન સુવિધા અનંતપુર, આંધ્રપ્રદેશ ખાતે કરશે. કંપનીએ વધુમાં જાહેર કર્યું કે, તે ભારતમાં અલગ- અલગ વાતાવરણની પરિસ્થિતિમાં તથા સૌથી વધુ પડકારજનક ભૂપ્રદેશોમાં ૨૦ લાખ કિલોમિટરથી વધુના વાહનના પરિક્ષણ બાદ સેલ્ટોસનું ભારતમાં સૌથી વધુ માસ પ્રોડક્શનનું ઉત્પાદન વધારશે.પ્રથમ કિયા સેલ્ટોસને એસેમ્બલી લાઈનથી બહાર લાવવામાં ભારતમાં દક્ષિણ કોરિયા ગણતંત્રના માનનિય રાજદૂત, શ્રી શિન બોંગકિલ અને શ્રી કૂખ્યુન શીમ, મેનેજિંગ ડિરેક્ટર અને સીઇઓ ઓફ કિયા મોટર્સ ઈન્ડિયાની સાથે રાજ્ય સરકાર તથા કિયા મોટર્સ ઈન્ડિયાના અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો હાજર હતા.

આંધ્રપ્રદેશ સરકાર દ્વારા પણ રેકોર્ડ સમયમાં સેલ્ટોસના ઉત્પાદનમાં અમારા લક્ષ્યાંકને હાંસિલ કરવામાં અમૂલ્ય ફાળો આપવામાં આવ્યો છે. પ્રથમ સેલ્ટોસએ ભારતીય બજારમાં કિયાની પ્રતિબદ્ધતા અને અમારા વાયદાનું પ્રતિક છે."ઓટો એક્સપો ૨૦૧૮માં તેના પ્રવેશથી જ કિયા મોટર્સનો ભારતનો પ્રવાસ નોંધનિય રહ્યો છે. જેમાં કંપનીએ તેના ટોચના ૧૬ વૈશ્વિક લાઈન-અપ્સની સાથે તેનું કોન્સેપ્ટ વર્ઝન સેલ્ટોસને કંપનીએ દર્શાવ્યા હતી, જે ઓટો એક્સપોમાં સૌથી વધુ પસંદગી પામેલી કાર છે. ટ્રાયલ પ્રોડક્શન (જાન્યુઆરી ૨૦૧૯)ના પ્રથમ ૬ માસના ગાળામાં જ, કિયાએ ૨૦મી જૂનના રોજ દિલ્હી ખાતે સેલ્ટોસનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર રજૂ કર્યું હતું.

## માઈક્રોસોફ્ટે અપોલો હોસ્પિટલ્સ સાથે સહયોગ કરીને કાર્ડિયોવસ્ક્યુલર ડિસિઝના નિવારણ માટે નેશનલ ક્લિનિકલ કોર્ડિનેશન કમિટીની સ્થાપના કરી

હેલ્થકેર પહેલ માટે માઈક્રોસોફ્ટના એઆઇ નેટવર્કના ભાગરૂપે માઈક્રોસોફ્ટ ઈન્ડિયા અને અપોલો હોસ્પિટલ્સ ગ્રુપે એઆઇ-આધારિત કાર્ડિયોવાસ્ક્યુલર ડિસિઝ રિસ્ક સ્કોર એપીઆઇ (એપ્લીકેશન પ્રોગ્રામ ઈન્ટરફેસ) માટે નેશનલ ક્લિનિકલ કોઓર્ડિનેશન કમીટી (એનસીસીસી)ની રચના કરી છે. આ કમીટીમાં અપોલો હોસ્પિટલ્સ, ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સિસ, નવી દિલ્હી તથા કિંગ જ્યોર્જસ મેડિકલ યુનિવર્સિટી, લખનઉના અગ્રણી ડોક્ટર્સનો સમાવેશ થાય છે.

કાર્ડિયોવસ્ક્યુલર ડિસિઝ (ઝફઢજ) ભારતમાં મૃત્યુ થવા પાછળનું સૌથી મોટું કારણ છે, અને તેનાથી મૃત્યુ થવાનું પ્રમાણ લગભગ ૨૫ ટકા જેટલું છે, જે પૈકી મૃત્યુ પામનાર લોકોની ઉંમર ૨૫થી ૬૯ વર્ષની વચ્ચે છે. યુરોપિયનોની તુલનામાં આ સ્થિતિ પણ ભારતીયોને એક દાયકા વહેલાં અસર કરી રહી છે. ભારતીયોને અસર કરતી કાર્ડિયોવસ્ક્યુલર ડિસિઝની સમસ્યાના ઊંચા પ્રમાણને જોતા અપોલો હોસ્પિટલ્સ અને માઈક્રોસોફ્ટ ઈન્ડિયા એ વર્ષ ૨૦૧૮માં પ્રથમવાર છૈં-સંચાલિત ઝફઢ રિસ્ક સ્કોર છૈં લોન્ચ કર્યું હતું, જેને ખાસ કરીને ભારતીય લોકોમાં કાર્ડિયોવસ્ક્યુલર ડિસિઝ (CVD)ના જોખમની ભવિષ્યવાણી કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

અત્યાર સુધીમાં ૨,૦૦,૦૦૦થી પણ વધારે લોકો પહેલાંથી જ અપોલો હોસ્પિટલ્સમાં API-સંચાલિત APIનો ઉપયોગ કરતા જોવા મળ્યાં છે અને ઘણા કિસ્સાઓમાં તો ફિઝિશિયન્સ ૫થી ૭ વર્ષ પહેલાં જ દર્દીઓમાં રિસ્ક-સ્કોરની આગાહી કરવામાં સક્ષમ બન્યા છે. માઈક્રોસોફ્ટ એઝ્યુર ઉપર તૈયાર, APIનો ઉદ્દેશ્ય ખાણી-પીણી, તમાકું અને ધ્રુમપાનને પ્રાથમિકતાઓ, શારીરિક કસરત અને માનસિક તણાવ તેમજ ચિંતાઓ જેવા જીવનશૈલીને અસર કરતા વિવિધ જોખમી પરિબળોના આધારે ભારતની જનસંખ્યાનો સચોટ CVD રિસ્ક સ્કોર નિર્ધારિત કરવાનો છે.

<u>આઝાદ ભારતના જુસ્સાની ઉજવણી કરો</u>

# ઝી બોલિવૂડ પર સ્વતંત્ર દિન મૂવી મેરેથોનની સાથે!

સ્વતંત્ર દિવસએ સાથે મળવાનો, ભારતીય રાષ્ટ્રધ્વજ લહેરાવવાનો અને પરેડ કરતી વખતે, ભારતના આ જુસ્સાને સલામ કરો. પરંતુ કેટલાક માટે, સ્વતંત્ર દિવસએ પાછળ બેસી અને દેશભક્તિના ફિલ્મો જોવાનો છે. આ મૂડને તૈયાર કરો, ઝી બોલિવૂડ, ૧૦૧ ટકા શુદ્ધ બોલિવૂડ ચેનલ તમારા માટે લાવે છે, ખાસ સ્વતંત્ર દિવસ મૂવી મેરેથોન, ગુરુવાર ૧૫મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ સવારે ૬.૩૦ વાગ્યાથી. ક્રાંતિથી લઈને સરફરોશ સુધી, ઝી બોલિવૂડ તૈયાર છે, તમારી દેશભક્તિને જગાવવા માટે તેના ૧૦૧ ટકા શુદ્ધ મનોરંજનની સાથે, પૂરો દિવસ તમારી અંદરના આઝાદીના જુસ્સાને વેગ આપવા માટે! સ્વતંત્ર દિનની ઉજવણીની તૈયારી કરો, એક પછી એક દિલિપ કુમારની બે હિટ ફિલ્મો 'ક્રાંતિ' અને 'કર્મા' અનુક્રમે સવારે ૬.૩૦ અને ૧૦.૩૦ વાગે. મનોજ કુમાર દ્વારા ડિરેક્ટ ૧૦૧ ટકા શુદ્ધ નાટ્ય ફિલ્મ ક્રાંતિમાં દિલિપ કુમાર, શશી કપૂર, હેમા માલિની, શત્રુધન સિંહા અને પરવીન બાબી જેવા જાણિતા કલાકારોનો સમાવેશ થાય છે. ૧૦૧ ટકા ટશન સે ભરા 'કર્મા' પણ સુભાષ ઘાઈ દ્વારા ડિરેક્ટ એક મલ્ટીસ્ટારર ફિલ્મ છે, જેમાં પ્રસિદ્ધ સિતારા નુતન, દિલિપ કુમાર, નસરુદ્દીન શાહ, જેકી શ્રોફ, અનિલ કપૂર, પૂનમ ધિલ્લોન, શ્રીદેવી, દારા સિંઘ અને અનુપમ ખેર જેવા સિતારાઓ એક સાથે જોવા મળશે. દિવસના બપોર બાદના સમયગાળામાં દેશભક્તિની ભાવનાને વધુ ઉંડાણપૂર્વક આગળ વધારતા જૂઓ ૧૦૧ ટકા શુદ્ધ નાટ્યથી ભરેલી અબ તુમ્હારે હવાલે વતન સાથિયોં, તૈયાર છે, બપોરે ૨ વાગે. અનિલ શર્મા દ્વારા ડિરેક્ટ આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર અને બોબી દેઓલ જેવા સુપરસ્ટાર છે. ત્યારબાદ તુરંત જ સાંજે ૫.૩૦ વાગે.

# રોકડી રમૂજ

## હસતાં હસતાં

**-નટુભાઈ આચાર્ય**

રમૂજની રોશનીના રવિ એટલે સ્વ.ડૉ.ભાસ્કર રાયજી છાયા, સૌરાષ્ટ્રની હરિયાળી ભૂમિથી આવીને સરકારી નોકરી અને સેવા માટે રણની સુકી ધરા ઉપર પસંદગી ઉતારી. વારાહીને પોતાની વ્હાલી કર્મભુમિ કાયમ માટે બનાવી. ભેખધારી ડૉ.છાયાસાહેબ સફળ ડૉકટર તો ખરા, જ પણ સાથે સાથે રમતિયાળ રમૂજના એક પણ રસીયા. એમની એક જ વાતમાં હંમેશાં હળાહળ હાસ્ય છલકતું હોય જ. અહીંના વડીલો કહે છે કે કોઈપણ દર્દીને તેમની પાસે જાય ત્યારે તેમની રમૂજથી દવા લીધા પહેલાં જ અડધો સાજો થઈ જાય.

એક વાર એક દર્દીએ ફરીયાદ કરી, 'સાહેબ, બે દિવસ આપની દવા લીધી પણ કોઈ ફેર નથી.. (સાહેબની દવા લીધા પછી બે દિવસમાં ફેર ન પડે તેવું ભાગ્યે જ બનતું) સાહેબે હળવું હાસ્ય વેરી દર્દીને કહ્યું, 'ભઈલા તમારો ચહેરો ચાડી ખાય છે કે તમે ફાફડાને મરચાં પેટમાં પધરાવ્યા છે.. બોલો...!' પેટમાં ફાફડા પધરાવવાની સાહેબની વાત સાંભળી દર્દીના પેટમાં ફાળ પડી.. દર્દી કહે, 'અરે સાહેબ, આ તો મારૂં બેટું ગજબનું કહેવાય !' ચહેરો જોઈને તમે આવું બધું કહી શકો ? હવે આવી ભૂલ નહીં કરૂં ફરીથી દવા આપો સાહેબ..' સાહેબના મનગમતા મિત્રો પણ એવા ખબરદાર ખબરી કે ગામની ખુશખબરી કે દુ:ખબરીની બધી વાતું વીણી વીણીને જણાવી દે... એકવાર અમારે નિવૃત્ત આચાર્ય શંકરભાઈ ઠક્કરને યુવાનીમાં આંખમાં અતિ પીડા. આંખ લાલ કરીને આવી પહોંચ્યા.. છાયા સાહેબ પાસે... સાહેબ કહે, 'શંકરજી, શું આવી ગયા ?' સાહેબ, આપને આંખ બતાવવા આવ્યો છું.....જવાબ સાંભળી મજાકમાં આંખ કાઢીને કહે, 'આંખ બતાવ, તારાં ઘરવાળાને, મને શા માટે બતાવે ?'શંકરભાઈ કહે, સાહેબ, મારી આંખ લાલ રહે છે ? સાહેબ હસીને કહે, રઘુવંશીની આંખ તો લાલ જ હોય ને ! દવાખાને બેઠેલા બધાંય દર્દીઓ ખડખડાટ હસી પડયા.

સરકારી નોકરી દરમ્યાન વારાહીથી દીઓદર તેમની બદલી થઈ તેમના વારાહીના મિત્ર મુળજીભાઈ તબિયત બતાવવા છેક દિયોદર ગયા. દવાખાને જઈ કહે, 'સાહેબ છ દિવસથી હેરાન છું.. કોઈ દવા અસર કરતી નથી. સાહેબે તપાસ કરી કહ્યું, 'મુળજી તને પીળીયાની અસર છે; ને તું છે બજારના નાસ્તાનો બંધાણી, કંઈ નાસ્તો ન કરતો. તારા માટે આપણા ઘેર બાજરાનો રોટલો બની જશે.એ વખતે દિયોદર સરકારી દવાખાનામાં એક ખુરશી અને બે બાંકડા દરમ્યાન ત્યાંના પી.એસ.આઈ.જમાદારને બતાવવા દવાખાને આવ્યા. મુળજીભાઈ સાહેબ માટે ખુરશી ખાલી કરી ઊભા થવા ગયા ત્યારે છાયાસાહેબ કહે, 'મૂળજી તું મહેમાન છે તું ખુરશીમાં જ બેસ. સાહેબ ઘરના છે. બાંકડે બેસશે. પી.`એસ.આઈ.એ બાંકડે ન બેસતાં ઉભા ઉભા જ રજુઆત કરી. 'સાહેબ, આ જમાદારને સખત તાવ છે, ઈંજેકશન આપી દો ને !'

છાયા સાહેબે કરડી નજર કરી ફોજદારને પૂછયું, 'સાહેબ આપે એમ.બી.બી.એસ.કયારે કર્યુ ? પ્રશ્ન સાંભળી અધિકારી અવાક બની ગયા. સાહેબે મેં મેં.. કયાં ? તો પછી દર્દીને ટેબલેટની જરૂર છે કે ઈંજેકશનની એ તો મને જ ખબર પડે ને સાહેબ !' પછી ફોજદાર કહે હા...હા.. સાહેબ..જી..સાહેબ....પછી છાયા સાહેબ હસીને કહે, 'જુઓ સાહેબ, આ જમાદાર મિત્રને તરત સાજા કરવામાં મને રસ છે. કારણ કે અમે રોજ સાંજે વોલીબોલ રમીએ છીએ. એમ બોલી બધાંયને હાસ્યમાં તરબોળ કરી દીધા.

સરકારી નોકરીમાંથી રાજીનામું આપી તેમણે વારાહીને વતન બનાવી સેવાભાવથી ખાનગી પ્રેકટીસ ચાલુ કરી.વારાહીના હાસ્ય રસીક વેપારી મિત્રો રોજ રાત્રે સાહેબ જોડે બેઠક જમાવે તે મજાકની મોજું માણે એકવાર ડૉકટર સાહેબે તેમના જીવવનનો મહત્વનો પ્રસંગ મિત્રોને જણાવ્યો. રજવાડાનાં ભારતમાં વીલીનીકરણ બાબતે આદરણીય સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલે જ્યારે રાધનપુરના નામદાર નવાબ સાહેબને પણ દિલ્હી બોલાવ્યા ત્યારે અંગ્રેજીના જાણકાર અને બાહોશ મિત્ર એવા ડૉ. છાયા સાહેબને નવાબ સાહેબ સહાયક તરીકે સાથે લઈ ગયેલા. ત્યાં રોકાણ દરમ્યાન નવાબ સાહેબની પાલતુ કુતરી બીમાર પડી અને એની સારવાર પાછળ પુરા બસો રૂપીયાનો ખર્ચો થયેલો. (એ જમાનામાં આ રકમ મોટી હતી) આ પ્રસંગ સાંભળી વેપારીઓની આંખો પહોળી થઈ ગઈ. દાઢી અને મુંછમાં હસ્યાય ખરા ને રમૂજ કરવા ને સાહેબનો ચાબખો સાંભળવા બોલ્યા, અરરર.. કૂતરી પાછળ આટલો બધો ખર્ચ ? આ તો બહુ કહેવાય. છાયા સાહેબની કમાન છટકી ને તીખું તમતમતું કહ્યું, વેપારી મગજના વેવલાઓ.. એ જાતવાન કુતરી હતી એ કોઈની એંઠી ડુંગળીને કઢી ખાધે કરે નહોતી..' અને પછી તો સાહેબ સહિત આ મંડળ હાસ્યના હીલોળે ચડી ગયું..

**નટુભાઈ આચાર્ય, વારાહી**

<u>આરાધના</u>

# પ્રતિજ્ઞા ફળે કે આશીર્વાદ ?

મહાભારતનો એક પ્રસંગ છે. મહાભારતના યુદ્ધમાં કૌરવ પક્ષે મહાસમર્થ ગુરૂ દ્રોણ, ઈચ્છા મૃત્યુને વરેલા પિતામહ ભીષ્મ અને એવા અનેક યોદ્ધાઓ હોવા છતાં પાંડવ પક્ષના વિજયનાં એંધાણ આવતાં જોઈને દુર્યોધન અકળાઈ જાય છે તે મહારથી ભીષ્મ પિતામહને ટોણો મારતાં કહે છે, દાદા તમે અન્ન તો અમારૂં ખાઓ છો અને કુણી લાગણી પાંડવો પ્રત્યે રાખો છો. તમારા નેતૃત્વમાંથી મારો વિશ્વાસ ડગી રહ્યો છે. મને તમારી યુદ્ધ કૌશલ્યતાનો પરિચય કરાવો.

મેણાંટોણાંથી વ્યથિત થયેલા પિતામહ ભીષ્મ પ્રતિજ્ઞા કરે છે, હે દુર્યોધન તને મારી નિષ્ઠામાં ઉણપ દેખાતી હોય તો જોઈ લે, સાંભળ આવતી કાલે ઘોર યુદ્ધમાં હું મારી પુરી તાકાતથી લડીશ અને સાંજ સુધીમાં આ પૃથ્વીને પાંડવવિહિન કરીશ.' દુર્યોધન મનોમન રાજી થાય છ. સર્વજ્ઞ ભગવાન શ્રીકૃષ્ણને આ વાતની ખબર પડે છે. આ તો ભીષ્મ પ્રતિજ્ઞા છે. જો દાદા પુરી તાકાતથી લડશે તો પાંડવોને બચાવવા મુશ્કેલ થશે. પોતે વચને બંધાયેલા હતા કે જો આ યુદ્ધમાં એક પાંડવ હણાશે તો હું જીવી શકીશ નહીં.. તેમને ખબર હતી આવતી કાલે વહેલી સવારે ચાર વાગે ભીષ્મ પિતામહે દુર્યોધનની પત્નીને આશીર્વાદ આપવા બોલાવી છે. તેથી શ્રીકૃષ્ણે દ્રૌપદીને તૈયાર કરી. રાત્રે ત્રણ વાગે અંધારામાં કામળી ઓઢીને હાથમાં ફાનસ લઈને દ્રૌપદીને સાથે લઈને પિતામહ ભીષ્મ પાસે આવ્યા છે. કૃષ્ણ દ્રૌપદીને સમજાવે છે પિતામહ રોજ સવારે વહેલા પૂજા કરીને જેને અખંડ સૌભાગ્યવતી ભવ એવા આશીર્વાદ આપે છે તે સફળ થાય છે. માટે તું માથે આઘું ઓઢીને પિતામહ ભીષ્મને પગે લાગીને આશીર્વાદ માંગજે..

દ્રૌપદી દાદા ભીષ્મને પગે લાગે છે, આશીર્વાદ માગે છે.દાદા કહે છે કે બેટા અખંડ સૌભાગ્યવતી ભવ.

દ્રૌપદી પોતાની સાડી ઉંચી કરીને પિતામહને ફરીથી વંદન કરીને પુછે છે દાદાજીતમે ગઈ કાલે પ્રતિજ્ઞા લીધી છે આજ સાંજ પહેલાં પૃથ્વી નપાંડવી કરશો તો પછી આપે આપેલા આશીર્વાદ અખંડ સૌભાગ્યતી ભવ એ સાચા કે આપે લીધેલી પ્રતિજ્ઞા ?

દાદા હર્ષિત હૃદયથી કહે છે બેટા દાદાના તો આશીર્વાદ સાચા જ હોય. મારી ભીષ્મ પ્રતિજ્ઞા ભલે હજાર વાર તુટે પરંતુ મારા અંતરના આશીર્વાદ ફળજો પછી દાદા આસ્તે રહીને પુછે છે દીકરી તને આટલી રાત્રે અંધારામાં અહીં સુધી આવવામાં ડર નથી લાગ્યો ? દ્રૌપદી કહે છે દાદા મારી સાથે મારો નોકર ફાનસ લઈને આવ્યો છે તેથી ડર લાગ્યો નથી.

દાદા કહે છે તો મારે તારા એનોકરના દર્શન કરવા છે. દ્રૌપદી આવી સલાહ તને આપનાર એ તારો નોકર સર્વશક્તિમાન, સર્વજ્ઞ ભગવાન શ્રીકૃષ્ણ જ હશે એની મને ખાત્રીછે મને તેનાં દર્શન કરાવ.

આ રીતના પ્રસંગથી સમજી શકાય છે કે વડીલોના આશીર્વાદ ફળે છે માટે વડીલોની સેવા કરીને તે હયાત માતા પિતા કે વડીલોના આશીર્વાદ લઈને ધન્ય થઈએ...

**-નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

# મોડાસાના લાંચીયા પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટની અટકાયત : ૫ દિવસના રિમાન્ડ મંજુર



પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટ

પ્રતિનિધી અરવલ્લી

મોડાસા ટાઉન પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટ વર્ષ-૨૦૧૮ માં માલપુર પોલીસે સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે દુષ્કર્મ ના કેસમાં આરોપીને ફાયદો થાય તે રીતે કાગળ કરી આપવા જે તે સમયે ત્રણ લાખ રૂપિયાની લાંચ માંગી હતી જેમાંથી ૨ લાખ ૨૫ હજાર રૂપિયા અગાઉ લીધા હોવા છતાં દુષ્કર્મના આરોપીને બાકીના રૂપિયા માટે દબાણ કરતા ગાંધીનગર એસીબી નો સંપર્ક કરતા ૭ જુલાઈએ મોડાસા સહયોગ ચોકડી નજીક ગાંધીનગર એસીબીની ટીમે ટ્રેપ ગોઠવી હતી ફરિયાદી પાસેથી પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટ ૨૦ હજાર રૂપિયાની લાંચ લીધી હતી એસીબીની ટ્રેપની ગંધ આવી જતા લાંચના ૨૦ હજાર રૂપિયા લઈ રફુચક્કર થઈ જતા નાસતા ફરતા પીએસઆઈને ઝડપી લેવા એસીબીની ટીમે સંભવિત સ્થળોએ રેડ પાડવાની સાથે રાજયના તમામ પોલીસ મથકોમાં જાણ કરવામાં આવી હતી

મોડાસા ટાઉન લાંચીયો પીએસઆઈ પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટ ૪ દિવસ ભૂગર્ભ માં રહ્યા પછી શનિવારે રાત્રે સામેથી ગાંધીનગર એસીબી ઓફિસમાં હાજર થઈ જતા ગાંધીનગર એસીબી ટીમના તપાસ અધિકારી આર.એન પટેલ અને તેમની ટીમે પીએસઆઈને રવિવારે ગાંધીનગરથી લઈ આવી મોડાસા સેસન્સ કોર્ટના જજ આગળ રજુ કરતા પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટના ૫ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા ગાંધીનગર એસીબીની ટીમે ૫ દિવસના રિમાન્ડ મંજુર થતા આગળની કાર્યવાહી હાથધરી હતી.

### જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ફોન ઉપાડવાનું મુનાસીબ ન માન્યું

મોડાસા ટાઉન પીએસઆઈ કે.ડી.બ્રહ્મભટ્ટના નામે મોબાઈલની દુકાનમાં તોડ કરવા ગયેલા વહીવટદારનો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલ વિડીયો અંગે પણ જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલને તપાસ સોંપી હતી કુલડીમાં ગોળ ભાગ્યો હતો તેના થોડા દિવસ પછી પીએસઆઈ બ્રહ્મભટ્ટ લાંચ લેતા એસીબીની ટ્રેપમાં ફસાયા હતા આ ઘટનાને ૬ દિવસ થયા તેમ છતાં સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાની અને સસ્પેન્ડ કરવા કોઈ મુહર્ત ની રાહ જોઈ રહ્યા હોય તેવી માહિતી પોલીસસુત્રો પાસે થી માહિતી પ્રાપ્ત થતા આ અંગે જીલ્લા પોલીસવડા મયુર પાટીલનો ટેલિફોનિક સંપર્ક સાધતા ફોન ઉપાડવાનું મુનાસીબ માન્યું ન હતું પોલીસબેડામાં ભ્રષ્ટાચાર કરતા અધિકારીઓ અને કર્મચારીઓને એસપી મયુર પાટિલના ચાર હાથ હોવાનું પ્રામાણિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં ચર્ચાએ જોર પકડ્યું છે

# મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં ઈદ-ઉલ-અઝહાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



પ્રતિનિધી અરવલ્લી

ઈદ-ઉલ અઝહા પર્વ પ્રસંગે બકરી ઈદની ઉજવણીમાં મુસ્લિમ બિરાદરોએ માલપુર રોડ પર આવેલી ઈદગાહ મસ્જિદે નમાજ અદા કરી હતી મુસ્લિમ બિરાદરોએ એક બીજાને મળીને ઈદ મુબારક પાઠવ્યા હતા મોડાસા શહેરમાં બકરી ઈદ નિમિત્તે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો મોડાસા શહેર સહીત જીલ્લામાં મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની ઉજવણી કરી ઈબાદત કરી હતી

અરવલ્લીના મોડાસા ખાતે મુસ્લિમ બિરાદરોએ બકરી ઈદની રીતે ઉજવણી કરી હતી. મોડાસાની માલપુર રોડ પર આવેલી ઈદગાહ મસ્જિદ ખાતે હજારો મુસ્લિમ ભાઈઓએ નમાજ પઢી હતી .નમાજ અદા કર્યા બાદ બકરી ઈદની એક બીજાને મળીને ઈદ મુબારક પાઠવ્યા હતા.મોડાસા ટાઉન પોલીસે પૂરા બંદોબસ્ત સાથે નમાજ અદા કરાવી હતી . મુસ્લિમ બિરાદરોએ પોલીસ સ્ટાફ ,નગરપાલિકાના પ્રમુખ, કોર્પોરેટરો, અરવલ્લી કલેકટર ,અરવલ્લી એસ પી તેમજ મોડાસા નગરજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રાવણ માસના બીજા સોમવારે ધનસુરાના શિવાલયોમાં શિવ ભક્તો ઉમટયા



પ્રતિનિધી અરવલ્લી

શ્રાવણ માસમા શીવજીની ભક્તિનો અનોખો મહિમા છે. ત્યારે શ્રાવણ માસના બીજા સોમવારે ધનસુરા તાલુકાના શિવાલયો માં મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા. શિવાલયો હરહર મહાદેવ ના નાદથી ગુંજી ઉઠ્યાહતા.લોકો એ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભક્તો એ ભગવાન પર બિલીપત્રા અને દૂધ ચડાવી પૂજા કરી હતી. ધનસુરામાં આવેલ પ્રાચિન દેવિયા મહાદેવના મંદિરે પંકજભાઈ ભટ્ટ, નયનભાઈ ગોર, જિજ્ઞેશભાઈ જોશી, મંદિર ના પૂજારી દેવેન્દ્ર ગિરી ગોસ્વામી ધ્વારા અભિષેકાત્મક લગુરુદ્ર પૂજા પણ કરવામાં આવી હતી.સાથે લોકો એ મોટી સંખ્યામાં ભગવાન ના દર્શન નો લાભ લીધો હતો.ધનસુરા તાલુકાના ના શિવાલયો માં મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા.

# અરવલ્લી જીલ્લામાં દશામાના વ્રતનું સમાપન થતા મૂર્તિ વિર્સજન



પ્રતિનિધી અરવલ્લી

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં દશામાના વ્રતમાં ભક્તિના રંગે રંગાયો હતો સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં આસ્થાપૂર્વક દશામાના વ્રત સમાપન વહેલી સવારે મૂર્તિ વિસર્જન માટે નદી કિનારાના ગામોમાં મેદની ઉમટી હતી

# મોડાસાના બાળકદાસજી મંદિરમાં અરવલ્લી ગિરિમાળાઓ વચ્ચે "લાલજી ભગવાનનો" આબેહૂબ હિંડોળો



મોડાસાના સુપ્રસિદ્ધ બાલકદાસજી મંદિરમાં હિંડોળા તૈયાર કરવા માટે દર વર્ષે

પ્રતિનિધી અરવલ્લી

ભગવાનને રિઝવવા માટે હરીભક્તો વિવિધ પ્રકારના હિંડોળા શણગારે છે. સંતો - ભક્તો ભગવાનને બિરાજમાન કરવા માટે અગરબત્તી, ચાંદી અને સુવર્ણના દાગીના, પુષ્પો, ફ્રુટ, સૂકોમેવો, હીર, કઠોળ, પેંડા, મોરપીંછ, સિક્કા, બોલપેન, રાખડી, પવિત્રા વગેરે નિત-નવા નવલાં વસ્તુઓથી - પદાર્થોથી હિંડોળાને સુશોભિત કરે છે.

દિલીપભાઈ ભાવસાર અને તેમનો પરિવાર અને ભક્તગણ તન મન ધન અર્પણ કરી રહ્યા છે

બાલકદાસજી મંદિરમાં અરવલ્લીની ગિરિમાળાઓનું આબેહૂબ સર્જન કરી પ્રકૃતિના સાનિધ્યમાં "લાલજી ભગવાન" હિંડોળે ઝુલાવતા મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ દર્શન નો લાભ લઈ ભગવાનને હિંડોળે ઝુલાવવાનો લ્હાવો લીધો હતો.

# ટોપની કંપનીઓમાં યુવાનો ઉપર વિશ્વાસ વધ્યો : રિપોર્ટ

નવી દિલ્હી

સીઈઓ તરીકે ટોપની કંપનીઓમાં યુવાઓ પર વિશ્વાસ હવે વધી રહ્યો છે. યુવાનો ટોપની કંપનીઓમાં ટોપ લેવલ પર સામેલ થઈ રહ્યા છે. આક્રમક વિચારોને તક આપવામાં આવી રહી છે. હાલના સમયમાં અનુભવ કરતા ટેકનોલોજિકલ ક્ષમતા પર વધારે ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. શેરધારકોના દબાણ હેઠળ અનેક મોટી કંપનીઓને તેમના સીઈઓ બદલી નાંખવાની અને તેમની જગ્યાએ યુવા સીઈઓ તરીકે રાખવાની ફરજ પડી રહી છે. દુનિયાની ૧૦ સૌથી મોટી ખાદ્ય કંપનીઓમાંથી છ દ્વારા છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં પોતાના સીઈઓ બદલી નાંખવાની ફરજ પડી છે. હાલમાં જ પેપ્સિકો દ્વારા પણ ૧૨ વર્ષથી સીઈઓ રહેલા ભારતીય મુળના ઈન્દિરા નુઈને હટાવીને તેમની જગ્યાએ રેમન લગાર્તાની સીઈઓ તરીકે વરણી કરી છે. કેટલીક અન્ય મોટી કંપનીઓ પણ યોગ્ય સીઈઓની શોધ કરી રહી છે. ફોર્ચ્યુન ૫૦૦ની કંપનીઓમાં સામેલ ૩૯ કન્ઝ્યુમર પેકેજડ કંપનીઓ દ્વારા કેટલાક ફેરફાર તેના ટોપ સ્તર પર કર્યા છે. છેલ્લા અઢી વર્ષમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે. પેપ્સિકોના સીઈઓ રેમન કંપનીની સાથે ૨૨ વર્ષ સુધી કામ કરી ચુક્યા છે. પરંતુ અન્ય કંપનીઓએ નવી વિચારધારાની સાથે કંપનીમાંથી બહારના વિકલ્પો પર વધારે ધ્યાન આપ્યુ છે. ફેરફાર માટેના કેટલાક મુખ્ય કારણ રહેલા છે. પારંપરિક રીતે કોઈ ક્ષેત્રમાં દબાણ જાળવી રાખીને ફેરફાર કરવામાં આવી રહ્યા છે. નાની બ્રાન્ડ કંપનીઓએ વેચાણ અને લોકો સાથે જોડાઈ જવામાં વધારે સારી સફળતા હાંસલ કરી છે. બહારથી રહેલા કુશળ લોકોને પણ ટોપ કંપનીઓમાં હવે તક મળી રહી છે. આવી સ્થિતીમાં આગામી દિવસોમાં અન્ય ટોપ કંપનીઓમાં પણ યુવા સીઈઓ તરીકે જોવા મળી શકે છે. પ્રવાહ હવે ઝડપથી બદલાઈ રહ્યો છે. જો કે અનુભવને પ્રાથમિકતા મળે છે. મેનેજમેન્ટમાં ૫૫ વર્ષ સુધીના લોકોને વધારે પ્રાથમિકતા છે.

# ભારતમાં સૌથી વધારે સાયબર હુમલા થયા : રિપોર્ટ

નવી દિલ્હી

ભારતમાં વધતા ઈન્ટરનેટ ઓફ થિંગ્સ સ્પેસ સાથે જોડાયેલા ખતરા સપાટી પર આવી રહ્યા છે. શુક્રવારના દિવસે જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે છેલ્લા ત્રણ મહિનામાં જ લોટ સ્પેસમાં સાયબર અટેકના મામલામાં ૨૨ ટકા સુધીનો વધારો થયો છે. આની સાથે જ ભારત છેલ્લી ત્રિમાસિક અવધિમાં સૌથી વધારે સાયબર અટેકના શિકાર થયેલા દેશોની યાદીમાં પ્રથમ સ્થાને છે. અત્રે નોંધનીય છે કે સતત બીજી ત્રિમાસિક અવધિમાં ભારતમાં સાયબર અટેક સાથે જોડાયેલા મામલામાં સૌથી ઉપર છે. સ્માર્ટ સિટીજ, ફાયનેન્સિયલ સર્વિસેસ અને ટ્રાન્સપોર્ટેશન સેક્ટર પર સાયબર અટેક સૌથી વધારે થયા છે. રિપોર્ટમાં તમામ અહેવાલ વિસ્તૃત રીતે રજૂ કરવામાં આવ્યા છે. આના માટે ૧૫ ભારતીય શહેરોના ડેટા એકત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં મુંબઈ, દિલ્હી, બેંગલોર જેવા શહેરો સામેલ છે. આ ત્રણેય શહેરોમાં સાયબર અટેક સૌથી વધારે થયા છે. આ અભ્યાસ બેંગલોરના ટેલિકોમ સોલ્યુશન પ્રોવાઈડર જવારા કરવામાં આવ્યા બાદ વિગત સપાટી પર આવી છે. છેલ્લા ત્રણ મહિનામાં ૩૩૪૫૦ હાઈગ્રેડ એટેક્સ નોંધાયા છે. જેમાં ૫૦૦ મોટા અટેક થયા છે. સુબેક્સના સીઈઓ પી વિનોદ કુમારે કહ્યુ છે કે થ્રેટ ઈન્ટેલિજન્સની તરફથી એકત્રિત કરવામા આવેલા મુદ્દા પર જાણી શકાય છે કે હેકર ભારતીય પ્રોજેક્ટસમાં વધારે રસ લઈ રહ્યા છે. તેમને વધારે ટાર્ગેટ બનાવી રહ્યા છે. આ ચિંતાનો વિષય છે કે કેટલાક હેકરોભારત પર વધારે નજર રાખી રહ્યા છે.

ટોપના હેકર્સ દ્વારા કેટલાક મેલવેયર્સની મદદથી ક્રિટિલ ઈન્ફ્રાને ટાર્ગેટ બનાવવામાં આવે છે. સ્ટડીમાં ૨૫૫૦ કરતા વધારે યુનિક મેલવેયર સેપલ્સની માહિતી મળી રહી છે.

# શ્રાવણીયા સોમવારે અરવલ્લી જીલ્લાના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજ્યા

પ્રતિનિધી અરવલ્લી

શ્રાવણ માસના બીજા સોમવાર ને લઈને અરવલ્લી જીલ્લા સહીત બાયડના શિવાલયો ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા ભગવાન શિવની આરાધના કરવા શિવભક્તો શિવની ભક્તિમાં રસમય થયેલા નજરે પડયા હતા શ્રાવણ માસ ના બીજા સોમવારે શિવભક્તો બાયડના ઋણમુક્તેશ્વર મહાદેવ બાયડ ગામમાં સોમનાથ મહાદેવ વૈજનાથ મહાદેવ વાત્રકના ધારેશ્વર મહાદેવમા શિવના દર્શન કરવા અને પૂજા પાઠ કરવા સવારથી જ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને શિવાલયમાં ભારે ભીડ જોવા મળી હતી પૂજારી તરુણ ભટ્ટના કહેવા પ્રમાણે શ્રાવણ માસના સોમવારના દિવસે લઘુરુદ્ર કરવાથી અનેક ઘણું ફળ મળે છે જયારે શિવ ભક્તો આજે જળ બિલ્વપત્ર અને દૂધનો અભિષેક કરી ધન્યતા અનુભવે છે જયારે શિવને જીવનો અંશ પણ કહેવામાં આવે છે શિવભક્તો ના નાદથી હર હર મહાદેવ મૃત્યુંજય મંત્ર ઓમ નમઃ શિવાયના નાદથી મંદિરો ગુંજી ઉઠ્યા.

# ગાંધીનગર ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

ગાંધીનગર

વિશ્વ આદિવસી દિવસ નિમિતે ગંધીનગર ખાતે આદિવસી સમાજ દ્વારા આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમા મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો જોડાયા હતા. ૯ ઓગસ્ટને યુએન દ્વારા વિશ્વ આદિવસાહી દિવસ તરીકે મનાવવાની જાહેરાત ૧૯૯૩ માં કરી હતી. ત્યાર થી આ દિવસ મનવામાં આવે છે. અને દર વર્ષે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત માં આદિવાસી દિવસ મનાવવામાં આવે છે. જેમાં હજારોની સંખ્યા માં લોકો જોડાયા હતા.

ગાંધીનગર ખાતે બીરસા મૂડા ભવન સેક્ટર ૧૦ ખાતેથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમા આદિવસારી સમાજના લોકો પારંપરીક પહેરવેશ અને તીરકામઠા સાથે વાજતે ગાજતે રેલીનું આયોજન કર્યું હતું. જેની પૂર્ણાહૂતી સેક્ટર ૧૨ ખાતે આવેલ ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે થઈ હતી. જ્યાં સમાજના આગેવાનો વિદ્યાર્થીઓ યુવાનો મોટી સંખ્યામાં ઉબસ્થિત રહ્યા હતા. આદિવસારી સમાજની સંસ્કૃતિ એતિહાસ કલ્ચર જેવી પોતાની સંસ્કૃતિને જીવીત રાખવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના આગેવાનોએ પોતાની નારાજગી પણ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સમગ્ર રેલી દરમિયાન પોલીસી દ્વારા ફરિયાદ કરામાં આવી હતી કે, યુવાનો દ્વારા સિસ્ત જાળવામાં નથી આવી તેમજ સાથે સાથે એક યુવાને સમગ્ર કાર્યક્રમને લઈને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યુ હતુ કે, આદિવાસીના મજૂર સમાજ માટે કોઈ આ કાર્યક્રમમાં જ જગ્યા નથી. તેની વાતો કરવામાં આવે છે પણ તેને સમાજમાં યોગ્ય સ્થાન આપવામાં આવતું નથી. આદિવાસી સમાજ માં ઘણા એવા કિસ્સાઓ જોવા મળે છે જેમાં હજુ અદિવાસીની પોતાના પગ ઉપર પગભર નથી. આદિવાસી માટે સરકાર પણ ઘણા કાર્યક્રમ કરી તેને રીઝવવાનો પ્રયાસ કરી તેમના લીધે અલગ અલગ કાર્યક્રમ કરે છે.

# મોડાસામાં ભાજપની સદસ્યતા અભિયાન સમિક્ષા બેઠક યોજાઈ





પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પર્વ અંતર્ગત મોડાસા, વિધાનસભા સહિતની તમામ વિધાનસભાની સદસ્યતા અભિયાન અંગે સમિક્ષા બેઠક મોડાસા ખાયે જિલ્લા ભાજપા કાર્યાલય મોડાસા ખાતે પ્રદેશ મંત્રી અને જિલ્લા પ્રભારી શ્રી હર્ષદગીરી ગોસ્વામીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, એસ. એમ.ખાંટ, પ્રદેશ કારોબારી સભ્ય

કનુભાઈ પટેલ, સંગઠન પર્વ ઈન્ચાર્જ ભુપતસિંહ સોલંકી તથા શ્રીમતિ શકુંતલાબેન પટેલ મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ સહિત આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે આ બેઠકમાં અરવલ્લી જિલ્લાની ત્રણ વિધાનસભાના તાલુકા શહેર મંડલોના પ્રમુખો,મહમંત્રીઓ હાજર રહ્યા હત અને તમને સદસ્યતા અભિયાન અંતર્ગત સમિક્ષા અને કામગીરીને વેગવંતી બને તેવા સુચનો કરવામાં આવ્યા હતા.

# સાબરકાંઠામાં પ્રયોશા એન્જીન્યરિંગ કલાસીસનો પ્રોગ્રામ ઉજવાયો



હિંમતનગર

પ્રયોશા એન્જીનિયરીંગ કલાસીસ દ્વારા તા.૧૦-૮-૧૯ શનિવારે ના દિવસે ૮:૦૦ થી ૧:૩૦ બી.એ.પી.એસ. સ્વામિ નારાયણ મંદિર, હિંમતનગર ખાતે પ્રયોશમ-૨૦૧૯ નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક તેમજ મોટિવેશનલ કાર્યક્રમો અને કલાસીસના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રોગ્રામને સફળ બનાવવા ચીફ ગેસ્ટ તરીકે પધારેલા ગ્રો-મોર કોલેજના પ્રિન્સિપાલ ભરત સુથાર દ્વારા વિદ્યાર્થીઓને "એન્જીન્યરિંગ નું મહત્વ" અને એશિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ના કેમ્પસ ડિરેક્ટોર મિતેશ પટેલ દ્વારા જીવનમાં ભણતરની જરૂરિયાત" તે ઉપરાંત વેદ વ્યાસ પોલિટેનિકના જી.ટી.યુ. કોડીનેટરો એવા અમિત પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આનંદનયન સ્વામી દ્વારા "ભણતરની સાથે સાથે જીવનમાં આધ્યાત્મિકતા જરૂરી છે." જેનો વિદ્યાર્થીઓએ પ્રવચનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં હાજર ૧૮૦ થી વધુ કલાસીસના વિદ્યાર્થીઓ અને ખાસ કરીને તેમના વાલી મિત્રોએ આ કાર્યક્રમના આયોજનો માટે પ્રયોશા કલાસીસના પરિવારના ખૂબ વખાણ કર્યા અને તેમના જણાવ્યા અનુસાર આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધે છે અને વધુ મહેનત કરવાની પ્રેરણા મળે છે.તેઓએ આવા વિદ્યાર્થીના ઉત્કર્ષ માટેના કાર્યક્રમો દર વર્ષે થાય તેવી પ્રયોશા કલાસીસના મેનેજમેંટને ઈચ્છા વ્યક્ત કરી હતી.

**પ્રાકૃતિક સૌંદર્ય...**

પાના નં .૩ ચાલુ

એમાંય વળી, રજાઓના માહોલ વચ્ચે વિશ્વેશ્વર તીર્થધામ જાણે પીકનીક સ્થળ બની ગયું છે. વિશ્વેશ્વર મહાદેવના દર્શનાર્થે દૂર...સુદૂરથી પરિવારસહ આવતા યાત્રાળુઓ નદીમાં સ્નાન કરવાની સાથે પ્રકૃતિનો અનેરો આનંદ માણી રહ્યા છે. આમ, વિશ્વેશ્વરમાં, પ્રકૃતિ સોળેકળાએ ખીલી ઉઠતા શ્રાવણ માસમાં શ્રી વિશ્વેશ્વર મહાદેવ તીર્થધામ એક અનેરા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**બનાસકાંઠાના પ્રસિદ્ધ...**

પાના નં .૩ ચાલુ

અને રાજસ્થાનના અસંખ્ય શિવભક્તો માટે આરાધ્ય દેવ હોઇ આ મંદિરે સતત દોઢ મહિના સુધી પવિત્ર શ્રવણ મહિનાની ઉજવણી કરી ભોળાનાથની ભક્તિ કરાય છે. કેદારનાથ મંદિરે ગુરુ પૂર્ણિમાના દિવસથી જ શ્રાવણ મહિનાની ઉજવણીની શરૂઆત થાય છે. પવિત્ર શ્રાવણ મહિના દરમિયાન આ શિવધામમાં દર્શનાર્થે ઊમટતા શિવભક્તોને મંદિર દ્વારા ભોજન પ્રસાદ પણ પીરસાય છે.

**જલોતરા કેમ્પસમાં...**

પાના નં .૩ ચાલુ

અને ડો વિપુલભાઈને કેશોમાં પૂર્ણતઃમદદ કરી આ યોજનામાં પ્રથમ અને બીજા કેમ્પમાં આવનાર પશુઓની નોંધણી કરવામાં આવે છે. અને જો તે પશુ ગાભણ થાય તો તેને ૨ (બે) બનાસ દાણ નો લાભ આપવામાં આવે છે.

**થરાદ નગરપાલિકાના...**

પાના નં .૩ ચાલુ

એક મોટી સમસ્યા ઉકેલવામાં સફળતા બદલ સાલથી સન્માન કરી સરકાર સહિત તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પાલિકાના પુર્વ પ્રમુખ પથુભાઇ રાજપુત, સવાઈસિંહ રાજપુત, ડૉ.વાલાભાઇ પ્રજાપતિ, મહેશભાઇ ત્રિવેદી સહિત બહોળી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે, ચોમાસાના દસ્તકની સાથે જ રહીશો ભાડાના મકાનની સગવડ કરી રાખતા હતા. અનેકોએ તો મકાન ખાલી પણ કરી દીધાં હતાં. કેટલાકે નવાં મકાન પણ બનાવ્યાં હતાં. શહેરની સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા શાખા પણ ટુંક સમયમાં અહીં કાર્યરત થનાર છે. બિલ્ડરોએ આ વિસ્તારમાં જમીન ખરીદીને તેમાં ફલેટ અને શોપીગ બનાવીને મોટું મુડીરોકાણ કર્યું હોઇ ત્યાં ૧૦ થી ૧૫ ફુટ પાણીના ભરાવાના કારણે તેઓને પણ મોટું નુકસાન આવે તેમ હતું. આમ નગરપાલિકાની ભુગર્ભ ગટર યોજના રહીશો માટે તો ખરી પરંતુ બિલ્ડરો માટે પણ ફળદાયી નિવડી હોવાનું આજની તારીખે પ્રતિત થવા પામ્યું હતું.

**પાલનપુર કોલેજમાં...**

પાના નં .૩ ચાલુ

સમગ્ર ઈન્ટરવ્યું યુકિયાના આધારે મેરીકો લિ. કંપની દ્વારા તેના સાણંદ, ગુજરાત માટેના પ્લાન્ટ માટે કુલ ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી તેઓને ટુંક સમયમાં કંપની દ્વારા ''એપોઈમેન્ટ લેટર'' તથા તાલીમ પુરી પાડવાનું જણાવવામાં આવેલ છે. મેરીકો કો.ના પ્રોજેક્ટ મેનેજર મિ. ચિરાગ ઓઝા આ સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી હોઈ તેઓએ પોતાની સંસ્થા માટે મદદરૂપ થવાની તક મળવા બદલ સંસ્થાનો તેમજ કર્મચારીગણનો આભાર વ્યક્ત ક્ર્યો હતો.

**ભારે...**

પાના નં .૮ ચાલુ

બે દિવસ અગાઉ વરસાદ દરમિયાન વીજ પોલ ધરાશાયી થયો છે. સોનેથ ગામથી ગુપ્તેશ્વર મહાદેવ જતી વીજલાઇન નો થાંભલો ધ્વસ્ત થતી વિધુત તાર જમીન સાથે ટકરાયા છે. જેનાથી પસાર થતા રાહદારીઓ અને ખેડૂતોને કરંટથી અકસ્માતની ભીતિ બની છે. વીજપોલ ધરાશાયી થતા આગળ જતો વીજ પુરવઠો પણ ખોરવાયો છે.

**શ્રાવણના...**

પાના નં .૮ ચાલુ

સોમવારના દિવસે જાહેર રજા હોવાના કારણે ગીરીકંદરાઓમાં આવેલા શિવાલયોમાં લોકોએ વિશેષ મુલાકાત લઈ દર્શનની સાથે આનંદની મોજ માણી હતી.જેને લઇ વિવિધ સ્થળો પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત શ્રાવણના બીજા સોમવાર ની સાથે મુસ્લિમ બિરાદરો માટે ઇદનો તહેવાર પણ હતો.જેને લઇ સમગ્ર જિલ્લામાં ધાર્મિક માહોલ સર્જાયો હતો.

**ગેળા...**

પાના નં .૮ ચાલુ

જેતડા તા.થરાદ વાળો ફરાર થઈ ગયો હતો અને ગાડીમાં જોતા તેમા વિદેશી દારૂની પેટી નંગ-૧૧ કુલ બોટલો નંગ-૫૨૮ કુલ કિમત રૂા. ૫૨,૮૦૦ તથા સેન્ટ્રો ગાડી નંબર-MH-01-NA-6784 ની કિ.રૂા. ૧,૦૦,૦૦૦ ગણી કુલ રૂા.૧,૫૨,૮૦૦ના મુદ્દામાલ પકડી પાડી ગાડીના ચાલક ઉકાભાઇ હરજીભાઇ રાજપુત રહે. જેતડા તા.થરાદ વાળાઓ વિરૂધ્ધ પ્રોહિ એક્ટ કલમ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**પાંથાવાડામાંથી ...**

પાના નં .૮ ચાલુ

ફારૂક અબુબકરભાઈ નાગોરી, ઈકબાલ અબ્દુલભાઇ નાગોરી, મહમદસફી ગુલામભાઈ નાગોરી,વલીમહમદ અહેમદભાઈ નાગોરી,નરસિંહ રણછોડજી જમણેશા તમામ રહે.પાંથાવાડા તા.દાંતીવાડા જી.બનાસકાંઠાવાળાઓને ઝડપી લીધા હતા.તેમની સામે ગુનો નોંધી પાંથાવાડા પો.સ્ટે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

**શ્રાવણ માસના બીજા સોમવારે શ્રદ્ધાળુ ઉમટ્યા**

## બંદોબસ્ત વચ્ચે સોમનાથમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યું

અમદાવાદ

પવિત્ર શ્રાવણ માસનો આજે બીજો સોમવાર હોઇ પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ ખાતે આજે લાખો શિવભક્તોનું ઘોડાપૂર ઉમટયુ હતુ. જો કે, જમ્મુ-કાશ્મીરમાં કલમ-૩૭૦ હટાવ્યા બાદ આઇબીના રિપોર્ટના આધારે રાજયમાં ખાસ કરીને સોમનાથ, અંબાજી સહિતના યાત્રાધામોમાં પણ લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરાઇ હોઇ આજે ભારે લોખંડી સુરક્ષા અને સલામતી વ્યવસ્થા વચ્ચે આજે લાખો શ્રધ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આજે શ્રાવણ માસનો બીજો સોમવાર હોઇ બપોરે એક વાગ્યા સુધીમાં જ આશરે એક લાખથી વધુ શ્રધ્ધાળુ ભક્તોએ સોમનાથ દાદાના દર્શન કર્યા હતા અને સમગ્ર દિવસ દરમ્યાન તેમ જ મોડી રાત સુધી દાદાના દર્શન માટે ભકતોનો દર્શન માટે ભારે ધસારો સતત ચાલુ રહ્યો હતો. ગીરસોમનાથ દ્વાદશ જ્યોર્તિલિંગમાં પ્રથમ સ્થાન ધરાવતું સોમનાથ મહાદેવ શિવભક્તોમાં આસ્થાનું કેન્દ્ર હોવાની સાથે આતંકવાદીઓના હિટલીસ્ટમાં પણ છે. એકતરફ પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ ચુક્યો છે અને ત્યારે કેન્દ્ર સરકારે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને અનુચ્છેદ ૩૫-એ હટાવતાં પાકિસ્તાન રઘવાયું બન્યું છે. ખુદ ત્યાંના વડાપ્રધાન ઈમરાનખાને ત્યાંની સંસદમાં ઈશારો કર્યો છે કે ભારત પર પુલવામાં જેવા હુમલા થઈ શકે છે ત્યારે આ સ્થિતિ અને આઇબીના રિપોર્ટને ધ્યાનમાં રાખીને રાજયના પવિત્ર યાત્રાધામોમાં જેમાં સોમનાથ મંદિરમાં પણ રાજ્ય પોલીસ દ્વારા સુરક્ષા બંદોબસ્ત કડક કરી દેવાયો છે. અત્યારે પોલીસ જવાનો ઉપરાંત એસઆરપી, મંદિર સિક્યુરીટીનો સ્ટાફ ખડેપગે ફરજ બજાવી રહ્યો છે. જો કે, ભોળાનાથના ભક્તોની આસ્થા લગીરે ડગી નથી. શ્રાવણ મહિનાના બીજા સોમવારે બપોર સુધીમાં એક લાખથી વધુ ભક્તોએ સોમનાથ દાદાના દર્શન કર્યા હતા. મંદિર પરિસરની અંદર અને બહાર ભાવિકોની ભીડ જામી હતી અને ડ્રોનની નજરે પણ અદભૂત નજારો જોવા મળ્યો હતો. ઝેડ પ્લસ સુરક્ષા ધરાવતા સોમનાથ મંદિરમાં એક ડીવાયએસપી, ત્રણ પીઆઈ, છ પીએસઆઈ, ૧૦૨ પોલીસ જવાનો, ૮૦ જીઆરડીના જવાનો સાથે એક કંપની એસઆરપીના જવાનો સુરક્ષામાં ફરજ બજાવી રહ્યા છે, તો સોમનાથ મંદિર માટે ફળવાયેલ બોમ્બ ડીસપોઝલ સ્ક્વોડ મંદિરમાં દિવસ દરમ્યાન વારંવાર ચેકીંગ કરી રહ્યું છે. આ સાથે સ્નિફર ડોગ પણ સુરક્ષા માટે તૈનાત છે.

બેથી ત્રણ પોઇન્ટ ઉપર પોલીસ મેટલ ડિટેક્ટર તેમજ હેન્ડ મેટલ ડિટેક્ટર દ્વારા યાત્રિકોની તલાશી લેવાઇ રહી છે. મંદિરમાં નિયમ અનુસાર મોબાઈલ, કેમેરા, રીમોટકીચેઇન વગેરે મંદિરમાં યાત્રિકો લઈ જઈ શકશે નહી. ઉપરાંત સીસીટીવીની મદદથી સમગ્ર પરિસરમાં પોલીસ મોનીટરીંગ કરી રહી છે. આવા સમયે પોલીસ યાત્રિકોને સંદિગ્ધ સમાન દેખાય ત્યારે પોલીસને જાણ કરવા સૂચના આપી રહી છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર** (કીલોના) | ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૫૦૦૦ |
| **ચાંદી ચોરસા ૪૧૩૦૦-૪૧૫૦૦** | ઈ.ગેટ સુપર ૧ કી.૧૧૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા રજી ૧૦ કે. ૫૩૦૦ |
| **રૂપુ કાચું ૪૧૩૦૦-૪૧૫૦૦** | ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૪૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૫ કી. ૪૫૦૦ |
| સોનુ તોલો ૩૬૩૦૦-૩૬૫૦૦ | ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૫૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૧ કી. ૪૫૦૦ |
| **તેલ બજાર** | ઈ.ગેટતીબાર ૫ કી.૮૭૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૧૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| **રાધે પામોલીન ૯૫૦** | ઈ.ગેટતીબાર ૧ કી.૮૭૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | સાંગલી ૧૦ કે. ૪૫૦૦ |
| પામોલીન ૯૩૦-૧૦૪૦ | ઈ.ગેટ દુબાર ૨૫ કી.૮૫૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | **ખોળ બજાર ૧૦૫૦-૧૧૦૦** |
| સોયા રીફાઈન ૧૩૮૦ | ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૫૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૧૫૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૨૮૦-૧૩૦૦ | ઈ.ગેટ દુબાર ૫ કી.૮૫૦૦ | મગ ૫૭૦૦ | મોરબી ખોળ ૧૦૫૦-૧૨૦૦ |
| **સીંગતેલ૧૫ કી. ૧૯૦૦** | ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | અંગુર તુવેરદાળ ૯૪૦૦ | જીરાળુ ૧૬૫૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૭૫૦ | દુન પ્રીમીયમ ૧૧૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૮૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| **સીગતેલ ૫ લી. ૫૮૦** | દુન તીબાર ૨૫ કી.૯૦૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૭૮૦ |
| તિરૂપતી કપા. ૧૪૧૦ | દુન તીબાર ૧૦ કી.૮૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૭૪૦ |
| ૫ લીટર ૪૫૦ | નર્મદા મગ પોલીસ ૭૪૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | **પરચુરણ** |
| વનસ્પતિ ઘી ૮૦૦ | મગદાળ નર્મદા સુપર ૭૬૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | સોજી ૯૨૫ |
| કોપરેલ ૧૫ કિલો ૨૪૦૦ | નર્મદા મગ મોગર ૮૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | મેંદો ૯૦૦ |
| ૫ કે. કોપરેલ ૮૪૦ | મગમોગરનર્મદાપ્રીમી ૭૪૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | શ્રીફળ એમ. ૧૦૫૦ |
| પલી. અંકુર સીંગતેલ ૫૮૦ | નર્મદા અડદદાળ ૭૨૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| **૧૫ લીટર સનફલાય ૧૩૫૦** | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| લંગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૫૦૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | અજમો ૧૪૦-૧૭૦ |
| ૫ લી. ૪૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | સાકરીયા ૩૮૦૦ |
| ૨ લી. ૧૭૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૮૨૦૦ | **ખાંડ બજાર** | ખાંડ બુરૂ ૪૦૦૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | (બોરીના ભાવ) | કોકમ ફુલ ૧૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | **ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦** | એલચી ૩૫૦૦ |
| કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦ | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ખાંડ એમ. ૩૫૦૦-૩૬૦૦** | મોરૈયો ૯૦-૧૧૦ |
| કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦ | લાલ કીલ્લો મેજેસ્ટીક ૯૦૦૦ | ખાંડએલ. ૩૫૦૦-૩૬૦૦ | તલ ૧૨૦-૧૫૦ |
| કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | **ચા-બજાર** | ખસ-ખસ ૩૫૦-૮૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | સીંગદાણા ૮૦-૯૦ |
| કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| કીચન ચેમ્પીયનમીની દુબાર ૬૦૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | **આખા મરચાં-હળદર** | **દુધી ૨૬૦-૩૦૦** |
| કીચન ચેમ્પીયન મોગર ૫૫૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૮૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | સુકી ડુંગળી ૨૦૦-૨૮૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૬૦૦ | હેરીટેજ તીબાર ૮૫૦૦ | હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦ | લસણ ૬૦૦-૧૦૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦ | હેરીટેજ દુબાર ૬૨૦૦ | હળદર આખી સેલમ ૯૦ | ધાણા **૧૩૦૦-૧૮૦૦** |
| કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦ | હેરીટેજ મીની દુબા ૫૨૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | **મરચાં ૮૦૦** |
| દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦ | કાયનાત પોપુલર ૬૪૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | **લીંબુ ૨૦૦-૩૦૦** |
| દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦ | કાયનાત સુપર ૮૧૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | અડવી પત્તા ૫૦૦-૭૦૦ |
| દાવત સ્પેસીયલ ૮૦૦૦ | કાયનાત ૭૪૦૦ | મરચા તેજા ૧૮૦૦ | આદુ ૧૩૦-૧૪૦ |
| દાવત ૭૭૦૦ | કાયનાત પ્રીમીયમ ૮૮૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | **રીંગણ ૩૦૦-૭૦૦** |
| દાવત તીબાર ૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | ટામેટા ૫૦૦-૮૦૦ |
| દાવત દિલખુશ ૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | **ભીંડા ૩૦૦** |
| દાવત રોજાના ૬૮૦૦ | પરી નં.૧ ૯૫૦૦ | કાશ્મીરી ૯૦ | કોબી ૩૦૦-૪૧૦ |
| દાવત મોગરા ૫૮૦૦ | પરી નં. ૭ તીબાર ૯૨૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | વટાણા ૮૦૦-૯૦૦ |
| દાવત મીની મોગરા ૪૦૦૦ | પરી સુપર દુબાર ૭૫૦૦ | સુપર પટની ૧૦૫ | ટીંડસા ૯૦-૧૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦ | સુપર રજવાડી ૧૯૦ | ગવાર ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | | મરચા ડેકીકટ ૧૨૫ | **બાદશાહ બટાકા ૨૦૦-૩૦૦** |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | | મરચાં ૫૮૦૦ | **સાંગા બટાકા ૧૪૦- ૨૦૦** |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | | **ગોળ બજાર** | |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૨૦૦૦ | | | |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૦૦૦ | | | |

# દિવ્યજ્યોત

અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

## મનન કરે ચિંતન કરે, એ જ મનુજનો ધર્મ ! આંખ મીંચી પાછળ ચાલે એ પશુઓનાં કર્મ !!

### ચિંતન — યશપાલસીહ ટી.વાઘેલા

દેવોના દેવ મહાદેવ ભગવાન સદાશિવ ભોળેનાથ નંદીશ્વર નીલકંઠની શ્રદ્ધા ઉપાસના, આરાધના, અભિષેકનો શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ભારતીય સંસ્કૃતિનું માનવ જીવનમાં સિંચન જ કંઈક અલગ પ્રકારનું છે. છોડ, જળ, પશુ, પ્રાણી માટે પહાડને દૈવત્વ સાથે સાંકળી તેની પુજા અર્ચના કરતાં એટલા માટે શીખવાડયું છે કે તે માનવીની સુખાકારી-સમૃદ્ધિમાં શાંતિનો અહેસાસ કરાયા છે જેની પાછળ માનવીય આરોગ્ય અને સુખાકારીનો જ ઉદ્દેશ છે. શ્રાવણ માસના પ્રથમ દિવસે જ કયાંક વાંચવા મળ્યું કે સૌરાષ્ટ્રમાં ભગરી બકરીની ઓળખ થઈ જેને રાષ્ટ્રીય માન્યતા અપાશે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી 'ગાંધીજી' બકરીનું દુધ પીવાના આગ્રહી હતા. છેવટે વર્ષો બાદ ધીમે ધીમે બકરીઓને ન્યાય મળી રહ્યો છે જેનાથી બકરી સમાજમાં આનંદનું મોજું જોવા મળ્યું. બિચારી ગૌમાતા નિસાસો નાખતા સાંભળવા મળી તો બિચારા રામમંદિરના પથ્થરોએ ચિચીયારી નાખતા તા કે અમારૂં શું ? ત્યાં અચાનક જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫ એ રદ કરવાના સમાચાર સાંભળીને ચીચીયારી નાખતા 'રામમંદિર' ના પથ્થરોના હૃદયમાં કંઈક આશા ઉલ્લાસનું કીરણ ચોક્કસ ફુટયું છે. હવે જમ્મુ કાશ્મીર ભારતનું અવિભાજય અંગ છે તેવું બોલવું નહીં પડે. વર્ષોથી એકલા પરિવારની ચાલતી ઈજારાશાહીનો અંત આવશે અને આપણે વચ્ચે જ કહેવું પડશે કે આપણું સોશીયલ મીડીયા તો વર્ષોથી કોમેન્ટ લખીને બેઠા હોય તેમ જેટગતિએ એનરોઈડમાં ફટોફટ ખુશાલીની ચીચીયારીઓ મારતા ઘુસવા લાગ્યા હતા. ભલે જમ્મુ કાશ્મીરમાં લેન્ડલાઈનને ઈન્ટરનેટ સેવા બંધ હોય બાકીનું ભારત તો ખુશાલીના જશ્નમાં ઓતપ્રોત બન્યું હતું. હવે કયાં સુધી 'અવિભાજય અંગ' ને અલગ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો લોકશાહી એટલે લોકશાહી આપણને થોડો ઘણો તો ડર ચોક્કસ છે કે કયાંક લોકશાહીનો અસ્તાચલ તો થઈ રહ્યો છે. જો આપ અભ્યાસુ હશો તો જ ખ્યાલ આવશે. બાકી જશ્નમાં મૌજ જ છે.ખુશાલીમાં પણ થોડી ગંભીરતા તો ચોક્કસ હોવી જ જોઈએ ને તો જ એ ખુશાલી લાંબો સમય ટકી રહે છે એ ભુલવું ન જોઈએ. ભારતીય તમામ હૃદય મન વર્ષોથી ઈંતજારે કરતા હતા કે જમ્મુ કાશ્મીરમાંથી ૩૭૦ અને ૩૫ એની કલમ રદ થાય અને અયોધ્યામાં 'રામમંદિર' નું નિર્માણ કાર્ય પુર્ણ થાય. જમ્મુ કાશ્મીરમાં ૩૭૦ અને ૩૫ એની કલમ અનામત જેવા હેતુથી જ અમલમાં મુકેલ પણ અનામતે જેમ અડીખમ અડ્ડો જમાવી લીધો તેમ જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫ એ કાયમી બની જે લોકશાહી શાસન માટે કલંક રૂપ જ હતી. કાશ્મીરી પંડિતોની સંવેદના 'તુલસી હાય ગરીબ કી કબુ ન ખાલી જાય, મુએ ઢોર કે ચામ સે લોહા ભસ્મ હો જાએ' ઈંતજાર પણ બહુ લાંબો ચાલ્યો ને છેવટે કલમ ૩૭૦ અને ૩૫ એને દુર કરવાનું બીલની સાથે ભેળસેળ કરનાર વિરોધી બીલ પાસ થયું. હવે રાષ્ટ્રપતિજી હસ્તાક્ષર કરતા જ એનો અમલ થઈ જશે. બંને બાબત ભારતીય પ્રજા માટે આનંદની લહેર પ્રસરાવતી બાબત છે. હવે ભેળસેળ કરનારા વિરોધ દેશભરમાં સાચી રીતે અમલ થાય, બાકી ગુજરાતમાં દારૂબંધી, ગુટકા, તમાકુ પર પ્રતિબંધ છે જેનો અનુભવ 'ગુજરાત'ની પ્રજા બહુ સારી રીતે થઈ રહ્યો છે. એટલે એના વિશે કંઈ લખવાની જરૂર નથી. માનવ જીવન સાથે સીધી અસર કરતાં સ્વાર્થી, લાલચુ, ભેળસેળીયાઓ, આતંકવાદ કરતાં પણ વધુ ખતરનાક છે. જેને કયારેય સહન ન કરી શકાય. માનવીને સીધી રીતે મારવા અને રીબાવી રીબાવી વિશ્વાસઘાતથી મારવા એ શું બતાવે છે કે આજે ખાદ્યતેલ, ઘી, દુધને બીજી અનેક એવી વસ્તુઓ જેમાં સીધું ભેળસેળ થઈ રહ્યું છે. કેટલાકમાં તો સરકારે ૧૦ થી ૧૨ ટકાની છુટ ભેળસેળ કરવાની આપી છે. જેમાં અકબર બિરબલના શાસનમાં દુધના લોટા થકી સરોવર ભરવા જેવું જ બન્યું છે. જે વાતથી આપ સૌ વાકેફ છો એટલે અહીં લખવાની જરૂર નથી..હમણાં સારા લેખો માટે અખબારો પાસે જગ્યા પણ કયાં છે ? માર્ગ અકસ્માત, અપમૃત્યુ, કેફીદ્રવ્યોનું પકડાવવું, અપહરણ, બળાત્કાર જેવા કિસ્સાઓ અખબાર સંપાદકોને પણ બહુ ગમે છે ને તેને બહુ પ્રાધાન્ય મળે.સારા સમાચારો ને લેખો તો તેમના માટે આવા સમાચાર ન મળે ત્યારે જગ્યા ભરવાનું માત્ર માધ્યમ બને છે. ભારત માટે ગત અઠવાડીયું સારા સમાચારનું બની રહ્યું ત્યાં સાહિત્યપત્રકારત્વ જગત અને રાજકીય વર્તુળમાં દુઃખદ સમાચારનું પણ રહ્યું કટાર લેખક, પત્રકાર કાંતિ ભટ્ટ અને બાહોશ ભાજપના આગેવાન, સંસ્કૃતના જ્ઞાતા સુષ્મા સ્વરાજના નિધનથી સૌ કોઈ આઘાત અનુભવ્યું વિદેશમંત્રી અને રાજકીય કારકીર્દીમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃતમય બની રહી હતી. સુષ્મા સ્વરાજ અને કાંતિ ભટ્ટ ને આપણી ચિંતન રત્નકણીકા દ્વારા શ્રદ્ધાસુમન પાઠવીએ. જે આવા દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે ને ભારતમાં જ પુનઃ જન્મ આપે ને આ ખાલી જગ્યાએ દેશપ્રેમી હૃદય, મન ધબકતું સારી ભાવના ફેલાવે તેવી પ્રાર્થના સહ અસ્તુ.....

**યશપાલસીંહ ટી. વાઘેલા (થરા) મો.૯૪૨૮૬૭૮૬૯૯**

**વાયુરનિલમ મૃત મથેદં ભસ્માન્તં શરીરમ્ ।**
**ૐ ક્તો સ્મર કૃતં સ્મર ક્તો સ્મર કૃતં સ્મર ।।**

### અધ્યાત્મ ૨૦ — પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

મૃત્યુ એ માનવ જીવનની અનિવાર્ય ઘટના છે. માણસ ઈચ્છે કે ન ઈચ્છે પણ તે અટલ છે. આથી ભૌતિક જીવનની નશ્વરતાનો સદૈવ ખ્યાલ રાખી મનુષ્યે પોતાની કરણી સુધારવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. જીવ પરમેશ્વરનું સ્મરણ કરતો રહે અને નિષ્કામ કર્મ કરતો રહે તો જ જીવ 'શીવ' બની શકે. મૃત્યુ તરફની સમ્યક દ્રષ્ટી દર્શાવતાં ઋષિ આ મંત્રમાં કહે છે કે :

વાયુરનિલમ મૃત મથેદં ભસ્માન્તં શરીરમ્ ।

ૐ ક્તો સ્મર કૃતં સ્મર ક્તો સ્મર કૃતં સ્મર ।।૧૭।।

'મારા પ્રાણ (વાયુ) અમર-અમરણશીલ (અમૃતમ્) વાયુમાં વિલય પામો. (અનિલમ્) હવે (અથ) આ(ઈદમ્) શરીર (શરીરમ્) રાખ થાઓ. (ભસ્માન્તમ્) હે બ્રહ્મસ્વરૂપ(ૐ) અગ્નિ ક્તો-સ્મરણ યાદ કર. (સ્મર) કરેલા કર્મોનું (કૃતમ્) સ્મરણ યાદ કર. (સ્મર) હે અગ્નિ (ક્તો) કરેલા કર્મો-કરણી (કૃતમ્) સ્મરણ-યાદ કર. (સ્મર)'

આ મંત્રમાં પરલોકગમન કરવા માટે તૈયાર થયેલા જીવની પરમાત્માને પ્રાર્થના છે. વાયુઃ એટલે પ્રાણ. વાયુ એ વિશ્વની ચૈતન્ય શક્તિનું પ્રતિક છે. આ ઉપનિષદના મંત્ર ૪ માં તેને 'માતરિશ્વા' કહ્યો છે. પ્રાણ પોતાનો દેહ-શરીર સાથેનો સંબંધ ત્યજી અમૃતમ્ એટલે અમર. અનિલમ્ એટલે વાયુમાં ભળી જાય છે. શરીરમાં પંચ પ્રાણ રૂપે રહેલો વાયુ હવે સર્વવ્યાપક પરમાત્મારૂપ અજર અમર એવા વાયુ (કોસમીસ લાઈફ) માં વિલીન થાય, ભળી જાય, એમ જીવ પરમાત્માને પ્રાર્થના કરે છે. જીવ કહે છે કે મારૂં શરીર ભસ્માનાત્ એટલે રાખ થાઓ અહીં માનવ શરીરની નાશવંતતા દર્શાવી છે તો સાથે સાથે પ્રાણની અમરતા પણ સુચવી છે. માનવ શરીર તો છેવટે બળીને ભસ્મ રાખ જ થનારૂં છે. મૃત્યુ પછી શરીર બાળી દેવાય છે જેને 'અગ્નિ સંસ્કાર' કહે છે. તેથી જીવ પોતે જ કહે છે કે મારૂં શરીર ભસ્મ (રાખ) થાઓ.

ૐ ઓમ્ એ સૌ પ્રથમ બ્રહ્માના મુખમાંથી નીકળેલ છે. ઉપનિષદ સાહિત્યમાં ૐ કારને બ્રહ્મનો વાચક બતાવ્યો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૮ ના શ્લોક ૧૩ માં પણ કહ્યું છે કે 'ઓમ એવા બ્રહ્મરૂપ એકાક્ષરનો જપ કરતાં અને મારૂં (ભગવાનનું) સ્મરણ કરતાં જે સાધક દેહનો ત્યાગ કરે છે તે પરમગતિને પામે છે.ક્તો એટલે અગ્નિ અહીં જે અગ્નિનું સ્મરણ કરવામાં આવ્યું છે તે બ્રહ્મરૂપી અગ્નિ છે જગતનું પરમતત્વ એક સત્ સ્વરૂપ છે તેને જ વિદ્વાનો, અગ્નિ, ઈંદ્ર, યમ, માતરીશ્વા વગેરે જુદાં જુદા નામોથી ઓળખે છે. ક્તુ શબ્દ ઋગ્વેદમાં યજ્ઞ માટે વપરાયો છે તેથી હે યજ્ઞ ! એટલે કે હે યજ્ઞના અગ્નિ ! એવો અર્થ લઈ શકાય. છાન્દોગ્ય ઉપનિષદમાં 'ક્તુ' શબ્દ સંકલ્પાત્મક મન' ના અર્થમાં પ્રયોજાયો છે.

સાધક અગ્નિને ભક્તિપૂર્વક સંબોધન કરે છે કે હે દેવ ! મેં આપની આજીવન વિધિપૂર્વક અર્ચના કરી છે. મારા શુભાશુભ કર્મોનું સ્મરણ કરી અંતે 'મને સારી ગતિ આપો' ક્તોનોઅર્થ સંકલ્પાત્મક મન એવો સ્વીકારીએ તો સાધક અને કર્મોનું સ્મરણ કરતા વિનવે છે. ક્તુ શબ્દ અહીં સાધક માત્રના જીવને ઉદ્દેશીને પ્રયુકત થયો હોય એમ લાગે છે. સંકલ્પ એટલે જ જીવ, સંકલ્પરહીત તે શિવ. આમ 'ક્તુ' એટલે સંકલ્પરૂપી જીવ.

'કૃતમ્' એટલે કરેલાં કર્મો-કરણી, સ્મર એટલે સ્મરણ કર, યાદ કર, આ મંત્રમાં ઋષિ મનુષ્યને પોતાની કરણીનો ખ્યાલ રાખી તેને સુધારવાનો આદેશ આપે છે. સંસારમાંથી મુક્તિ મેળવવાનો પણ આ જ સચોટ ઉપાય છે. આમ અંત સમયે પોતાની કરણી, કરેલાં કર્મોને યાદ કરી જે યાદ રાખવા જેવું છે તેને યાદ રાખવં અને ભુલી જવા જેવું છે તેને ભુલી જવું, એવું આ મંત્રમાં સુચવાયું છે.

## ભારતીય માનવજીવનને સ્પર્શતો કાશ્મીર મુદ્દો હલ કરીને નરેન્દ્રભાઈ મોદીએ ઈતિહાસમાં દેશનું અને પોતાનું નામ અમર કરી દીધું

### જીવન દર્શન — ભગવાનદાસ બંધુ



બંદુક, તલવાર કે લાકડી લઈને ફરતા માણસ પાસે જ બહાદુરી હોય તેવું નથી. બહાદુરી બજારમાં વેચાતી મળતી નથી એ તો મુળભુત જન્મજાત સંસ્કાર છે. માત્ર અને માત્ર દેશ માટે સમર્પિત થઈને નિઃસ્વાર્થ ભાવે કામ કરતા ભારતના પનોતા પુત્ર અને આપણા સૌના માર્ગદર્શક વડાપ્રધાન એવા નરેન્દ્રભાઈ મોદીએ ઓગષ્ટ મહીનાને ફરી એકવાર ક્રાંતિકારી મહીના તરીકે સાબિત કરી દીધો છે. કાશ્મીર સમસ્યાને કારણે સમગ્ર ભારત દેશનું માનવ જીવન ડખળવખળ થતું હતું. કાશ્મીર સમસ્યા ઉભી કરનાર પંડીત જવાહરલાલ નહેરૂ અને તેને ઉકેલવામાં કયારેય પણ રસ ના લેનાર તેમના વારસદાર કોંગ્રેસના તમામ નેતાઓ આજે દેશની પ્રજા સમક્ષ વામણા સાબિત થયા છે અને ખુલ્લા પડી ગયા છે. તા.૧-૮-૨૦૧૯ થી જ જાણે કે દેશમાં કંઈક નવીનતા થવાની હોય તેવી લાગણી સૌના મનમાં પેદા થઈ હતી. શું થવાનું છે અને કઈ રીતે થવાનું છે એ બાબત દેશના બે નરબંકાઓ માનનીય નરેન્દ્રભાઈ મોદી અને માનનીય અમિતભાઈ શાહ જ જાણતા હતા. આ આખાય પ્રકરણમાં જેમનું વારંવાર સ્મરણ કરવુ પડે તેવા રાષ્ટ્રની સુરક્ષાના સલાહકાર માનનીય અજીત ડોભાલ પણ વંદન અને અભિનંદનને પાત્ર છે.

પોતાના નીજી સ્વાર્થ માટે કે સંબંધો સાચવવા માટે જવાહરલાલ નહેરૂ દ્વારા કાશ્મીર સમસ્યા જાણી જોઈને ઉભી કરવામાં આવી હોય તેવી બાબત હતી. આઝાદીની શરૂઆતના વર્ષોમાં કદાચ બધું સમુંસુતરૂં ચાલ્યું હશે પરંતુ સમય વીતતાં કાશ્મીરનો પ્રશ્ન સમગ્ર ભારત દેશ માટે માથાના દુઃખાવા સમાન બન્યો હતો. કોઈપણ ઢીલો કે નબળો શાસક કાશ્મીર સમસ્યા ઉકેલી ના જ શકે પણ તેના વિષે વાત કરતાં પણ ડરે એવો માહોલ સર્જાઈ ગયો હતો.'યદા યદા હિ ધર્મસ્ય' વાળી વાત મને અત્યારે યાદ આવે છે. વધારે પડતા મુસ્લિમ તુષ્ટીકરણને લીધે કોંગ્રેસે તો કયારેય હિંદુહિતનો વિચાર સરખોય કર્યો નથી.

ધર્મની ગ્લાનિ કે પડતી થતી હોય ત્યારે કુદરત જ નરેન્દ્ર મોદી, અમીત શાહ કે અજીત ડોભાલ જેવા મહાનુભાવોને દેશની સુરક્ષા કે ધર્મની રક્ષા અર્થે મોકલે છે. ભારત દેશના મુસ્લિમોનું પણ માત્ર મતબેંકને લીધે શોષણ જ થયું છે. રાજકીય ઓથ હેઠળ ફારૂખ અબ્દુલ્લા, ઉમર અબ્દુલ્લા કે મહેબુબા મુફ્તી જેવા ગણ્યાગાંઠયા માણસોએ જ કાશ્મીર મામલો સળગતો રાખીને કાળી કમાણી કરી છે. ૧૯૮૯થી કાશ્મીરની પરીસ્થિતિ વધારે બગડી હતી. પંડીતો ઉપર અમાનુષી અત્યાચાર ગુજારી તેમને ત્યાંથી ભગાડી દેવાયા હતા એ વાત કોઈપણ દેશ માટે અતિ શરમજનક કહી શકાય તેવી હતી છતાં પણ કોંગ્રેસે એમાં રસ ના લીધો. આઝાદી પછી અત્યાર સુધીમાં કાશ્મીર પાછળ ભારત દેશના પચાસ હજાર કરોડ રૂપિયા વપરાયા કે વેડફાયા છે છતાં પણ આપણા જ કહેવાતા કાશ્મીર રાજયમાં આપણો રાષ્ટ્રધ્વજ પણ ના ફરકી શકે એ વાત કઈ રીતે ચલાવી શકાય ?

ભાજપનું શાસન થોડાક વર્ષો માટે અમુક કઠોર નિર્ણયો પુરતું કદાચ કોઈને ના ગમે તો પણ રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્ય માટે અમુક નિર્ણયો જરૂરી હોય છે. સમગ્ર ભારતના માનવીય જીવનને સ્પર્શતો કાશ્મીર મુદો, ૩૭૦ મી કલમ, ૩૫ એ કલમ વિગેરે બાબતે આપણા સૌના લાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અતિ સાહસિક નિર્ણય કરીને પોતાની સરકારને નિર્ણાયક સરકાર સાબિત કરી દીધી છે. ૫ અને ૬ ઓગષ્ટ રાજયસભા અને લોકસભામાં કાશ્મીર મુદ્દે જે ચર્ચા થઈ અને અંતે જે નિર્ણય લેવાયો એ સમગ્ર રાષ્ટ્ર માટે ગર્વ અને ગૌરવની બાબત છે.વાણિયો પણ કેવો મક્કમ, મજબુત અને દ્રઢ મનોબળ વાળો હોઈ શકે તે બાબત પણ અમિત શાહે સાબિત કરી દીધી છે. આ સમગ્ર પ્રકરણ સાથે જે જે વ્યક્તિઓ સંકળાયેલી હશે એ તમામે અતિ ગુપ્તતા રાખીને કાશ્મીર મુદ્દો હલ કર્યો છે એ માટે સૌની ખાનદાની અને સંસ્કારને પણ અદબપૂર્વક સલામ. કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારત એક છે તે આજ સુધી માત્ર કહેવાતું હતું પરંતુ નરેન્દ્રભાઈ મોદીએ આ બાબત સાબિત કરી બતાવી છે. તમામ પક્ષો પણ આ સમસ્યાના ઉકેલથી અંદરખાને તો રાજી જ છે પરંતુ વિરોધમાં બેઠાં છીએ એટલે વિરોધ તો કરવો જ પડે એવા વિરોધ કરતા મજબુરોને પણ દેશની પ્રજા સમજી ચુકી છે. સ્વહીતને બદલે રાષ્ટ્રહીતને જ મહત્વ આપતા નરેન્દ્રભાઈ મોદીને કોટિ કોટિ વંદન.. અભિનંદન...

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

CMYK

Website : www.rakhewaldaliy.com E-mail : rakhewal@gmail.com

મંગળવાર ૧૩ ઓગષ્ટ ૨૦૧૯

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર

રખેવાળ

## કુણઘેર ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



પાટણ

પાટણના કુણઘેર ખાતે કુણઘેર ગ્રામ પંચાયત અને આત્મીય ટ્યૂશન કલાસીસના સયુકત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગામના જાગૃત સરપંચ કાંતિભાઇ પટેલ,પાટણ તાલુકાના ડેલીગેટ લક્ષ્મણસિંહ પરમાર, ઉપ સરપંચ ઉદેસિંહ રાઠોડ,કિશાન એકતા સમિતિના તાલુકા પ્રમુખ શૈલેન્દ્રસિંહ સોઢા,ગ્રામ સેવક ઘનશ્યામભાઈ,કુણઘેર પંચાયતના જાગૃત સદસ્ય ગીરીશભાઇ પરમાર, શિવાજી,ચંપુજી,બાબુભાઇ,રમેશભાઇ,ગામના જાગૃત નાગરિક ધમેન્દ્રસિંહ ખટાણા તેમજ આત્મીય ટયુશન કલાસીસના સૌ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યુ હતું.આ પ્રસંગે ગામ પંચાયત અને ગામ તળાવ અને બાળાપીર ટેકરીએ વૃક્ષારોપણ કરી તેના ઉછેરનો પણ સૌએ સંકલ્પ લીધો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન આત્મીય ટયુશન કલાસીસના સંચાલક કૃણાલભાઇ પટેલ અને સુરજભાઇ પટેલે કર્યું હતું.

## આગામી ૨૩ ઓગષ્ટના રોજ પાલનપુર ખાતે પેન્શન અદાલત યોજાશે

પાટણ

નાણાં વિભાગ, ગાંધીનગર દ્વારા કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પેન્શનરો માટે તા. ૨૩.૦૮.૨૦૧૯ના રોજ બપોરે ૩.૦૦ કલાકે કનુભાઈ મહેતા હોલ, વિદ્યામંદિર સંકુલ, પોલીસ હેડકવાટર્સ રોડ, પાલનપુર ખાતે પેન્શન અદાલત યોજવામાં આવશે. પેન્શનરશ્રીઓએ (૧) તા. ૦૧.૦૧.૨૦૧૬ પહેલાં કે પછીના નિવૃત્ત થયેલ હોય અને તેમને સાતમા પગાર પંચ મુજબ પેન્શન રીવાઇઝ થયેલ ન હોય, (૨) તા. ૦૧.૦૧.૨૦૧૬ પહેલાં કે પછીના કામચલાઉ પેન્શન મેળવતા કર્મચારીઓનું કામચલાઉ પેન્શન સાતમા પગારપંચ મુજબ રીવાઇઝ થયેલ ન હોય (૩) નિવૃત્તિને છ માસ થયેલ હોય અને નિયમિત/કામચલાઉ પેન્શન, કુટુંબ પેન્શન મંજુર થયેલ ન હોય (૪) ૫૦ ટકા પેનશન અને ૩૦ ટકા કુટુંબ પેન્શન નિવૃત્તિ સમયની કચેરી દ્વારા મંજુર થઇ ગયેલ હોય અને તિજારી કચેરી દ્વારા ચુકવણી બાકી હોય તેવા મુદાઓ માટેની રજુઆત તિજોરી નિયંત્રણ શાખા (પેન્શન), હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, બ્લોક નં. ૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને તા. ૧૩.૦૮.૨૦૧૯ સુધી મોકલવાની રહેશે.

પેન્શન અદાલત સમક્ષ રજુ કરવાના કેસની અરજીમાં પેન્શનરનું પુરેપુરૂં નામ, પી.પી.ઓ નંબર, પેન્શનરનું સરનામું, પેન્શનરની નિવૃત્તિ/અવસાનની તારીખ, પેન્શનર જયાંથી નિવૃત્ત થયા હોય તે કચેરીનું નામ-સરનામું, પેન્શન ચુકવણા કચેરી/જિલ્લા તિજોરી કચેરી, જે બેંકમાં પેન્શન જમા થતુ; હોય તે બેંક/બ્રાન્ચનુંનામ દર્શાવવાનું રહેશે. તેમ જિલ્લા તિજોરી અધિકારી, પાટણની એક યાદીમાં જણાવાયુંછે.

## ડેમના દરવાજા ખોલાયા બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીની ૨૫૦૦૦ પ્રવાસીઓએ મુલાકાત લીધી

કેવડિયા

સતત વરસી રહેલા વરસાદના કારણે સરદાર સરોવરમાં પાણીની ભરપૂર આવક થઈ રહી છે જેના લીધે ડેમના દરાવાજા બે વાર ખોલવામાં આવ્યા છે. નર્મદામાં વરસાદ બાદ પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. ચોમાસાની સીઝનમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે પ્રવાસીઓ ઉમટ્યા છે. સ્ટેચ્યૂ અને ડેમ નિહાળવા માટે પ્રવાસીઓનો ધસારો થયો છે.સ્ટેચ્યૂ ઑફ યુનિટી અને સરદાર સરોવરની છેલ્લા ૯ મહિનામાં ૧૯ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.હાલમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠતા મનમોહક દશ્યો સર્જાયા છે. હાલમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે રોજના ૬,૦૦૦ પ્રવાસીઓ મુલાકાત લઈ રહ્યાં છે. સ્ટેચ્યૂ ઑફ યુનિટીના જોઈન્ટ ઝઈ નિલેશ દૂબેએ જણાવ્યું હતું કે ડેમના દરવાજા ખોલવામાં આવ્યા ત્યારબાદ અત્યારસુધીમાં ૨૫,૦૦૦ જેટલા પ્રવાસીઓએ ડેમ અને સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | <u>ડીસા</u> | સુવા | ૧૧૭૬ |
| એરંડા | ૧૦૭૫-૧૦૮૦ | રાયડો | ૬૩૦-૭૩૫ |
| રાયડો | ૭૦૧-૭૦૨ | એરંડા | ૧૦૬૫-૧૦૯૦ |
| ઘઉં | ૩૮૮-૪૨૩ | ઘઉં | ૪૦૦-૪૨૯ |
| બાજરી | ૩૯૦-૪૨૮ | બાજરી | ૩૯૦-૪૧૬ |
| ગવાર | ૭૦૦-૭૯૦ | જુવાર | ૫૩૦ |
| મગફળી | ૯૧૧-૧૦૨૫ | ર.બાજરી | ૩૯૭-૪૦૭ |
| | <u>વાવ</u> | રજકો | ૧૨૦૦-૨૨૦૦ |
| જીરૂ | ૨૩૫૦-૩૧૬૦ | ગવાર | ૭૬૫-૭૮૩ |
| | <u>શિહોરી</u> | <u>થરાદ</u> | |
| એરંડા | ૧૦૮૮-૧૦૯૦ | ૨૦ કિલોગ્રામ | |
| રાયડો | ૬૫૦-૬૯૫ | એરંડા-૧૦૭૦/૧૦૮૪ | |
| ઘઉં | ૩૯૦-૪૨૧ | બાજરી-૩૭૦/૪૦૯ | |
| બાજરી | ૩૮૮-૩૯૭ | જીરુ-૨૫૦૦/૩૨૫૦ | |
| | <u>થરા</u> | ઈશબગુલ-૧૬૫૦/૧૭૮૦ | |
| જીરૂ | ૨૯૦૦-૩૧૦૦ | રાયડો-૭૧૨/૭૩૫ | |
| એરંડા | ૧૦૮૦-૧૦૯૩ | રજકો-૨૦૫૦/૨૭૧૩ | |
| ઘઉં | ૪૦૪-૪૧૬ | ગવાર-૭૪૦/૭૯૫ | |
| બાજરી | ૪૦૦-૪૧૬ | <u>રાહ</u> | |
| જુવાર | ૫૧૦-૬૮૬ | ૨૦ કિલોગ્રામ | |
| | <u>પાટણ</u> | રાયડો -૭૧૦/૭૧૫ | |
| વરી. | ૧૧૫૧ | બાજરી-૩૮૦/૪૦૦ | |

## અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા નવનિયુક્ત આચાર્યનો સન્માન સમારોહ યોજ્યો



પાટણ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી બી કે સાલવી શૈક્ષણિક સંકુલના સાયન્સ, કોમર્સ, આર્ટસ કૉલેજ વિભાગમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંધ સંલગ્ન માધ્યમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા પાટણ જિલ્લામાં નવનિયુક્ત થયેલ આચાર્ય સન્માન સમારોહ યોજાયો જેમા સમગ્ર આયોજક માધ્યમિક શૈક્ષિક મહાસંધ ના હોદેદારો દ્વારા કરેલ તેમા પાટણ જિલ્લામાં સરકારશ્રી દ્વારા પસંદગી થઈ ને લાંબા સમયથી ખાલી પડેલ તેમા નિયુક્ત થઈ અને જિલ્લા ની શાળાઓ ને પૂર્ણ સમયના આચર્યો પ્રાપ્ત થયેલ ત્યારે આચર્યો નો સમગ્ર શૈક્ષિક સંધ દ્વારા પરિચય અને સન્માન કરવામાં આવેલ કાર્યકમ ના અધ્યક્ષપદે ડૉ જે.એચ.પંચોલી મુખ્યમહેમાન ડૉ કાનજીભાઈ પટેલ, ધીરૂભાઈ શાહ, ભીખાભાઈ પટેલ, ડૉ બળદેવભાઈ દેસાઈ શુભ શરૂઆત દીપપ્રાગટય , સરસ્વતી વંદના ભીખાભાઈ પટેલ દ્વારા શૈક્ષિક સંધ નો પરિચય તેમજ તેની સ્થાપના અને શિક્ષણ સંદર્ભ કરેલ કાર્ય ની વિગત આપેલ પાટણ જિલ્લામાં સતત ૨૦૦૮ થી આજ સુધી સતત શિક્ષણ ના પ્રશ્નો નુ નિરાકારણ કરેલ છે ધનરાજભાઈ દ્વારા સંગઠનના નામ જાહેર કરેલ ડૉ કાનજીભાઈ દ્વારા સંચાલક મંડળ દ્વારા પણ સંધ માં સાથે રહી દરેક પ્રશ્નો નુ નિરાકરણ કરીશું તેમજ આ તકે ડૉ જે એચ પંચોલી સાહેબ દ્વારા અધ્યક્ષપદે થી ઉદબોધન કરેલ અને આજ શિક્ષણ જગત ની અંદર વખતો વખત જે સુધારા આવે છે તેની સાથે દરેક પ્રશ્નો નુ નિરાકારણ તેમજ

દેશભકિત અને વ્યક્તિ પોતની ફરજ શું છે ભારત ની ધરતી તો સોનાની ચિડિયા સમાન છે ત્યારેઆ શૈક્ષિક સંધ સંગઠન આગળ વધે અને શિક્ષણ ની ગુણવંતા વધુમાં વધુ સુધરે તેવી અપેક્ષા સેવીયે છીયે અંતે આચર્યો ના પ્રતિભાવ આપ્યા હતા

આ કાર્યકમમાં મોટી સંખ્યામાં શિક્ષકો આચર્યો જોડ્યા હતા અને આભાર વ્યક્ત કરી કાર્યકમ પૂર્ણ કરેલ.

<u>જળશક્તિ અભિયાન અંતર્ગત</u>

## પાટણ જિલ્લાની ૫૧ પ્રાથમિક શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



પાટણ

પાટણજિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા પાણી અને પર્યાવરણ બચાવવા માટે ખૂબ જ મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વન વિભાગના સહયોગથી રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પાટણ જિલ્લાની ૫૧ પ્રાથમિક શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયા.

પાટણ વન વિભાગના નાયબ સંરક્ષકશ્રી જે.એસ. રાજપૂતના માર્ગદર્શનમાં પાટણ વન વિભાગ સાથે સંકલન કરી રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા રાધનપુર તાલુકાની ૦૯, સાંતલપુર તાલુકાની ૦૬, સમી તાલુકાની ૧૧, શંખેશ્વર તાલુકાની ૧૦, પાટણ તાલુકાની ૦૩, સરસ્વતી તાલુકાની ૦૪, ચાણસ્મા તાલુકાની ૦૩ અને સિદ્ધપુર તાલુકાની ૦૫ શાળાઓ મળી પાટણ જિલ્લાની ૫૧ પ્રાથમિક શાળાઓ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્રજલાલ રાજગોરની આગેવાનીમાં વિવિધ ટીમો બનાવી વૃક્ષારોપણની સાથે સાથે શાળાના વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવાના ઉદ્દેશ સાથે માર્ગદર્શન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લાના ૦૮ તાલુકાઓની ૫૧ શાળાઓમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં શાળાના બાળકો, શિક્ષકો, ગામના આગેવાનો સહિતના લોકોએ શાળાઓમાં ૪,૨૫૦ જેટલા વૃક્ષો વાવ્યા હતા. સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૦૮ હજારથી પણ વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. રિલાયન્સ ફાઉન્ડેશનની સહયોગી સંસ્થા વસુંધરા ફાઉન્ડેશન તથા અન્ય સહયોગી કાર્યકર્તાઓ દ્વારા જળશક્તિ અભિયાનને વેગ આપવા મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરી શાળાના બાળકો અને શિક્ષકો તથા ગ્રામજનોએ પર્યાવરણ સંવર્ધનમાં પોતાનું યોગદાન આપ્યું હતું.જળશક્તિ અભિયાન અંતર્ગત લોકોમાં જળસંચય તથા પર્યાવરણ સંવર્ધન અંગે લોકોમાં જાગૃતિ કેળવાય તે હેતુથી રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા જિલ્લાના ૦૮ તાલુકાઓમાં ગ્રામસભાઓ, મહિલા મિટીંગો તેમજ ખેડૂતો સાથે બેઠક યોજી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓના માધ્યમથી લોકજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

## વૃક્ષારોપણની કામગીરીની પ્લાન્ટેશન એપ પર શિક્ષણ વિભાગનું નિરિક્ષણ કરાશે

<u>રાજ્યની સ્કૂલોને ૧૫ ઓગસ્ટ પહેલા ૧ કરોડ વૃક્ષ વાવવાનો ટાર્ગેટ</u>

ગાંધીનગર

દેશ અને દુનિયામાં ગ્લોબલ વોર્મિંગની અસરોને પગલે ક્યાંક વરસાદ તો ક્યાંક અછત જેવી સ્થિતિ સર્જાય છે. જેને લઈને પર્યાવરણનું સંતુલન ખુબજ જરુરી બની ગયું છે. તેવામાં રાજ્યમાં શિક્ષણ વિભાગે પર્યાવરણના સંતુલન માટેનું અનોખુ અભિયાન હાથ ધર્યું છે. અને આગામી ૧૫ ઓગસ્ટ પહેલા રાજ્યની શાળાઓને એક કરોડ ઝાડ વાવવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. જેનું નિરિક્ષણ મોબાઈલ એપ પર કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી શાળાના આચાર્યોને વૃક્ષો વાવવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે. રાજ્યભરમાં ૧૫ ઓગસ્ટ પહેલા ૧ કરોડ વૃક્ષ વાવવાનો ટાર્ગેટ શિક્ષણ વિભાગનો આદેશ છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાની શાળાઓને એક બાળ એક વૃક્ષ અંતર્ગત વૃક્ષ વાવવાનું અભિયાન શરુ કરાયું છે. અને જિલ્લામાં ૧૨ લાખ વૃક્ષ વાવવાનો ટાર્ગેટ અપાયો છે.

સુરત જિલ્લાને ૧૧ લાખ, રાજકોટને ૫ લાખ ૮૪ હજાર જ્યારે વડોદરાને પણ સાડા પાંચ લાખ વૃક્ષ વાવવાનો લક્ષ્યાંક અપાયો છે. તેવી જ રીતે આણંદ, નડિયાદ, ગાંધીનગર, કચ્છ, બનાસકાંઠા, પાટણ સહિત અલગ અલગ જિલ્લાઓને પણ લક્ષ્યાંક આપવામાં આવ્યું છે.

વૃક્ષારોપણની આ કાર્યવાહી પ્લાન્ટેશનના મોબાઈલ એપ પર અપલોડ કરવાની પણ સુચના અપાઈ છે. શાળા દ્વારા કરાયેલ વૃક્ષારોપણની કામગીરીનું પ્લાન્ટેશન એપ પર શિક્ષણ વિભાગ નિરિક્ષણ કરી રહ્યું છે.

## પાટણ જિલ્લા અંડર૧૯ બહેનો ની જિલ્લાની ખોખોની ટુર્નામેન્ટ સાપ્રા ગામે યોજાઈ



પાટણ

પાટણ જિલ્લા અંડર૧૯ બહેનોની જિલ્લાની ખોખો ની ટુર્નામેન્ટ સરસ્વતી તાલુકાના સાપ્રા ગામે યોજાઈ હતી જેમાં શેઠ એમ. પી. મોમીન વિધાલય મેથાણની બહેનોની ખોખો ટીમ જિલ્લામાં દ્વિતીય સ્થાને રહી અને હાઈસ્કુલ ની ૬ બહેનો રાજ્ય માટેની ટુર્નામેન્ટ માટે જિલ્લા ની ટીમ માં પસંદગી પામી રાજ્ય ટુર્નામેન્ટમાં રમવાનું ગૌરવ મેળવી શાળા અને ગામનું ગૌરવ વધારેલ છે ખેલાડી બહેનો કેપ્ટન હેતલ ઠાકોર અને કોચ એસ.બી. પટેલ સહ કોચ વિષ્ણુજીને શાળાના આચાર્ય એમ.આઇ. પઠાણે અને મેથાણ જૂથ કેળવણી ઉત્તેજક મંડળના મંત્રી સદરૂદીન અને સદસ્યોએ અભિનંદન આપી રાજ્ય માં વિજેતા થવા ની શુભેચ્છા ઓ આપી.

## કનોડા-ધિણોજ રોડની સાઈડો અને નાળાં તૂટ્યા



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના કનોડા-ધિણોજ ગામના રોડની સાઈડો ઓએનજીસીના વાહનો કારણે તૂટી ગઈ છે. આ વિસ્તારમાં ઓએનજીસીના સંખ્યાબંધ કુવાઓ આવેલા હોઈ વાહનોની દિવસ અને રાત હેરાફેરી રહેતી હોઈ રોડનાં ત્રણ જેટલા નાળાં તૂટી ગયા છે. અને પાણી ભરાઈ રહેતાં રોડની સાઈડ ધોવાઈ ગઈ છે.

આ અંગે ગામનાં મહિલા સરપંચ ક્રિષ્નાબેન સાહરભાઈ દેસાઈએ જણાવ્યું કે, કનોડા અને ધિણોજ વિસ્તારમાં ઓએનજીસીના અનેક કુવાઓ આવેલા છે. જ્યાં ઓઈલના ટેન્કરોની સતત અવરજવર રહેવાથી કનોડાથી ધિણોજ ગામને જોડતો અડધો કિલોમીટરનો રોડ સાવ તૂટી ગયો છે. નાળાં તૂટી જવાથી રોડ પર ઢીંચણસમાન પાણી ભરાઈ જાય છે. આ પાણી રોડ ઉપરથી પસાર થતું હોઈ રોડની સાઈડોમાં ગાબડાં પડ્યાં છે., જેના કારણે અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. આ રસ્તો જીલ્લા મથક મહેસાણા જવાનો ટંકો રસ્તો હોઈ ગામલોકો ઉપયોગ કરતા હોય છે. પરંતુ આજે પાણી ભરાઈ જતાં ગામલોકોને ફરીને જવું પડે છે. ઓએનજીસીના ભારેખમ વાહનો પસાર થવાના કારણે રસ્તાની દુર્દશા થઈસાથેગઈ છે. આ રસ્તો નવેસરથી બનાવવા તેમજ નાંળા પાણીનો નિકાલ થાય તેવા બનાવવા માગ છે.

## પાટણમાં જન્મદિવસને વૃક્ષારોપણ કરીને ઊજવ્યો



પાટણ

શ્રી બી ડી સાર્વજનિક વિધાલયમાં શિક્ષક તરીકે સેવા બજાવતા ઓધારભાઈ દેસાઈ (જાલમોર કાંકરેજ ) વૂક્ષોબચાવો અભિયાન અને રવીન્દ્રનાથ ટાગોર ની કેળવણીથી પ્રેરણા લઈ પ્રકુતિની સેવા કરવાના ઉમદા વિચારોથી પ્રેરાઈ પ્રુથ્વી બચાવવા જંગલ બચાવો વ્રુક્ષોની સેવા ઉછેરએ પોતે મહાન સેવા માને જ્યારે બી.એડ કૉલેજમાં નોકરી દરમ્યાન અનેક વૂક્ષો ઉછેર કર્યો ત્યારે પણ તેમના વિધાર્થીઓને વ્રુક્ષારોપણ નું મહત્વ સમજવામાં પણ સમય ભોગ આપે છે ત્યારે આજ એકાદશી ના તેમજ ૧૧ ઓગસ્ટ છોડ વાવી તેને ઉછેર ના સંકલ્પ સાથે જન્મદિવસ ઉજવાયો હતો સાથે સામજિક સેવાઓમાં પણ અથાગ પ્રયત્ન કરીશ અને શિક્ષણસેવા આરોગ્યસેવા સાથે જોડાયેલ છે ત્યારે ૧૧ ઓગસ્ટ તેમના જન્મદિવસ ને વ્રુક્ષારોપણ કરી ને ઉજવાયો હતો આ તકે ઓધારભાઈ દેસાઈ જણાવેલ કે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી તેનો જીવનમાં કઈ રીતે ઉપયોગ કરવો આપણું જીવન અન્ય પશુ પક્ષી માણસ ની સેવા વૂક્ષો ની સેવા કરી હું મારા જન્મદિવસ જ નહીં પણ રોજ આ રીતે મારા જીવન ના કર્યો છે તો હું આ પ્રવુતિ ટકાવી રાખીશું આ વૂક્ષો વાવો તે અંગે અને જળ જાગ્રુતિની પ્રેરણા ને આભારી છે

## શંખલપુર ખાતે તાલુકા કક્ષાનો ૭૦મો વન મહોત્સવ યોજાયો

ચાણસ્મા

બહુચરાજી તાલુકા કક્ષાનો ૭૦ મો વન મહોત્સવ શંખલપુર ગામે ટોડા બહુચરાજી માતાજી મંદિર પરિસરમાં ધારા સભ્ય ભરતજી ઠાકોર નાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ટોડા ટ્રસ્ટના ચેરમેન કાળીદાસ પટેલ, મંત્રી અમૃતભાઈ પટેલ, યુવા અગ્રણી પરેશભાઈ પટેલ, તા.પં.ના સંજયભાઈ પ્રજાપતિ, પ્રગતિશીલ ખેડૂત પ્રહલાદજી ઠાકોર રેન્જફોરેસ્ટ ઓફિસર કે.બી. પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રાસંગિક ઉદબોધનમાં ધારા સભ્ય ભરતજી ઠાકોરે જણાવ્યું કે, આઝાદીબાદ વિકાસની આંધળી દોટમાં રોડ-રસ્તા, રહેણાંક અને ઔદ્યોગિક હેતુ સહિતના ભૌતિક વિકાસ માટે આડેધડ વૃક્ષો કાપી પર્યાવરણનો સત્યાનાશ વાળી નાખવામાં આવ્યો છે. જેના દુષ્પરિણામ આજે આપણે ભોગવી રહ્યા છીએ. વરસાદનું ઋતુચક્ર ખોરવાઈ ગયું છે. ગ્લોબલ વોર્મિંગ વૈશ્વિક પડકાર બની ચૂક્યો છે. ત્યારે પર્યાવરણને બચાવવું હોય તો માત્રને માત્ર વૃક્ષારોપણ જ એક ઉપાય છે. દરેક વ્યક્તિ જીવનમાં ગમેતે બહાને તે પછી જન્મ દિવસ હોય, લગ્નતિથિ હોય, સ્વજનની પુણ્યતિથિ ઓય એક વૃક્ષનો અચૂક ઉછેર કરીશું તોજ આવનારી પેઢીને બચાવી શકીશું. દોઢ લાખથી વધુ વૃક્ષો ઉછેરી ચૂકેલા વૃક્ષપ્રેમી દિનેશ જોષીએ વૃક્ષ માનવજીવન સાથે કેવી રીતે સંકળાયેલું છે તેના વિશે સમજ આપી હતી. ફોરેસ્ટર ભાવેશભાઈ રબારીએ વૃક્ષનું મહત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. પંથકમાં ચાલુ વર્ષે હજારથી વધુ વૃક્ષોનું દાન કરી ઉછેર કરાવનાર હિતેન્દ્રભાઈ શાહ દંપતીનું બહુમાન કરાયું હતું. કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં

## પાટણની બી ડી સાર્વજનિક વિધાલયમાં જળસંચય અને વૃક્ષારોપણ કાર્યકમ યોજાયો



પાટણ

શ્રી બી ડી સાર્વજનિક વિધાલયમાં ઈકોક્લબ અને એન.એસ.એસ (NSS) વિભાગ ના સંયુક્ત ઉપક્રમે શાળામાં એક બાળ એક વ્રુક્ષ કાર્યકમ અંતર્ગત પાટણ સાર્વત્રિક વરસાદ થયેલ છે શાળાના સમગ્ર સંકુલમાં વૂક્ષો વાવવામાં આવ્યા સાથે દરેક બાળક ને છોડ આપી તેમના ઘરે ઉછેર કરે અને તેને આંતરિક ગુણાકાર પણ આપીશું તેવી બાબત થી પ્રોત્સાહન આપી વૂક્ષો નો મહિમા સમજાવી આ કાર્યકમ યોજવામાં આવ્યો સાથે સાથે સરકારની અસરકારક યોજના જળસંચય કાર્યકમ ને પણ આગળ વધારી શાળામાં વરસાદનું પાણી ભૂગર્ભ ટાંકીમાં ઊતારી આ પાણી વર્ષ સુધી શાળાના બગીચા અને વૂક્ષોના ઉછેરમાં આપવામાં આવે છે સાથે સાથે વિશાળ મેદાનમાં એકત્ર થયેલ પાણી સંકુલમાં આવેલ જૂના કૂવા મારફત જમીનમાં ઉતરવામાં આવે છે શાળાને મંડળ દ્વારા પણ વેસ્ટ વોટર પ્રોજેક્ટમાં સમવેશ કરી આ પ્રવુતિને વેગ આપવામાં આવેલ છે તેમજ શાળાના દરેક બાળક ને જળ એ જીવન વિશે સમજ આપી વધારેમાં વધારે જળ સંગ્રહ અને સિંચન કરી શકાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે આ સમગ્ર પ્રવુતિ ઈકોક્લબમાં શિક્ષક શ્રી પ્રવીણસિંહ અને એન.એસ.એસ શિક્ષક ઓધારભાઈ દેસાઈ દ્વારા આજ વિશિષ્ટ વૂક્ષો અને જળ જાગ્રુતિ કાર્યકમ કરવામાં આવેલ આ તકે શાળાના વડા ડૉ બી આર દેસાઈ દ્વારા બંને પ્રવુતિઓ ને પૂર્ણ સહકાર આપેલ અને કાર્યકમમાં ઉપસ્થિત રહેલ સાથે સાથે એલ એન કે બી.એડ કૉલેજના તાલીમાર્થીનો પણ સહકાર રહેલ તેમને તમામ ને અભિનંદન આપેલ.

